અરજીમાં આગળ વાંચવામાં આવ્યું હતું કે વ્હિસલબ્લોઅર પાસેથી કથિત રૂપે મેળવેલ ઈમેલ, તેની રાજકીય રીતે સંવેદનશીલ નિમણૂક પહેલા તેની પત્નીના નામમાંથી સંપત્તિ ખસેડવાનો પ્રયાસ સૂચવે છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, "પછીથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ, માધાબી બુચના ખાનગી ઈમેલને સંબોધવામાં આવ્યું હતું, જેમાં GDOF સેલ ૯૦ (IPEplus ફંડ ૧) સહિતની રચનાની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવી હતી - તે જ મોરેશિયસ-રજિસ્ટર્ડ સેલ કથિત રીતે વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવાય છે."

# મહારાષ્ટ્રમાં સમુદાયના વિભાજનને પ્રોત્સાહન આપવા અને હિંસા ભડકાવવા માટે કાલીચરણના ભડકાઉ ભાષણ : CJPએ તાત્કાલિક પગલાં લેવા હાકલ કરી

### નાસિકમાં આપેલા ભાષણમાં કાલીચરણે તેની વિભાજનકારી વિચારધારા ફેલાવવા માટે મુસ્લિમો વિરૂદ્ધ વિચિત્ર અને વાંધાજનક દાવા કર્યા છે અને ભારતના ભૂતકાળ તેમજ મહારાષ્ટ્રના પ્રિય નેતાઓના ઈતિહાસને વિકૃત કરીને મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ હિંસાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે

(એજન્સી) તા.૧૩

સીટીઝન્સ ફોર જસ્ટીસ એન્ડ પીસ દ્વારા નાસિક મહારાષ્ટ્રના પોલીસ અધિક્ષક અને કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ધાર્મિક ઉપદેશક કાલીચરણ મહારાજ વિરુદ્ધ ૨૮ મે, ૨૦૨૪ના રોજ નાસિક, મહારાષ્ટ્રમાં એક કાર્યક્રમમાં ઉશ્કેરણીજનક ભાષણ આપવા બદલ ફરિયાદ મોકલવામાં આવી હતી. હિંદુત્વવોચ દ્વારા ૩૦ મે, ૨૦૨૪ના રોજ અપલોડ કરાયેલા વીડિયો મુજબ, કાલીચરણ મહારાજ, ઉર્ફે અભિજીતધનંજય સરગ, તેની વિભાજનકારી વિચારધારા ફેલાવવા માટે મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ વિચિત્ર અને અપમાનજનક દાવાઓ કરતું ભાષણ આપ્યું હતું. આ ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, કાલીચરણે ભારતના ભૂતકાળ તેમજ મહારાષ્ટ્રના પ્રિય નેતાઓના ઈતિહાસને વિકૃત કરીને મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ હિંસાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે. તેના ભાષણ દ્વારા, તેણે ભીડને 'જેહાદ'ના નામે નકલી કથાઓ રજૂ કરીને મુસ્લિમ સમુદાય સામે હિંસા ઉશ્કેરવા માટે ઉશ્કેર્યા હતા, અને સામૂહિક હિંસાને પ્રોત્સાહન આપવા માટે મુસ્લિમો દ્વારા હિંદુ મહિલાઓ વિરુદ્ધ કરવામાં આવતા અપ્રમાણિત સંખ્યાબંધ ગુનાઓ અંગે વાત કરી હતી અને હિન્દુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરી છે. વધુમાં, તેણે ઉશ્કેરાયેલી ભીડને મુસ્લિમ




સમુદાયને કલંકિત કરીને મુસ્લિમ સમુદાયના ભારતને મુસ્લિમ રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવાના ઈરાદા અંગે શંકાઓ દર્શાવી હતી.

ફરિયાદમાં કાલીચરણ દ્વારા કરવામાં આવેલા ભાષણની ટ્રાન્સક્રિપ્ટ પણ આપવામાં આવી છે, જેમાં "લવ જેહાદ, લેન્ડ જેહાદ, વસ્તી જેહાદ જેવા મુદ્દાઓ છે. તેણે કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાંથી તમામ આતંકવાદી સંગઠનોને દૂર કરો. અને જુઓ દરેક આતંકવાદી મુસ્લિમ છે. બધા આતંકવાદીઓ મુસ્લિમ કેમ છે? અને ૫ લાખ હિંદુ મહિલાઓ પર મુસ્લિમો દ્વારા ગેંગરેપ કરવામાં આવ્યો હતો. ૫૦-૧૦૦ લોકોએ એક મહિલા પર બળાત્કાર કર્યો હતો. ગળું કાપીને ફેંકી દીધું હતું અને આને તેઓ હલાલ કહે છે.

કાલીચરણ દ્વારા આપવામાં આવેલા ઉશ્કેરણીજનક ભાષણમાંથી વિવાદાસ્પદ નિવેદનો અંગે કહેવામાં આવ્યું છે કે આ પહેલીવાર નથી કે જ્યારે કાલીચરણે મુસ્લિમોને નિશાન બનાવીને અને મહારાષ્ટ્રમાં નફરત ફેલાવવા આવું દ્વેષપૂર્ણ ભાષણ આપ્યું હોય. ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન સમગ્ર મહારાષ્ટ્રમાં કાલીચરણ દ્વારા દ્વેષપૂર્ણ ભાષણોની ભૂતકાળની ઘટનાઓ તરફ ધ્યાન દોરતા, તેમાં નોંધ્યું હતું કે તે ભાષણોમાં કાલીચરણને મુસ્લિમો વિરુદ્ધ હિંસાની હિમાયત કરતા અને તેમને દેશદ્રોહી અને આતંકવાદી કહેતા સાંભળવામાં આવ્યા હતા અને કુરાન વિશે વિવાદાસ્પદ દાવાઓ કરવામાં આવ્યા હતા. આ ફરિયાદમાં જણાવાયું છે કે તેની આવી અજ્ઞાનભરી ટિપ્પણીઓ ભારતની શાંતિ, એકતા અને અખંડિતતા માટે ગંભીર ખતરો હોવા ઉપરાંત, આપણી વસ્તીના નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો, મુસ્લિમો વિરૂદ્ધ નફરત અને અવિશ્વાસ ફેલાવવા માટે છે. આ પૃષ્ઠભૂમિને જોતાં, ફરિયાદમાં કહ્યું હતું કે કાલીચરણ દ્વારા આપવામાં આવેલ ભાષણ પર કાર્યવાહી કરવામાં આવે અને આપણા દેશમાં લઘુમતી સમુદાયની સલામતી માટે સમસ્યા ઊભી કરી શકે તેવા શબ્દો ઉચ્ચારવા બદલ તેના પર ગુનાહિત કલમો સાથે કેસ કરવામાં આવે તે આવશ્યક છે. વધુમાં, ફરિયાદીએ પોલીસને અનુરોધ કર્યો હતો કે તે અમને સંબંધિત કલમના આધારે આ કેસમાં થયેલ પ્રગતિ અને કાર્યવાહીથી વાકેફ રાખે.

# નિધી યાદવ કે જેણે ઉચ્ચ પગારવાળી કોર્પોરેટ નોકરી છોડી, ઘરેથી બનાવી રૂા.૩૦૦ કરોડની કંપની, IIT, IIMમાંથી નથી, તેમનો બિઝનેસ છે

(એજન્સી) તા.૧૩

કેટલાક લોકો તેમની કારકિર્દી અધવચ્ચે બદલી નાખે છે અને આ જોખમને કારણે તેમને મોટી સફળતા મળે છે. આવી જ એક પ્રેરણાદાયી સફળતાની વાર્તા નિધિ યાદવની છે. ડેલોઈટમાં કામ કરતી નિધિએ ફેશનના ક્ષેત્રમાં આવવાનું સપનું જોયું. આ ક્ષેત્રમાં અનુભવ મેળવવા માટે તેણે ફ્લોરેન્સની પોલિમોડા ફેશન સ્કૂલમાં એક વર્ષનો કોર્સ પણ કર્યો હતો. તેણીને ઇટલીમાં નોકરી મળી પરંતુ તે તેના પરિવાર સાથે રહેવા ભારત આવી. ૨૦૧૪માં તેણે માત્ર ૩.૫ લાખ રૂપિયાના રોકાણ સાથે aks નામની કંપની શરૂ કરી. કંપનીનું વિઝન ૧૮થી ૩૫ વર્ષની વય જૂથની મહિલાઓને



પરવડે તેવા ભાવે સમકાલીન વંશીય વસ્ત્રો પ્રદાન કરવાનું છે. પાંચ વર્ષ પછી કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂા.૧૦૦ કરોડથી વધુની આવક મેળવીને એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યું. આ પછી ૨૦૧૪માં કંપનીની આવક વધીને ૧.૬૦ કરોડ રૂપિયા થઈ ગઈ. બીજા વર્ષે તે રૂા.૮.૫૦ કરોડની કંપની બની. ૨૦૧૮માં કંપનીની આવક વધીને ૪૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે ૨૦૨૧ સુધીમાં aksએ રૂા. ૨૦૦ કરોડથી વધુની આવક મેળવી હતી. એક ઈન્ટરવ્યુમાં નિધિએ જણાવ્યું કે કંપનીએ ૨૦૨૩-૨૦૨૪માં ૫૦૦ કરોડ રૂપિયાની આવક મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે. કોવિડ કંપની માટે તકો અને સમસ્યાઓ લાવ્યો. ઉત્પાદન બંધ હોવાથી અને તેઓ તેમના કર્મચારીઓને પગાર ચૂકવવા માંગતા હોવાથી, તેઓએ માસ્ક અને PPE કીટ બનાવવાનું શરૂ કર્યું. તેણે ભાઈ-બહેનનું કલેક્શન બનાવવાનું પણ શરૂ કર્યું જે સફળ રહ્યું.

# કલ્પના સરોજ જેમના ૧૨ વર્ષની ઉંમરે લગ્ન થઈ ગયા, ઘરેલુ હિંસાનો સામનો કરવો પડ્યો, બે રૂપિયા કમાયા, હવે તેમની કુલ સંપત્તિ ૯૦૦ કરોડ રૂપિયા છે

(એજન્સી) તા.૧૩

જીવનના સૌથી નીચલા સ્તરથી ઉઠીને સૌથી મોટી ઉંચાઈઓ સુધી પહોંચનારી સ્વ-નિર્મિત મહિલાઓ સૌથી પ્રેરણાદાયક લોકો છે જેમને તમે ક્યારે મળી શકો છો, આવી જ એક પ્રેરક સફળતાની વાર્તા કલ્પના સરોજની છે, જે હાલમાં દેશની પ્રસિદ્ધ ઉદ્યમીઓએ વ્યવસાયી મહિલાઓમાંથી એક છે અને કામાની ટ્યુબ્સ નામની એક બહુ કરોડ કંપનીનું નેતૃત્વ કરે છે. પરંતુ કલ્પનાનું જીવન હંમેશા ખુશહાલ ન હતું તે બાળવિવાહની શિકાર રહી અને માત્ર ૧૨ વર્ષની ઉંમરમાં તેમને બાળવધુ બનવા પર વિવશ થવું પડયું જેમનાથી તેમના શિક્ષણમાં અડચણ ઉભી થઈ. મહારાષ્ટ્રમાં એક પોલીસ કોન્સ્ટેબલની દિકરીને તેના પતિના પરિવાર સાથે મુંબઈની એક



ઝૂંપડીમાં રહેવા માટે વિવશ થવું પડયું. તે પોતાના સાસરી પક્ષ દ્વારા શારીરિક અને માનસિક શોષણનો શિકાર થઈ અને પછી તેના પિતાએ તેને બચાવી. પછી તેને તેના ગામના લોકોએ બહિષ્કૃત કરી દીધી. આ બધી વાતોથી તેણે ઓછી ઉંમરમાં જ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો, જો કે તે પરત આવી અને પોતાના પરિવારના ગુજરાન માટે ૧૬ વર્ષની ઉંમરમાં કમાવવા લાગી, તેણે બે રૂપિયાની મજુરી માટે કાપડ મિલમાં કામ કર્યું. હોજીયરી સ્ટોરમાં અનેક મહિના વિતાવ્યા પછી તેમણે ૧૯૯૦ના દશકના મધ્યમાં પોતાનો વ્યવસાય સ્થાપિત કર્યો. ત્યાર બાદ કલ્પનાએ કે.એસ. ફિલ્મ પ્રોડકશન નામથી એક પ્રોડકશન હાઉસ શરૂ કર્યું, જે તેલુગુ, અંગ્રેજી અને હિન્દી ફિલ્મો રીલીઝ કરતું હતું. તેમણે સંપર્ક બનાવી ઉલ્હાસનગરમાં ૫૦,૦૦૦ રૂપિયાના રોકાણથી એક સામાન્ય ફર્નિચર વ્યવસાય શરૂ કર્યો. હાલમાં સરોજની કંપની ૧૦૦ કરોડ રૂપિયાથી વધુમાં મહેસુલ કમાય છે. જ્યારે તેમની વ્યકિતગત સંપતિ અને નેટવર્થનું મુલ્ય ૧૧૨ મિલિયન અમેરિકન ડોલર અથવા ૯૧૭ કરોડ રૂપિયાથી વધુ છે.

### અમદાવાદમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત વિશાળ તિરંગા યાત્રાનું અમિત શાહે કરાવ્યું પ્રસ્થાન

# ભારતને સમગ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે નંબર-વન બનાવવાના પુરૂષાર્થ માટે તિરંગા યાત્રાનું આયોજન

## નરેન્દ્ર મોદી-શાહે દેશને સુરાજ્ય અપાવીને વિકાસની રાજનીતિનો ઈતિહાસ રચ્યો : સીએમ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૩

અમદાવાદમાં આજે 'હર ઘર તિરંગા અભિયાન'ની શરૂઆત થઈ ગઈ છે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું, આ તિરંગા યાત્રા વિરાટનગર ફૂવારા સર્કલથી નિકોલ ખોડિયાર મંદિર સુધી નીકળી હતી. આ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રી ઋષિકેશ પટેલ, અને અમદાવાદના મેયર પણ ઉપસ્થિત રહ્યાં હતા. ભવ્ય તિરંગા યાત્રાની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યના ચાર મહાનગરોમાં તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. આજે ૧૩મી ઓગસ્ટે અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રાની રેલી નીકળી હતી. આ રેલીમાં વિવિધ ટેબ્લો પ્રદર્શિત કરાશે. અમદાવાદ અને સુરતમાં પોલીસ, અર્ધલશ્કરી દળ અને સેનાના જવાનો આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રાને લઈને રસ્તા બંધ રખાયા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા પ્રધાન અમિત શાહે, તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે સંબોધન કરતા કહ્યું કે, આજે હર ઘર તિરંગા એક કાર્યક્રમના પ્રચાર અને પ્રસાર માટે તિરંગા યાત્રાનું આયોજન દરેક જિલ્લા મથકે કરાયું છે.જે સમગ્ર દેશમાં જુવાનિયામાં ઉર્જા ભરવાનું કામ કરે છે. દેશભક્તિની અભિવ્યક્તિ નહીં, ૨૦૪૭માં વિકસીત ભારતના સંકલ્પનો એક ભાગ બન્યું છે. ૧૫મી ઓગસ્ટે દરેક જગ્યાએ તિરંગો ફરકે અને વાતાવરણ તિરંગામય બને. નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ માટે ૩ લક્ષ્યાંક રાખ્યા હતા. આઝાદીના લડતનો ઈતિહાસ યાદ કરાવવો. ૭૫ વર્ષમાં દેશે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓથી અવગત કરાવવા અને ૭૫થી ૧૦૦ વર્ષની આ યાત્રા દેશના વિકાસ સાથે જોડાઈ ભારતને સમગ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રે નંબર ૧ બનાવવાનો પુરુષાર્થ કરવા માટે આયોજન કરાયું હોવાનું જણાવતા તેમણે જણાવ્યું હતું કે મેડમ ભિખાજી કામાએ પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. તેમની આજે પુણ્યતિથી છે. તેમને આદરજંલિ અર્પીએ. આઝાદીના ૧૦૦ વર્ષે ભારત સંપૂર્ણ વિકસિત મહાન દેશ હોય. દરેક ક્ષેત્રે નેતૃત્વ ભારત કરતું હોય તેવા સંકલ્પને સિદ્ધિ સુધી પહોચાડવાનું છે. ૧૦ વર્ષમાં અનેક ક્ષેત્રે વિશ્વને અંચબિત કરનાર સિદ્ધિ ભારતે પ્રાપ્ત કરી છે. ચંદ્ર પર કોઈ ના પહોચ્યું હોય તે જગ્યાએ ભારતનો તિરંગો લહેરાવ્યો છે. સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી દુશ્મનના દાંત ખાટા કરી દીધા છે. કોરોનાકાળમાં બે રસી વિનામૂલ્યે આપીને માનવ જીંદગી બચાવી છે. મહાત્મા ગાંધીની સમાધિસ્થળે વિશ્વના અનેક નેતાએ એક જ સમયે અંજલિ આપી હતી. વિશેષ કરીને યુવાનોએ આગળ આવવાની હાકલ કરતા અમિત શાહે કહ્યું કે, જે ક્ષેત્રમાં કામ કરતા હોય તે ક્ષેત્રે શ્રેષ્ઠ આપવું. દરેક જગ્યાએ તિરંગો ફરકાવીને રાષ્ટ્ર ભક્તિ જાગૃત કરીએ. દેશમાં ખાદીનો ઉપયોગ વધે તે માટે વડાપ્રધાને અપિલ કરી છે. ખાદી ફોર ફેશન ખાદી ફોર નેશન દ્વારા ખાદી દ્વારા રોજગારી વધે તે માટે પ્રયાસ કર્યો છે. તિંરગા યાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રેરણા આપી છે. આઝાદી માટે શહીદ થનારા સૌ માટે આદર થાય તે માટે આ તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. તિરંગો ફરકાવી આઝાદીના ૧૦૦માં વર્ષે વિકસીત ભારત માટે યોગદાન આપવાનું છે.ગુલામીકાળમાં ગુજરાતની માટીના બે સપૂત મહાત્મા ગાંધી અને સરદાર પટેલે આપણને સ્વરાજ અપાવ્યું તેવી જ રીતે, ગુજરાતના બે સપૂતે નરેન્દ્ર મોદી અને અમિત શાહે દેશને સુરાજ્ય અપાવ્યું છે. વિકાસની રાજનીતિનો ઈતિહાસ રચ્યો છે. હર ઘર તિરંગા અભિયાન દ્વારા નેશન ફસ્ટની ભાવના જનજનમાં જગાડવાની છે. આપણે તિરંગા યાત્રા દ્વારા દેશને વિકાસપથ પર આગળ લઈ જવા કટીબદ્ધ થવાનું છે.



# ધોરણ-૧૦ અને ૧૨ની ગુણ ચકાસણીનો રિપોર્ટ અપલોડ કરાયો

## જે વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થયો હશે તેમને નવી માર્કશીટ મળશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૩

શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં પૂરક પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણીની કાર્યવાહી માટે અરજીઓ મંગાવી હતી. અરજીઓ મળ્યા બાદ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટેના આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ જાહેર કર્યો છે. બોર્ડની વેબસાઈટ પર રિપોર્ટ મુકવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પૂરક પરીક્ષા લેવામાં આવ્યા બાદ તાજેતરમાં ૨૯ જુલાઈના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરાયા બાદ ગુણચકાસણી કરાવવા માંગતા વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૦માં ૩૫૫, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૪૩ અને ધોરણ-૧૨ સાયન્સમાં ૪૦૦ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૦૯૮ વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે બોર્ડ સમક્ષ અરજી કરી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટે મળેલી અરજીઓ બાદ ગુણ ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચકાસણી બાદ થયેલા આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ મંગળવારના રોજ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન મૂકવામાં આવ્યો છે. જેથી અરજી કરનારા ઉમેદવારે પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ પરથી ૨૩ ઓગસ્ટ સુધીમાં તેમના દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો એન્ટર કરીને ઓનલાઈન ડાઉનલોડ કરવાનો રહેશે. ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલો હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક અને પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળઓએ સુધારેલા ગુણપત્રક અને પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલા ગુણપત્રક અને પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચરી સંબંધિત પરીક્ષા શાખામાં જમા કરાવવાના રહેશે. ઉમેદવારોએ ગુણચકાસણી રિપોર્ટ ફકત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતિ અમલમાં નથી.

### અમદાવાદ શહેરમાં આરોગ્ય વિભાગની કાર્યવાહી

# સ્કૂલોમાં ચેકિંગ દરમિયાન મચ્છર બ્રીડિંગ મળતા નોટિસ આપી દંડ ફટકારાયો

## ● બોપલની એક સ્કૂલ સીલ કરાઈ ● ૫૪ સ્કૂલોને ૧ હજારથી ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૩

અમદાવાદ રોગચાળો વર્કયો છે. ત્યારં અમદાવાદ મ્યુનિસિપોલ કોર્પોરેશનના આરોગ્ય એકશનમાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. સ્કૂલોમાં ચેકિંગ દરમિયાન મચ્છર બ્રીડિંગ મળી આવતા સ્કૂલોને નોટિસ આપીને દંડ કરવામાં આવ્યો છે. એક સ્કૂલને સીલ પણ કરવામાં આવી જેથી હવે ખાનગી સ્કૂલો દ્વારા વાલીઓને મેસેજ કરીને બાળકોને મચ્છરથી બચવા ફૂલ સ્લીવના કપડા પહેરીને સ્કૂલે મોકલવા જણાવવામાં આવ્યું છે. રોગચાળો વધતા AMC દ્વારા સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી સ્કૂલોમાં જ મોટાભાગે ચેકિંગ દરમિયાન ૫૪ સ્કૂલોમાં મચ્છરના બ્રીડિંગ મળી આવ્યા હતા. મચ્છરના બ્રીડિંગ મળતા સ્કૂલોની નોટિસ આપવામાં આવી હતી. સ્કૂલોને ૧ હજારથી ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. બોપલની એક સ્કૂલને સીલ પણ કરવામાં આવી છે. સ્કૂલો સામે કાર્યવાહી થતાં અને બાળકો રોગચાળાનો ભોગ ના બને તે માટે હવે સ્કૂલોએ પણ વાલીઓ માટે મેસેજ જાહેર કર્યો છે. શહેરની પશ્ચિમ વિસ્તારની સ્કૂલોના વિદ્યાર્થીઓના વાલીઓને મેસેજ કરીને જણાવ્યું છે કે, અત્યારે ચાલી રહેલી વરસાદની સ્થિતિ અને મચ્છરજન્ય રોગોને લઈને વાલીઓએ પોતાના બાળકોને સ્કૂલમાં ફુલ સ્લીવના શર્ટ અને બાળકીઓને ફૂલ લેગીસ પહેરાવીને સ્કૂલે મોકલવા જેથી બાળકોને મચ્છર ના કરડે અને બીમાર ના પડે. તેક અનુરોધ કરવામાં આવ્યું છે.

### ICDS દ્વારા બેનીફિશિયરી મેનેજમેન્ટ સિસ્ટમ-BSMનું લોન્ચિંગ

# રાજ્યની આંગણવાડીઓના પ્રશ્નોના નિવારણ માટે મોબાઈલ એપ કાર્યરત

## આંગણવાડીમાં જોવા મળતી સમસ્યાઓનો હવે ઝડપી ઉકેલ આવશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૩

રાજ્યની આંગણવાડીના બાળકો તથા માતાઓને મળતા તમામ લાભ- સુવિધાઓ ઝડપથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આંગણવાડીઓના પ્રશ્નો-ફરિયાદના ઝડપી ઉકેલ માટે BMS મોબાઈલ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. તાજેતરમાં ગાંધીનગરના જાખોરા ગામ ખાતેથી આ એપનો રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બાળકો અને માતાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર આપી તેમનો સર્વાંગી વિકાસ કરવાના ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલી છે. જેના પરિણામે આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત કોમન બેનીફિશીયરી મેનેજમેન્ટ સિસ્ટમ (બી.એમ.સી.) મોબાઈલ એપ બનાવવામાં આવી છે. આ એપના માધ્યમથી આંગણવાડી કક્ષાએ ઉદભવતી સમસ્યાઓ-પ્રશ્નો જેવા કે, આંગણવાડીની મરામત કે બાંધકામ, માનદવેતન, ગ્રાન્ટના પ્રશ્નો, અનાજ જેવી અન્ય જરૂરી સામગ્રી સમયસર ના પહોંચવી, જેવી બાબતોનો ઝડપી ઉકેલ લાવી શકાશે.

આ એપમાં ટેક હોમ રાશન, હોટ કૂક મીલ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ તેમજ અન્ય પૂરક પોષણને લગતી યોજનાઓ માટે લાભાર્થીઓનાં રજીસ્ટ્રેશન, ઓથેન્ટીકેશન તેમજ વિવિધ સેવાકીય લાભોનાં વિતરણ તેમજ લાસ્ટ માઈલ ટ્રેકિંગ કરવાની સુવિધા પણ વિકસાવવામાં આવી છે. BMS એપ્લિકેશનમાં આઇ.સી.ડી.એસ.ની તમામ યોજનાઓનો લાભ મેળવવા આંગણવાડી કાર્યકર દ્વારા ફક્ત એક જ વખત લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે વારંવાર રજીસ્ટ્રેશન કરાવવું નહીં પડે આ ઉપરાંત લાભાર્થીઓનું ડુપ્લિકેશન ના થાય તે માટે આ એપ્લિકેશનને આરોગ્ય વિભાગનાં ટેકો આઈડી તેમજ ભારત સરકારની 'પોષણ ટ્રેકર' એપ્લિકેશન સાથે જોડવામાં આવનાર છે. આ યોજનાનો લાભ દરેક લાભાર્થીને સરળતાથી મળી રહે તેવા ઉમદા આશયથી ભવિષ્યમાં આ એપને આધાર સાથે પણ લિંક કરવામાં આવશે.

### રાજ્યની બે આઈટીઆઈના નવા ભવનોનું લોકાર્પણ

# કૌશલ્ય નિર્માણ અને કૌશલ્ય અનુરૂપ રોજગાર તકો માટે સરકારનો સંકલ્પ

## બંને આઈટીઆઈમાં મળીને કુલ ૪૦૦ બેઠકોનો વધારો કરાયો : બળવંત સિંહ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતેથી સુરેન્દ્રનગરની આઈ.ટી.આઈ-મુળી અને તાપીની આઈ.ટી.આઈ-કુકરમુંડાના નવનિર્મિત ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાયું હતું. આશરે રૂા.૧૬ કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત આઈ.ટી.આઈ ભવનનું લોકાર્પણ શ્રમ અને રોજગાર મંત્રી બલવંત સિંહ રાજપૂતે કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આઈ.ટી.આઈ-કુકરમુંડામાં ૨૭૬ બેઠકો હતી, જેને હવે વધારીને ૪૩૬ કરવામાં આવી છે. જયારે, આઈ.ટી.આઈ-મુળીમાં અગાઉ ૨૪૦ બેઠકો હતી, તેને વધારીને ૪૮૦ કરવામાં આવી છે. મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિદ્યાર્થીઓનું ઉત્સાહવર્ધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના વિદ્યાર્થીઓના કૌશલ્ય નિર્માણ તેમજ તે કૌશલ્યના અનુરૂપ રોજગારીની પૂરતી તકો પૂરી પાડવા માટે રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. આજે લોકાર્પણ થયેલા નવીન આઈ.ટી.આઈ સાથે સરકારે ગત બે વર્ષમાં ૧૧ અદ્યતન આઈ.ટી.આઈ ભવનનું નિર્માણ કર્યું છે. એટલું જ નહીં, રાજ્યના વધુમાં-વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી તાલીમબદ્ધ કરી શકાય તે માટે આઈ.ટી.આઈની બેઠકોમાં પણ વધારો કર્યો છે.

ગુજરાતમાં દેશની પ્રથમ નવી ટેકનોલોજીને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા માટે નવા અને અદ્યતન અભ્યાસક્રમો ધરાવતી કૌશલ્ય- ધ સ્કિલ યુનિવર્સીટી બનાવવામાં આવી છે. સાથે જ, સ્કિલ બેઝ્ડ શિક્ષણ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા રાજ્યની ૫૫૮ જેટલી આઈ.ટી.આઈમાં ૫૪થી વધુ કોર્ષ શરુ કરાયા છે. ગુજરાતનો યુવાન ક્યાય પાછો ન પડે તે માટે રાજ્ય સરકારે અનેક નવી વ્યવસ્થાઓ કરી રહી છે, તેમ જણાવતા મંત્રીએ ઉમેર્યું હતું કે, ગત ૨૦ વર્ષ દરમિયાન વિશ્વના ૫૦૦ પ્રતિષ્ઠિત ઉદ્યોગો પૈકી ૧૦૦ જેટલા ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે. આ પ્રતિષ્ઠિત ઉદ્યોગકારોને તેમની જરૂરિયાત મુજબનું કૌશલ્યવાન માનવબળ પૂરૂં પાડવા માટે રાજ્ય સરકારે કેટલાક ઉદ્યોગો સાથે MoU કરીને સ્થાનિક યુવાનોને ઘર આંગણે રોજગારી પૂરી પાડી છે. આવા નવતર અભિગમોના પરિણામે ગુજરાતના બેરોજગારી દરમાં ઘટાડો આવ્યો છે. સાથે જ, રોજગાર કચેરીઓ દ્વારા યુવાનોને રોજગાર પૂરો પાડવામાં આજે ગુજરાત દેશમાં પ્રથમ છે.

### વડોદરામાં આયોજિત સંવાદ કાર્યક્રમમાં MOU થયા સંપન્ન

# રાજ્યમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે GETRI અને AEEE વચ્ચે થયા MOU

## બંને સંસ્થાઓની કુશળતા અને સંસાધનો ડિકાર્બોનાઈઝેશન પ્રયાસોને વધારશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૩

ધ ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GETRI) અને ધ એલાયન્સ ફોર એનર્જી એફિશિયન્ટ ઈકોનોમી (AEEE)એ ગુજરાત રાજયમાં ઊર્જા કાર્યક્ષમતા અપનાવવા માટે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. આ સહયોગને ફોર્મલ કરતું સમજૂતી કરાર (MoU) આજે GETRI દ્વારા AEEE અને કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW)ના સહયોગથી વડોદરામાં આયોજિત 'ગુજરાતમાં ઊર્જા કાર્યક્ષમતાને વેગ આપવા પર રાજ્ય સંવાદ" કાર્યક્રમમાં આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. આ સહયોગ રાજયના ટકાઉ વિકાસ લક્ષ્યો અને ડિકાર્બોનાઈઝેશન અને ઉત્સર્જન તીવ્રતા ઘટાડાના વ્યાપક ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ ભાગીદારી ગુજરાતમાં, ખાસ કરીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની પેટાકંપનીઓમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે લાંબા ગાળાના સહયોગ માટે એક માળખું સ્થાપિત કરે છે. MoU ના ભાગ રૂપે, AEEE અને GETRI ઊર્જા કાર્યક્ષમતા નીતિઓને મજબૂત કરવા માટેના કાર્યક્રમો પર સહયોગ કરશે, જેમાં ધિરાણ, માપન અને ચકાસણી; ઊર્જા-કાર્યક્ષમ ઉપકરણોને પ્રોત્સાહન આપવું; માંગ પ્રતિભાવ કાર્યક્રમોમાં સહાય કરવી; અને એનર્જી સર્વિસ કંપની (ESCO) મોડલ્સના ઉપયોગને પ્રોત્સાહન આપવું વગેરેનો સમાવેશ થાય છે. GETRI ટકાઉ ઊર્જા સંક્રમણને ચલાવવા માટે તેની ૧૫ તાલીમ એકમો અને પાવર સેક્ટરમાં કુશળતાનો લાભ લેશે, જ્યારે AEEE ઊર્જા કાર્યક્ષમતા નીતિ સક્ષમતા અને રાષ્ટ્રીય અને રાજય-સ્તરની સંસ્થાઓ સાથેની ભાગીદારીમાં તેનો વ્યાપક અનુભવ લાવશે.

GETRIના ડિરેક્ટર, અલકા યાદવે ઉમેર્યું, 'આ સહયોગ GETRIના મિશન સાથે ગુજરાતમાં ઊર્જા તાલીમ અને સંશોધનથી તેના અવકાશને વિસ્તૃત કરવા માટે વધુ મોટા પાયે ટકાઉ અને પર્યાવરણીય રીતે જવાબદાર ઊર્જા સંક્રમણોને ઉત્પેરિત અને સુવિધા આપવા માટે સંરેખિત છે. GETRI અને AEEEની સંયુક્ત કુશળતા અને સંસાધનો રાજયના ડિકાર્બોનાઈઝેશન પ્રયાસોને વધારશે.' AEEEના પ્રમુખ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ડૉ. સતીશ કુમારે જણાવ્યું હતું કે, 'આ સહયોગ ટકાઉ અને ઊર્જા-કાર્યક્ષમ ગુજરાતના આપણા સહિયારા દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. જાગૃતિ કાર્યક્રમો, માંગ પ્રતિભાવ પહેલ અને ESCO મોડલ્સના પ્રમોશનમાં સંયુક્ત પ્રયાસો દ્વારા, અમે ગુજરાતના ઊર્જા લેન્ડસ્કેપ પર લાંબા ગાળાની અસર બનાવવા અને પર્યાવરણ અને અર્થતંત્ર બંનેને લાભ આપવા માટે નવીન વ્યૂહરચના વિકસાવવાનો લક્ષ્ય રાખીએ છીએ.'

### અનેક રજૂઆતો સામે તંત્રના આંખ આડા કાન

# અમદાવાદના શેલામાં મસમોટા ભૂવાથી સ્થાનિકો ભારે પરેશાન

## ૪૫ દિવસ થઈ ગયા છતાં કામગીરી નહીં

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૩

સ્માર્ટ સિટી અમદાવાદ ખરાં અર્થમાં કેટલું સ્માર્ટ છે તે જોવું હોય તો "શેલા"માં પહોંચવું પડે. શહેરના આ સૌથી વિકસિત એરિયામાં વાહન ચલાવવું એટલે જાણે માથાનો દુ:ખાવો અને આ સ્થિતિ કેમ છે. તેની સાબિતી તો અહીંના આ રસ્તા જ આપી રહ્યા છે. સમ ખાવા પૂરતો એક સારો રસ્તો મળવો મુશ્કેલ છે. પરંતુ, અહીં સૌથી કફોડી સ્થિતિ તો ઓર્કિડ સ્કાયના અને તેની આસપાસ રહેતા રહિશોની છે.

૩૦ જૂનના રોજ અમદાવાદમાં ધોધમાર વરસાદ પડ્યો. અને આ વરસાદમાં શેલાના રસ્તા કઈ હદે ધોવાયા. તે તો આખા ગુજરાતે જોયું. એ મહાકાય ભૂવો પડ્યો હતો. તે જગ્યાએ તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ કરાયું હતું. પરંતુ, એ સમારકામ હજુ ચાલું જ છે. લગભગ ૪૫ દિવસ જેટલો સમય વિતી ચૂક્યો છે. પરંતુ, કામ પૂરું થયુ નથી. દૂર દૂર સુધી કોઈ જ અણસાર નથી વર્તાઈ રહ્યો.છેલ્લાં બે મહિનાથી શેલાથી એસપી રિંગરોડને જોડતો મુખ્ય રસ્તો ભૂવાના કારણે બંધ છે. જ્યારે બીજા રસ્તા તરફ એ હદે ટ્રાફિક જામની સમસ્યા છે કે લોકો ત્રાહિમામ્ પોકારી રહ્યા છે. એમાં પણ રાતના સમયે તો લોકોને કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેવું પડે છે. સમયસર ઘરે કેમ પહોંચવું. તે સૌથી મોટો પ્રશ્ન છે. ઓર્કિડ સ્કાયના ૬૫૦ ફ્લેટ ધારકોની સ્થિતિ કફોડી બની છે. સ્કૂલ બસો પણ. હાલ તો ફ્લેટ સુધી નથી આવી રહી. તંત્ર દ્વારા કોઈ જ કામ ન કરાઈ રહ્યું હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.ન માત્ર ફ્લેટના રહિશો પરંતુ, ૧૫૦ જેટલાં દુકાનધારકો પણ હાલ તો મુશ્કેલીમાં મુકાયા છે. બિસ્માર રસ્તાને લીધે દુકાનોમાં કોઈ ગ્રાહક આવી જ નથી રહ્યા અને એટલે જ તેમના માટે તો. જાણે પડતા પર પાટું જેવી સ્થિતિ છે. પીડા લોકોના અવાજમાં વર્તાઈ રહી છે. પરંતુ, તંત્રના બહેરા કાને આ અવાજ ક્યારે સંભળાશે અને સંભળાશે પણ કે કેમ તે સૌથી મોટો સવાલ છે.

### અમદાવાદ મ્યુ. કોર્પો.નો બ્રિજ પ્રોજેકટ ડિપાર્ટમેન્ટ એક નમૂના સમાન

# સૂચિત પાંજરાપોળ ફલાયઓવર બ્રિજ અંગે વિજિલન્સ તપાસ કરવા કોંગ્રેસની માંગ

## બ્રિજ બનાવવા ગ્રીન કવર તેમજ હરિયાળી ક્રાંતિનું નિકંદન કાઢવાની કોશિષ કરી વિકાસના નામે વિનાસ : વિપક્ષના નેતા

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ મ્યુ. કોર્પો. દ્વારા ભ્રષ્ટાચારી હાટકેશ્વર બ્રિજ લાંબા સમયથી તોડવામાં નથી આવતો બીજી તરફ વર્ષો જુના ઘટાદાર ૮૦ વૃક્ષોને કાપી નવો બ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જેથી અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનો બ્રિજ પ્રોજેકટ ડિર્પા. એક નમુના સમાન બની જવા પામેલ છે આ અંગે અ.મ્યુ.ના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા સીઆરઆરઆઈના નોર્મ્સનો સરેઆમ ભંગ કરેલ છે અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વકરતી જાય છે શહેરના મોટા ભાગના રોડ રસ્તા પર લોકો ટ્રાફિકજામથી લોકો પરેશાન છે. જેના ઉકેલરૂપે લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી અશંત હળવી કરવા બ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવે છે. હાલમાં મ્યુ. કોર્પો. દ્વારા પાંજરાપોળ ક્રોસ રોડથી આઈઆઈએમ સુધી સૂચિત ફ્લાયઓવર બ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જેનાથી ટ્રાફિકની સમસ્યા હળવી નહી પણ વકરવા પામે તેવું અણધડ આયોજન મ્યુ. કોર્પોના બ્રિજ ડિર્પા. દ્વારા કરવામાં આવેલ છે સૂચિત ફલાયઓવર બ્રિજની ૨૭૫ મીટરના નજીકના અંતરે એક બ્રિજ પહેલેથી હયાત છે. જેથી આ ફલાયઓવરની કોઈ તાતી જરૂરિયાત જ નથી તેમજ આ બ્રિજ બનાવવા માટે વર્ષો જૂના ઘટાદાર ૮૦ વૃક્ષોને કાપવાની તજવીજ મ્યુ. તંત્ર દ્વારા કરવામાં આવેલ છે તેમજ સૂચિત ફલાયઓવર બ્રિજના બંને બાજુના સાઈડ રોડની પહોળાઈ માત્ર ૫.૦૦ મીટર જ રાખવામાં આવેલ છે જેને કારણે સાઈડ રોડ પર ટ્રાફિકજામ થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે. આ તમામ બાબતોની સમીક્ષા કરતા એક તરફ અમદાવાદ શહેરમાં ગ્રીન કવર ઓછું છે. ગ્રીન કવર તેમજ હરિયાળી ક્રાંતિ વધારવા માટે મીશન મિલિયન ટ્રી હેઠળ કરોડો રૂા.નો ખર્ચ કરવામાં આવે છે બીજી તરફ ગ્રીન કવર તેમજ હરિયાળી ક્રાંતિનું નિકંદન કાઢવાની કોશિષ કરી વિકાસના નામે વિનાસ આચરવામાં આવે છે જેને કારણે નગરજનોને હાઈકોર્ટનો આશરો લઈ જાહેર હિતની અરજી કરવાની ફરજ પડેલ જે મ્યુ. કોર્પો. તથા સૌનો સાથ સૌનો વિકાસના બણગા ફુકતાં સત્તાધારી ભાજપ માટે શરમજનક બાબત છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય બાબત એ છે કે, સૂચિત ફલાયઓવર બ્રિજ બનાવવા બાબતે કન્સલટન્ટ, તંત્રના અધિકારીઓ, સૂચિત ફલાયઓવર બ્રિજની ડિઝાઈન તથા ટેન્ડર નક્કી કરતી વખતે આ તમામ બાબતો કેમ ધ્યાનમાં ના આવી ? સૂચિત ફલાયઓવર બ્રિજની ડિઝાઈન તથા ટેન્ડર માત્ર એ.સી. ચેમ્બરમાં બેસીને જ નક્કી કરી દેવામાં આવેલ છે તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. સૂચીત ફલાયઓવર બ્રિજનું આયોજન માત્રને માત્ર ભાજપના મળતીયા કોન્ટ્રાકટરના હિતમાં કરવામાં આવ્યુંહોય તેમ સ્પષ્ટ થાય છે જેથી આ બાબતે પુરતી તપાસ કરી જવાબદાર અધિકારી તથા કન્સલટન્ટ સામે પગલાં ભરવા તેમજ સૂચિત ફલાયઓવર બ્રિજની કામગીરી તાકીદે મોકૂફ રાખવા મ્યુ. કમિશનર તથા વિજિલન્સ ઓફિસરને પત્ર લખી માંગણી કરેલ છે.

# યુનિસેફ : ગાઝાની અડધાથી વધુ શાળાઓ પર ઈઝરાયેલ દ્વારા બોમ્બમારો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) એ જણાવ્યું છે કે, પટ્ટીમાં શાળાઓ અને આશ્રયસ્થાનોની સલામતી અંગે તાકીદની ચિંતાઓ ઊભી કરીને ગાઝામાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓની ૫૦ ટકાથી વધુ શાળાઓ પર ઈઝરાયેલી કબજેદાર દળો દ્વારા બોમ્બમારો કરવામાં આવ્યો છે. શનિવારના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં, યુનિસેફે અલ-તાબેઈન સ્કૂલ પર ઈઝરાયેલી સેનાના બોમ્બ ધડાકાની નિંદા કરી, જેના પરિણામે ૧૦૦થી વધુ લોકોનાં મોત અને ડઝનેક લોકો ઘાયલ થયા. તેણે હુમલાને ભયંકર ગણાવ્યું અને નોંધ્યું કે, તેણે એવા સ્થાનને નિશાન બનાવ્યું હતું જ્યાં બાળકો અને પરિવારો માને છે કે તેઓ સુરક્ષિત છે.

યુનિસેફે ટ્વિટર પર એક નિવેદનમાં જણાવ્યું હતું, આજે સવારે ગાઝાની એક શાળા પર વિસ્થાપિત લોકોને આશ્રય આપતા બીજા હુમલાના ભયાનક અહેવાલો, જ્યાં બાળકો સુરક્ષિત હોવાનું માનવામાં આવતું હતું, ત્યાં માર્યા ગયા અને ઘાયલ થયા.

સંસ્થાએ શાળાઓ અને આશ્રયસ્થાનોને સુરક્ષિત રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જાહેર કર્યું: શાળાઓ અને આશ્રયસ્થાનો પર હુમલો થવો જોઈએ નહીં. બાળકોને સુરક્ષિત રાખવાની જરૂર છે. યુનિસેફે એ પણ પ્રકાશિત



કર્યું કે છેલ્લાં દસ મહિનામાં, ગાઝામાં આશ્રયસ્થાનો તરીકે ઉપયોગમાં લેવાતી અડધાથી વધુ શાળાઓ પર સીધો બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો છે, જેના પરિણામે બાળકો અને પરિવારો માટે ગંભીર પરિણામો આવ્યા છે. શનિવારની શરૂઆતમાં, ઈઝરાયેલી દળોએ ગાઝા પર ઘાતક હુમલો કર્યો, જેમાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા અને ડઝનેક વધુ ઘાયલ થયા. આ હુમલો ગાઝા શહેરના અલ-દરાજ પડોશમાં અલ-તાબેઈન સ્કૂલની અંદર સવારની પ્રાર્થના દરમિયાન વિસ્થાપિત લોકોને નિશાન બનાવવામાં આવ્યો હતો. ઈઝરાયેલી કબજેદાર સેનાએ દાવો કર્યો હતો કે તેણે હુમલા દરમિયાન હમાસ અને ઈસ્લામિક જેહાદના ૧૯ લડવૈયાઓને માર્યા હતા, પરંતુ જૂથોએ આ વાતનો સખત ઈન્કાર કર્યો છે. આ સાથે છેલ્લાં એક સપ્તાહમાં ઈઝરાયેલ દ્વારા હુમલો કરવામાં આવેલા આશ્રય સ્થાનોની સંખ્યા ૭ સુધી પહોચી છે.

# ગાઝા નરસંહાર : અમેરિકા અને તેના સાથીઓ ઈઝરાયેલના ગુનાઓ પ્રત્યે આંખ આડા કાન કરે છે

(એજન્સી) તેહરાન, તા.૧૩

ઈઝરાયેલના પશ્ચિમી અને પ્રાદેશિક સહયોગીઓ ગાઝા શહેરમાં થયેલા નરસંહાર અંગે પેપર બનાવવાની યોજના ઘડી રહ્યા છે. શનિવારે ગાઝા સિટીના દરાજનેબરહુડમાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓને આશ્રય આપતી શાળાની ઈમારત પર ઈઝરાયેલે બોમ્બમારો કર્યા પછી ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલી સૈન્યએ સવારની નમાઝ દરમિયાન આ ઈમારત પર હવાઈ હુમલો કર્યો હતો. તાબીન શાળા પર બોમ્બ ધડાકાએ ઈઝરાયેલની તીવ્ર ક્રૂરતાના વધુ ભયાનક પુરાવાઓ છે. આ હુમલા બાદ જાહેર થયેલા વીડિયોમાં મોટી સંખ્યામાં મૃતદેહો જમીન પર જોવા મળે છે. આ હત્યાકાંડના સ્થળે વિખૂટા પડેલા શરીરના અંગો ઈઝરાયેલના ભયાનક અત્યાચારના સૂચક છે. એક મહિલાએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ દ્વારા આ ઈમારત પર થયેલા બોમ્બ ધડાકા બાદ તેણી તેના પતિને શોધી શકી નથી. તેણીએ કહ્યું કે, હું મારા પતિને શોધવા ગઈ પણ મને કોઈ દેખાયું નહીં, ત્યાં બધા શરીરના ટુકડાઓ હતા. ઉમ અહેમદે કહ્યું હતું કે, ત્યાં લોકો નમાઝ પઢી રહ્યા હતા, ત્યાં બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધ લોકો ઉપરના માળે સૂતા હતા. મિસાઈલ ચેતવણી વિના તેમના પર છોડવામાં આવી હતી. અલ-અહલી હૉસ્પિટલના વડા, ફદલનઈમે પણ જણાવ્યું હતું કે ઘણા પીડિતોના અવશેષો ખરાબ રીતે વિકૃત થઈ ગયા હતા કે ઓળખવું મુશ્કેલ હતું. યુનિસેફે પણ આ હુમલાને "ખરેખર અપમાનજનક" ગણાવ્યું હતું. યુએન ચિલ્ડ્રન એજન્સીના પ્રવક્તા સલીમ ઓવેઈસે બીબીસીને કહ્યું કે, આ તમામ શાળાઓમાં ખરેખર નાગરિકો, બાળકો, માતાઓ અને પરિવારો રહે છે, જેઓ કોઈપણ ખાલી જગ્યામાં આશરો લઈ રહ્યા છે, પછી ભલે તે શાળા હોય કે મસ્જિદ, કે પછી હોસ્પિટલના પ્રાંગણમાં પણ આશરો મેળવે છે. ઈઝરાયેલે દાવો કર્યો છે કે તેણે શાળા પરના હુમલામાં પ્રતિકાર કરતાં લડવૈયાઓની હત્યા કરી છે. ઈઝરાયેલની સેનાએ હમાસ પર આરોપ લગાવ્યો છે કે તે આ ઈમારતનો ઉપયોગ શાસન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કરે છે. તેણે ૭ ઓક્ટોબરના રોજ ગાઝા પર યુદ્ધ પછી હમાસ સામે સમાન આક્ષેપો કર્યા છે પરંતુ તેના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ પુરાવા આપવામાં નિષ્ફળ ગયું છે. યુએસ પ્રમુખ જો બાઈડેનના વહીવટીતંત્રે પણ ઈઝરાયેલના વર્ણનને સમર્થન આપ્યું છે. યુએસ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા સીન સેવેટે હમાસ પર શાળાઓનો ઉપયોગ લોકોને એકત્ર કરવા અને કામ કરવા માટેના સ્થળો તરીકે કરવાનો આરોપ મૂક્યો હતો. વોશિંગ્ટને ગાઝા સિટી સ્કૂલ પરના હુમલા બાદ નાગરિકોના જીવન અંગે ચિંતા વ્યક્ત કરી હતી પરંતુ તેણે આ નરસંહાર બદલ ઈઝરાયેલની નિંદા કરી ન હતી. બ્રિટને પણ આવું જ કર્યું છે.



બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ લેમીએ જણાવ્યું હતું કે તેઓ ઈઝરાયેલ દ્વારા શાળા પર બોમ્બ ધડાકાથી ચિંતિત છે પરંતુ તેઓએ હમાસ પર નાગરિકોને જોખમમાં નાખવાનો આરોપ મૂક્યો હતો. યુએસ અને યુકે બંનેએ હમાસને કમાન્ડ સેન્ટર તરીકે શાળાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવવાનો પ્રયાસ કર્યો છે. ગાઝા યુદ્ધની શરૂઆતથી, યુએસએ તેનું સંપૂર્ણ સમર્થન ઈઝરાયેલને આપ્યું છે. તેણે બેન્જામિન નેતાન્યાહુ શાસનને રાજકીય અને લશ્કરી સમર્થન પૂરું પાડ્યું છે. સીએનએન અનુસાર, શનિવારે ગાઝા શહેરની શાળા પર હુમલા દરમિયાન ઈઝરાયેલે યુએસ-નિર્મિત ચોકસાઈ-ગાઈડેડ બોમ્બનો ઉપયોગ કર્યો હતો. ઈઝરાયેલના જીવલેણ હુમલાને કારણે ઈઝરાયેલને હથિયાર આપવાનું બંધ કરવા માટે યુએસ પર દબાણ વધી રહ્યું છે. પરંતુ, ઈઝરાયેલને ટેકો આપવો એ યુએસની વિદેશ નીતિ અને કેટલાક અન્ય પશ્ચિમી દેશોના મુખ્ય સિદ્ધાંતો છે. ગાઝામાં ઈઝરાયેલના ગુનાઓ સામે ઘરેલુ વિરોધને શાંત કરવા માટે, વોશિંગ્ટન અને તેના સાથીઓએ આ હુમલા બાદ ગાઝામાં યુદ્ધવિરામ કરવાના પ્રયાસો વધારવા હાકલ કરી છે. પશ્ચિમ એશિયાના કેટલાક દેશો જેમણે ઈઝરાયેલ સાથે સંબંધો સ્થાપિત કર્યા છે, તેમણે પણ ઈઝરાયેલ અને હમાસને યુદ્ધવિરામ કરવા માટે માંગ કરી છે. જો કે, ઈઝરાયેલના પશ્ચિમી અને પ્રાદેશિક સહયોગીઓ સારી રીતે જાણે છે કે નેતાન્યાહુ શાસન ગાઝા આક્રમણને સમાપ્ત કરવા માંગતું નથી. જ્યાં સુધી યુ.એસ. અને તેના પશ્ચિમી અને પશ્ચિમ એશિયાના સાથીઓ ઈઝરાયેલી શાસન સામે વ્યવહારિક પગલાં લેશે નહીં ત્યાં સુધી ઈઝરાયેલ ગાઝામાં હત્યાકાંડ કરવાનું ચાલુ રાખશે.

# ગાઝા યુદ્ધ : ઈઝરાયેલના ઘાતક શાળા અને મસ્જિદના હુમલામાંથી બચી ગયેલા લોકોની વ્યથા

## ગાઝામાં આ બોમ્બ ધડાકામાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા



(એજન્સી) તા.૧૩

૮૦ વર્ષીય ઝૈનબ અલ-જાબરી, એક વિસ્થાપિત પેલેસ્ટીન છે અને તે મહિલાઓના રૂમમાં ઊંઘી રહી હતી અને તેણીએ ત્રણ વિસ્ફોટના અવાજ સાંભળ્યા હતા. તે ગભરાટ અને અરાજકતાના આ દૃશ્યથી જાગી ગઈ, અને અહીંના લોકો ઈઝરાયેલી હવાઈ હુમલાનું લક્ષ્ય બન્યા હતા અને તેઓ શાળાના પ્રાર્થના હોલમાં આવી ગયા હતા.

તેણી તેના બે પુત્રો અને તેમના બાળકો માટે ચિંતિત થઈ ગઈ, જેઓ નમાઝ પઢવા ગયા હતા. તેણીએ યાદ કરતાં કહ્યું કે, જ્યારે મેં શરીરના સળગેલા ટુકડા જોયા, ત્યારે મને સમજાયું કે કોઈ બચ્યું નથી. શનિવારે ઈઝરાયેલી હુમલામાં માર્યા ગયેલા ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓમાં અલ-જાબરીના પુત્રો અને પૌત્રોનો સમાવેશ થાય છે. આ હુમલામાં ગાઝા સિટીમાં અલ-તાબીન શાળાના પ્રાર્થના હોલને નિશાન બનાવવામાં આવ્યું હતું. લોકો સવારના ૪.૩૦ વાગ્યાની આસપાસ પરોઢ અથવા ફજરની નમાઝ માટે આવ્યા હતા. ઈઝરાયેલના ૧૦-મહિનાના અવિરત બોમ્બ ધડાકામાં તેમના ઘરોના વિનાશને કારણે આ શાળા અન્યત્રથી વિસ્થાપિત લોકો માટે આશ્રયસ્થાન છે. શનિવારના હુમલાના બે અઠવાડિયા પહેલા અલ-જાબરી તેના પરિવાર સાથે આ શાળામાં આવી હતી, તેમનું ઘર ઈઝરાયેલી હુમલામાં નાશ પામ્યું હતું જેમાં તેના સાત પૌત્રો માર્યા ગયા હતા. તે વૃદ્ધ અને બીમાર છે. તેણીએ કહ્યું કે, મારા બાળકો મારા જીવનનો પ્રકાશ હતા, પરંતુ તેઓએ તેમને મારી પાસેથી છીનવી લીધા. શાળામાં યુવાન, શાંતિપૂર્ણ બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધ પુરુષો હતા. અમે બધા શાંતિપ્રિય લોકો છીએ. હું અલ્લાહ પાસે બદલો માંગું છું.

ઈઝરાયેલી સૈન્યએ આ હુમલાની જવાબદારી લીધી હતી. તેણે દાવો કર્યો હતો કે આ પ્રાર્થના હોલમાં "લશ્કરી સુવિધા" હતી અને માર્યા ગયેલા ૩૧ લોકો "લડવૈયાઓ" હતા. યુરો-મેડ હ્યુમન રાઈટ્સ મોનિટર દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં સૈન્ય દ્વારા આપવામાં આવેલા નામોની યાદી જાણવા મળી છે કે હુમલામાં માર્યા ગયેલા લોકો લડવૈયાઓ નથી. આ મૃતકોમાં મોટાભાગના બાળકો અને વૃદ્ધો હતા.

ઈઝરાયેલની યાદીમાં ત્રણ વૃદ્ધ લોકોના નામ પણ સામેલ હતા જેમનું કોઈ લશ્કરી જોડાણ ન હતું, જેમાં શાળાના આચાર્ય, બીટ હનુનના ડેપ્યુટી મેયર અને યુનિવર્સિટીના પ્રોફેસર તેમજ હમાસના કેટલાક વિરોધીઓનો સમાવેશ થાય છે. ઈઝરાયેલે અગાઉ હવાઈ હુમલામાં માર્યા ગયેલા પેલેસ્ટીનીઓની ઓળખ વિશે પણ અવાજ સમાન ખોટા નિવેદનો આપ્યા હતા. હમાસ ઈઝરાયેલના એવા આરોપોને નકારી કાઢે છે, અને કહે છે કે તેના લડવૈયાઓ ક્યારેય શાળાઓ અને હોસ્પિટલો જેવી નાગરિક સુવિધાઓમાંથી કામ કરતા નથી. નાગરિક સંરક્ષણ કાર્યકરે જણાવ્યું હતું કે મોટા ભાગના માર્યા ગયેલા લોકો બાળકો અને વૃદ્ધ લોકો હતા, અને હવાઈ હુમલાની તીવ્રતાને કારણે તેઓના ટુકડા થઈ ગયા હતા અને શરીરના ભાગો બળી ગયા હતા. મસ્જિદમાં પ્રાર્થના કરી રહેલા તમામ લોકો માર્યા ગયા હતા, અને અન્ય ઘણા લોકો જે ઉપરના માળે સૂતા હતા. અમે ઘાયલોને સ્થળ પરથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો અને મોટા ભાગના મૃતદેહો ઓળખી શકાયા ન હતા.

શનિવારના હુમલા પછી સમગ્ર વિશ્વમાં ઈઝરાયેલની આંતરરાષ્ટ્રીય સ્તરે નિંદા થઈ હતી. શાળાના મોટાભાગના લોકો આ નાના હોલમાં નમાઝ પઢી રહ્યા હતા, અને અલ્લાહને તેમની સુરક્ષા કરવા અને આ નરસંહારને સમાપ્ત કરવા માટે દુઆ કરતાં હતા. તેઓએ કહ્યું કે, અમે આતંકવાદી નથી. અમે બધા અહીં શાંતિપૂર્ણ વિસ્થાપિત નાગરિક છીએ, અમને રાજકારણમાં કોઈ રસ નથી કે અમે કોઈના માટે ખતરો નથી.

# ગાઝામાં સ્કૂલ હુમલા પછી પેલેસ્ટીનીઓના શરીરના અંગો એકઠા કરવા માટે પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ કરવાની ફરજ પડી

(એજન્સી) તા.૧૩

ગાઝા સ્થિત આશ્રય શાળા પર ઈઝરાયેલના તાજેતરના હુમલામાં મૃત્યુ પામેલા નાગરિકોના શરીરના ભાગો એકત્રિત કરવા માટે પેલેસ્ટીનીઓને પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ કરવાની ફરજ પડી છે. શનિવારે વહેલી સવારે ઈઝરાયેલી દળોએ પૂર્વ ગાઝા શહેરના અલ-દરાજ વિસ્તારમાં અલ-તાબીન સ્કૂલ પર બોમ્બમારો કર્યો ત્યારે ઓછામાં ઓછા ૧૦૦ પેલેસ્ટીનીઓને મૃત્યુ પામ્યા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે હુમલો ત્યારે



થયો જ્યારે લોકો સવારની પ્રાર્થના માટે શાળાના પરિસરમાંએકઠા થયા હતા. આ વિસ્તારમાં કામ કરતા પત્રકારો અને આરોગ્ય અને નાગરિક સુરક્ષા ટીમોને વિખરાયેલા મૃતદેહો વચ્ચે આપત્તિનું વર્ણન કરવામાં મુશ્કેલી પડી હતી, જેમાંથી કેટલાક બળી ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે પાણીની અછતનો અર્થ એ છે કે આગને ઓલવવી અશક્ય હતી, જ્યારે અન્ય લોકોએ અહેવાલ આપ્યો હતો કે હુમલાના પરિણામે ઘણા પીડિતોના માથા ઉડી ગયા હતા. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં હુમલા બાદ શાળામાંથી આગની જ્વાળાઓ ઉછળતી જોવા મળી હતી, જ્યારે ચીસો પણ સંભળાતી હતી.

# યુકેની અશ્વેત મહિલાઓ જાતિવાદી રમખાણોના જવાબમાં આત્મરક્ષા શીખી રહી છે

(એજન્સી) તા.૧૩

લંડનના એક રમતના મેદાન પર, માયા હસન ગર્વથી લગભગ ૩૦ મહિલાઓને જોઈ રહી છે, જેમાંથી લગભગ તમામ મુસ્લિમો અને વંશીય લઘુમતી છે, તેમણે રમખાણોના મોજાના જવાબમાં આયોજિત સ્વ-બચાવ વર્ગમાં હાજરી આપી હતી જેમાં મુસ્લિમો અને હિંસક થયા હતા, સ્થળાંતર કરનારાઓ પર જાતિવાદી હુમલાઓ ૨૮ વર્ષીય માર્શલ આર્ટ નિષ્ણાતે જણાવ્યું કે તે અશ્વેત મહિલાઓને કેવી રીતે દુરૂપયોગનો સામનો કરવો તે શીખવવામાં મદદ કરવા માંગે છે, અને તે એક અઠવાડિયાથી વધુ સમયથી મસ્જિદો, શરણાર્થીઓની હોટલોમાં અને પરસ્પર સંબંધો કેવી રીતે બનાવવા તે અંગે વિરોધ કરી રહી છે. 'તે તમને થોડો વધુ આત્મવિશ્વાસ આપે છે,' તેણે જણાવ્યું કે 'તમે જાણો છો કે શું ધ્યાન આપવું, સામાજિક રીતે કેવી રીતે જાગૃત રહેવું, વસ્તુઓને કેવી રીતે ઓળખવી અને ખરેખર ખરાબ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળવું.' મુસ્લિમ અને વંશીય લઘુમતી સમુદાયોએ અરાજકતા પર આઘાત વ્યક્ત કર્યો છે, જે ઓનલાઈન



ખોટી માહિતી દ્વારા ફેલાવવામાં આવી હતી કે ઉત્તર-પશ્ચિમ ઈંગ્લેન્ડના સાઉથપોર્ટમાં છરીના હુમલામાં ત્રણ યુવતીઓની હત્યા કરવાનો શંકાસ્પદ વ્યક્તિ ઈસ્લામવાદી સ્થળાંતરિત હતો. માર્શલ આર્ટના પ્રશિક્ષક સ્ટુઅર્ટ મેકગિલએ જણાવ્યું કે અશાંતિ શરૂ થઈ ત્યારથી તેણે વધુ મહિલાઓને વર્ગો માટે સાઈન અપ કરતી જોઈ છે. તેમણે તેમને જણાવ્યું કે કેવી રીતે લાતો અને બેલ્ટ જેવા કામચલાઉ હથિયારો વડે પોતાનો બચાવ કરવો. એક સહભાગી, ૨૪ વર્ષીય એલ્ઝા અન્નાને જણાવ્યું કે તેણી વધુ આત્મવિશ્વાસ અનુભવે છે. તેણીએ જણાવ્યું કે, 'હું દેખીતી રીતે આ તકનીકોનો ઉપયોગ કરવા માંગતી નથી, પરંતુ તેનો ઉપયોગ કરવો ઉપયોગી અને ફાયદાકારક છે. ખાસ કરીને તાજેતરની ઘટનાઓને કારણે, જ્યારે દક્ષિણપંથી જાતિવાદીઓ બહાર આવ્યા અને કાળા લોકોને નિશાન બનાવ્યા.'

# ઈઝરાયેલે ઈરાનના હુમલાની ચેતવણી આપતા અમેરિકાએ સબમરીન, એરક્રાફ્ટ કેરિયરને મધ્ય-પૂર્વ તરફ જવાનો આદેશ આપ્યો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩

યુએસ સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટીને માર્ગદર્શિત મિસાઈલ સબમરીનને મધ્ય પૂર્વમાં લઈ જવાનો આદેશ આપ્યો છે અને યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને આ વિસ્તારમાં વધુ ઝડપથી જવા માટે કહ્યું છે. ઑસ્ટિને ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટ સાથે વાત કર્યા પછી આ આદેશ જારી કર્યો હતો. જેમણે તેમને કહ્યું હતું કે ઈરાનની લશ્કરી તૈયારીઓ સૂચવે છે કે ઈરાન ઈઝરાયેલ પર મોટા પાયે હુમલા માટે તૈયાર થઈ રહ્યું છે. તેહરાનમાં હમાસના રાજકીય નેતા ઈસ્માઈલ હાનિયાહ અને બેરૂતમાં વરિષ્ઠ હિઝબુલ્લા કમાન્ડરની હત્યા બાદ પ્રદેશમાં વધી રહેલા તણાવને શાંત કરવામાં મદદ કરવા અને યુદ્ધવિરામ કરવા માટે યુએસ અને અન્ય સહયોગીઓ ઈઝરાયેલ અને હમાસ પર દબાણ કરે છે. યુએસએસ જ્યોર્જિયા, જે એક પરમાણુ-સંચાલિત સબમરીન છે, તે જુલાઈમાં ભૂમધ્ય સમુદ્રમાં પહેલેથી જ હતી, અને સબમરીનની જમાવટની જાહેરમાં જાહેરાત કરવી તે એક દુર્લભ પગલું હતું. ઓસ્ટિને તેના ઈઝરાયેલી સમકક્ષ સાથે વાત કર્યા પછી એક નિવેદનમાં, પેન્ટાગોને જણાવ્યું હતું કે સંરક્ષણ વડાએ અબ્રાહમ લિંકન સ્ટ્રાઈક જૂથને પ્રદેશમાં તેની જમાવટને વેગ આપવાનો આદેશ આપ્યો છે. પેન્ટાગોનના પ્રેસ સેક્રેટરી, મેજર જનરલ પેટ રાયડરને સચિવ ઓસ્ટીને ઈઝરાયેલના બચાવ માટે દરેક સંભવિત પગલા લેવા માટે યુનાઈટેડ સ્ટેટ્સની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને સમગ્ર મધ્ય પૂર્વમાં યુએસ સૈન્ય દળની સ્થિતિ અને ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા કહ્યું છે. રાયડરે જણાવ્યું હતું કે ઓસ્ટિને ઈઝરાયેલની રક્ષા કરવા માટે દરેક સંભવિત પગલાં લેવા માટે અમેરિકાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને વધતા પ્રાદેશિક તણાવમાં સમગ્ર મધ્ય પૂર્વમાં યુએસ સૈન્ય દળની સ્થિતિ અને ક્ષમતાઓને મજબૂત કરવા કહ્યું છે. યુએસ સૈન્યએ પહેલેથી જ કહ્યું



હતું કે તે મધ્ય પૂર્વમાં વધારાના ફાઈટર જેટ અને નૌકાદળના યુદ્ધ જહાજો તૈનાત કરશે કારણ કે વોશિંગ્ટન ઈઝરાયેલી સંરક્ષણને મજબૂત બનાવવા માંગે છે. યુએસ સૈન્યએ પહેલેથી જ કહ્યું હતું કે તે મધ્ય પૂર્વમાં વધારાના ફાઈટર જેટ અને નૌકાદળના યુદ્ધ જહાજો તૈનાત કરશે કારણ કે વોશિંગ્ટન ઈઝરાયેલી સંરક્ષણને મજબૂત બનાવવા માંગે છે. ઈરાન સમર્થિત હમાસના રાજકીય નેતા ઈસ્માઈલ હાનિયાહની ૩૧ જુલાઈના રોજ ઈરાનની રાજધાની તેહરાનમાં હત્યા કરવામાં આવી હતી, અને ઈરાન દ્વારા ઈઝરાયેલ સામે બદલો લેવાની ધમકીઓ આપવામાં આવી છે. ઈરાને આ હત્યા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું. ઈઝરાયેલે કોઈ જવાબદારી સ્વીકારી નથી. ઈરાન સમર્થિત લેબનીઝ જૂથ હિઝબુલ્લાહના વરિષ્ઠ લશ્કરી કમાન્ડર, ફુઆદ શુકરની હત્યા અને બેરૂત પર હુમલામાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી આ હત્યાથી ગાઝા સંઘર્ષ મધ્ય પૂર્વના વ્યાપક યુદ્ધમાં ફેરવાઈ રહ્યો હોવાની ચિંતામાં વધારો થયો છે. ઈરાને કહ્યું છે કે ઈઝરાયેલને સમર્થન આપવાને કારણે હાનિયાહની હત્યામાં અમેરિકા પણ જવાબદાર છે. મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે યુએસ દળો સામે તાજેતરના દિવસોમાં બીજા મોટા હુમલામાં સીરિયામાં શુક્રવારે ડ્રોન હુમલામાં ઘણા યુએસ અને ગઠબંધન કર્મચારીઓ ઘાયલ થયા હતા.

# 'ઘર જેવું નથી લાગતું' : લિવરપૂલના મુસ્લિમો યુકેના રમખાણોથી આઘાત પામ્યા

(એજન્સી) તા.૧૩

લિવરપૂલની સૌથી મોટી મસ્જિદ માટે પ્રથમ અઠવાડિયું મુશ્કેલ રહ્યું છે, મોટાભાગના પ્રવેશદ્વારો બંધ છે, ઉચ્ચ-વિઝિબિલિટી જેકેટ પહેરેલા લોકો રોટેશન પર પેટ્રોલિંગ કરી રહ્યા છે અને મુઠ્ઠીભર ઉપાસકો રાત્રે સૂઈ રહ્યા છે-અલ-રહમા મસ્જિદના અધિકારીઓએ જણાવ્યું કે આ બધી જરૂરી સાવચેતીઓ છે, બ્રિટનમાં વર્ષોના સૌથી ખરાબ રમખાણો વચ્ચે.

સતર્કતામાં વધારો થયો છે કારણ કે લિવરપૂલમાં કેટલાક મુસ્લિમો અને વંશીય લઘુમતીઓએ જણાવ્યું છે કે તેઓ મસ્જિદો, ઈમિગ્રેશન કેન્દ્રો અને હોટલોને નિશાન બનાવતા વ્યાપક હિંસક, જાતિવાદી વિરોધને કારણે અસુરક્ષિત અનુભવે છે, જે ઈંગ્લેન્ડના ઉત્તરમાં પ્રખ્યાત ડાબેરી શહેરને પણ બક્ષવામાં આવ્યું નથી. લિવરપૂલમાં મસ્જિદના અધિકારીઓ અને અન્ય મુસ્લિમોએ જણાવ્યું કે, તેઓ આઘાતમાં છે કારણ કે ઈંગ્લેન્ડના ઉત્તરમાં બે મસ્જિદોને હિંસક ટોળાઓ દ્વારા નિશાન બનાવવામાં આવી હતી અને સેંકડો ઈમિગ્રેશન વિરોધી વિરોધીઓ અને વિરોધી પ્રદર્શનકારો મધ્ય લિવરપૂલમાં અથડામણ કરી હતી. દુકાનો લૂંટાઈ હતી અને કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. લિવરપૂલની બીજી મસ્જિદ, અબ્દુલ્લા ક્વિલિયમ, જે પોતાને બ્રિટનની પ્રથમ મસ્જિદ તરીકે ઓળખાવે છે, હિંસાને કારણે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે. ગયા અઠવાડિયે સાઉથપોર્ટ નજીક ત્રણ છોકરીઓની હત્યા કરનાર ઈસ્લામવાદી ઈમિગ્રન્ટ હતો એવી ખોટી વાર્તા દ્વારા હિંસા ભડકી હતી. "હું અહીં જન્મ્યો હતો, અહીં મોટો થયો હતો. તેથી આ જોઈને એવું નથી લાગતું નથી કે હું અહીં ઘરે છું," અલ-રહમામાં મદદ કરતા ૨૦ વર્ષીય વિદ્યાર્થી



અબ્દુલવાસે સુફિયાને જણાવ્યું હતું. તે પોતાને "સ્કાઉઝર" કહે છે, જે લિવરપૂલની કોઈ વ્યક્તિ માટે બોલચાલનો શબ્દ છે. "જે બન્યું છે તે જોઈને, હું ડરી ગયો છું, માત્ર મારા માટે જ નહીં, પણ ભવિષ્ય માટે પણ," તેણે જણાવ્યું કે, તેની પાછળ અલ-રહમાના પીળા ગુંબજ અને ગુલાબી-પીળા મિનારા સાથે, ડઝનેક લોકોએ બપોરની નમાજ પૂરી કરી. કર્યા પછી જતો રહ્યો હતો. સુફિયાને જણાવ્યું કે સુરક્ષાની ચિંતાઓને કારણે સાંજે મહિલાઓને ત્યાં જવાથી રોકવા માટે મસ્જિદમાં મહિલાઓ માટે અલગ પ્રવેશ દ્વાર બંધ કરી દેવામાં આવ્યો છે. મસ્જિદની મુલાકાત યમનથી લઈને પાકિસ્તાનીઓ સુધીના મુસ્લિમોની વિશાળ શ્રેણી દ્વારા આવે છે. સુફિયાને જણાવ્યું કે, જ્યારે તે પોતે પોતાની સુરક્ષાના ડરથી તેના પડોશમાંથી બહાર નથી આવ્યો, ત્યારે સમુદાયના અન્ય લોકોની પણ આવી જ લાગણી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# વકફ સંશોધન બિલ પર બ્રેક : સરકાર ભારતીય મુસ્લિમોનો સંતાપ સમજે

૨૦૧૪માં જ્યારથી ભાજપની કેન્દ્ર સરકાર દેશ પર રાજ કરી રહી છે ત્યારથી તેના ખાસ પ્રકારના પગલાંઓથી દેશના મુસ્લિમોમાં અવિશ્વાસ અને ચિંતાનું વાતાવરણ સતત વધી રહ્યું છે. હિંદુત્વવાદી એજન્ડા પર કામ કરી રહેલી મોદી સરકાર હિંદુઓના કલ્યાણની કામગીરી ઓછી પણ મુસ્લિમોના મુદ્દામાં વધુ રસ લઈ રહી છે કે જેથી 'હિંદુ-મુસલમાન' કરીને તેની જીવાદોરી (લાઈફ લાઈન)ને સતત જીવંત રાખી શકાય. એટલે જ જેનાથી કોઈને તકલીફ ન હોય તેવા મુસ્લિમોના મુદ્દામાં તે ધરાર ચંચુપાત કરી રહી છે. પછી તે ત્રણ તલાકનો મુદ્દો હોય કે મદ્રેસાના શિક્ષણનો મુદ્દો હોય કે હાલ ઉઠાવાઈ રહેલો વકફનો મુદ્દો હોય.

દેશના મોટા ભાગના મુસ્લિમોએ ક્યારેય વર્તમાન ભાજપ સરકાર પાસે ત્રણ તલાક મુદ્દે કે મદ્રેસાની કામગીરી બાબતે કે વકફની સંપત્તિઓ બાબતે કોઈ સંશોધનની માગણી કરી નથી કે જેથી સરકારને આ બાબતોમાં દખલ દેવી પડે.. બલ્કે આ સરકાર સમક્ષ કિસાનોની MSPની માંગ, બેરોજગાર યુવાનો દ્વારા રોજગારીની માંગ પછી અગ્નિવીર જેવી યોજનાનો વિરોધ, શિક્ષકોની માગણીઓ, પેપરલીક જેવા વિદ્યાર્થીઓના મુદ્દાઓ, અસહ્ય મોંઘવારી વગેરે જેવા સંખ્યાબંધ પ્રશ્નો અંગે આંદોલનો ચાલી રહ્યા છે અને મોટાભાગે તે દેશની બહુમતી એવી ૮૫ ટકા વસ્તી હિંદુઓના પ્રશ્નો છે છતાં આ હિંદુત્વવાદી સરકાર તેના તરફ ધ્યાન આપવાને બદલે જેના માટે કોઈ આંદોલનો નથી થયા જેના માટે કોઈ રાષ્ટ્રીય સ્તરે માંગ નથી થઈ એવા મુસ્લિમોના મુદ્દાઓને સામે ચાલીને હાથ ઉપર લઈ રહી છે અને એમાં પાછો ડોળ તો એવો કરી રહી છે કે તે મુસ્લિમોના હિત માટે આવું કરી રહી છે...પણ જે પગલાંનો ખુદ મુસ્લિમો વિરોધ કરી રહ્યા હોય તેને તે અમલમાં લાવી રહી છે. ભાજપ સરકારની આ ખાસ પ્રકારની 'ખુજલી' પાછળ રહેલા કેસરી રંગના ચકામાને સહેજે સમજી શકાય એમ છે કે જે સરકાર ગરીબ મુસ્લિમોને સ્કોલરશીપના સ્વરૂપમાં મળી રહેલી સાવ નજીવી સહાયને પણ સહન કરી શકતી નથી એને હૈયે મુસ્લિમોનું હિત કઈ રીતે હોઈ શકે ? મુસ્લિમોના સરેઆમ લિંચિંગને જે સરકાર અટકાવતી ન હોય, મુસ્લિમો વિરૂદ્ધના નફરતી ગુનાઓમાં સામેલ લોકોનું સન્માન કરતી હોય એમને સાંસદ, ધારાસભ્ય કે મંત્રી બનાવતી હોય એમના નેતાઓ કે સમર્થકોને મુસ્લિમો વિરૂદ્ધ ખુલ્લેઆમ બોલવા દેતી હોય એવી સરકાર મુસ્લિમોની હામી હોઈ શકે ખરી ? ઉલ્ટાનું એવી ગેરસમજો ફેલાવાઈ રહી છે કે જેથી દેશનો બહુમતી સમાજ દેશના મુસ્લિમોને ધુત્કારવા લાગે...

મોદી-૩.૦ના કાર્યકાળમાં હવે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર વકફ સંશોધન બિલ લઈ આવી છે. આ વકફ સંશોધન વિધેયકની ન તો દેશના મુસ્લિમોએ માંગ કરી હતી કે ન તો આ કોઈ સાર્વજનિક હિતની બાબત હતી...વાસ્તવમાં દેશના મોટા ભાગના મુસ્લિમોની હાલત ગરીબ કે કફોડી છે. દેશના સૌથી પછાત વર્ગો કરતા પણ મુસ્લિમોની સ્થિતિ પછાત છે ત્યારે તેની ભલાઈ અને ઉત્કર્ષ માટે મુસ્લિમ સમાજના જ જે લોકોએ પોતાની સંપત્તિઓ કોમના કલ્યાણ માટે 'વકફ' સ્વરૂપે દાનમાં આપી છે તે સંપત્તિઓથી ઘણા નફરતી વિચારધારાના લોકોને પેટમાં સતત ચૂંક આવે છે કે મુસ્લિમોના હિત માટે આટલી બધી સંપત્તિઓ-મિલ્કતો કેમ? એટલે તેમણે પોતાના સરકારમાં રહેલા આકાઓને કહ્યું કે વકફનું 'કંઈક' કરો અને સરકારે કરી પણ નાખ્યું...મોદી સરકાર વકફ સંશોધન વિધેયક લઈ આવી....કેબિનેટે પણ એને મંજૂરી આપી દીધી અને સંસદમાં રજૂ પણ કર્યું. જો કે ભલું થજો ભારત દેશની સમજુ પ્રજાનું કે જેણે આ ત્રીજી વખત મોદી સરકારને સંપૂર્ણ બહુમતી ન આપી નહીંતર અગાઉની બે સરકારો દરમ્યાન જે રીતે તે એકતરફી અને એકહથ્થુ વિધેયકો પસાર કરીને કાયદાનું સ્વરૂપ આપતી હતી તે આ વખતે ત્રીજી ટર્મમાં શકય જણાતું નથી..બીજું ટેકાની કાંખઘોડીઓ પર સવાર વર્તમાન કેન્દ્ર સરકાર અગાઉની જેમ વિપક્ષની પણ અવગણના કરી શકે એમ નથી. કારણ કે આ વખતે વિપક્ષ પણ મજબૂત છે એટલે એણે વકફ સંશોધન બિલનો ભરપુર વિરોધ કર્યો જેનું પરિણામ એ આવ્યું કે મોદી સરકારે ૧૧ વર્ષમાં પ્રથમ વખત પીછેહઠ કરવી પડી અને વકફ સંશોધન વિધેયક અંગે સંયુકત સંસદીય સમિતિ (જેપીસી)ની નિમણૂંક કરવી પડી...જો કે આ જેપીસીની બ્રેક મોદી સરકારને કયાં સુધી કાબૂમાં રાખશે એ તો આવનારો સમય જ જણાવશે પરંતુ આ વકફ કાયદામાં જે સુધારાની જોગવાઈ કરાઈ છે તે કેટલી ભયંકર પક્ષપાતી અને અન્યાયી છે તેનો અંદાજો એના પરથી આવી શકે કે મુસ્લિમોના સો ટકા ધાર્મિક એવા 'વકફ' બોર્ડના સંચાલનમાં બિન મુસ્લિમ સભ્યોને લાવવાની વાત છે... દેશના પવિત્ર બંધારણે તેની કલમ ૨૫ અંતર્ગત દેશના દરેક નાગરિકોને પોતાની મરજી મુજબનો ધર્મ પાળવાની સ્વતંત્રતા આપી છે. એટલું જ નહીં પણ કલમ ૨૬ હેઠળ દરેક ધર્મના અનુયાયીઓને તેમની મિલ્કતો-સંપત્તિઓનું વ્યવસ્થાયન (મેનેજમેન્ટ) કરવાની પણ આઝાદી આપી છે ત્યારે વકફ બોર્ડમાં બિન મુસ્લિમોને સમાવવાની વાત કઈ રીતે વ્યાજબી ગણાય ? આ તો એવું થયું કે કેદારનાથ કે અયોધ્યામાં રામમંદિરના ટ્રસ્ટ કે બીજા કોઈ પણ પવિત્ર હિંદુ સ્થાનના વહીવટમાં મુસ્લિમ સભ્યને લેવાની જોગવાઈ કરાય.. મુસ્લિમની વાત તો જવા દો પણ શું કોઈ પણ હિંદુ પવિત્ર સ્થાનના વહીવટમાં ખ્રિસ્તી, શીખ કે પારસી કે યહુદીને સ્થાન આપવાની જોગવાઈ મોદી સરકાર કરશે ? જો કે મુસ્લિમ સહિત કોઈપણ બિન હિંદુએ આવી પાયાવિહોણી માંગ પણ કરી નથી પરંતુ સંપૂર્ણ મુસ્લિમ ધાર્મિક સંસ્થાના વહીવટમાં બિન મુસ્લિમોને ઘૂસાડવાની મમત કેન્દ્ર સરકાર કેમ કરી રહી છે ? તેની પાછળની મંશા સહેજે સમજી શકાય એમ છે... વળી આટલું જ નહીં પણ મુસ્લિમો સંપત્તિ-મિલ્કત અંગે નિર્ણયો લેવાની વકફ બોર્ડોની સત્તા પણ તે છીનવી લેવા માગે છે..વાસ્તવમાં વકફ બોર્ડ વકફની એક પણ સંપત્તિનું માલિક નથી. તે તો સો ટકા મુસ્લિમોની એવી આ તમામ સંપત્તિઓના સંચાલનનું નિરીક્ષણ (મોનિટરીંગ) કરવા માટેની એક સ્વીકાર્ય વ્યવસ્થા છે. વાસ્તવમાં દેશભરમાં પથરાયેલી આ વકફ મિલ્કતો માત્ર અને માત્ર જે તે વિસ્તારના મુસ્લિમોના સંચાલન હેઠળ છે નહીં કે વકફ બોર્ડના... વકફ બોર્ડ કે કાઉન્સિલ તો એક સુચારૂ વહીવટ માટેની વ્યવસ્થા છે.. ત્યારે ખુદ કેન્દ્ર સરકાર જો મુસ્લિમોના બંધારણના અધિકારો પર તરાપ મારે તો એ દેશના કલમ ૧૪ હેઠળ આપેલા સમાનતાના અધિકારોનું પણ ઉલ્લંઘન કહેવાય કે નહીં ?

વાસ્તવમાં તો ખુદ સરકાર બંધારણની ભાવના વિરૂદ્ધ જઈ રહી હોવાનો અહેસાસ માત્ર દેશના મુસ્લિમોને જ નહીં પણ મોટા ભાગના બિનભાજપી રાજકીય પક્ષો અને તેમના હિંદુ સમર્થકોને પણ થઈ રહ્યો છે. તેમને લાગે છે કે સરકાર આ રીતે સમવાયી તંત્રની વિરૂદ્ધ, ધાર્મિક લઘુમતી વિરૂદ્ધ જ નહીં પણ માનવતાની પણ વિરૂદ્ધ જઈ રહી છે કારણ કે જે લોકો મુસ્લિમ ધર્મમાં માનતા નથી તે લોકો તેના વહીવટમાં કઈ રીતે દખલ કરી શકે ?

બીજો એક દુષ્પ્રચાર એવો પણ કરવામાં આવી રહ્યો છે કે મોગલોએ એટલે કે મુસ્લિમ શાસકોએ બળજબરીથી સંપત્તિ પર કબજો કર્યો હતો. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે મોગલોએ દેશને અમુલ્ય ધરોહરો આપી છે જેમ કે તાજમહેલ, લાલકિલ્લો, કુતૂબમિનાર વગેરે વગેરે કે જે સરકારની માલિકી હેઠળ છે બાકી ટીપુ સુલ્તાનથી માંડીને મોગલ શાસક બહાદુરશાહ ઝફર સહિતના મુસ્લિમ શાસકોએ તો અંગ્રેજોની વિરૂદ્ધ આઝાદીના જંગનો પાયો નાખ્યો હતો અને દેશની આઝાદીના આ જંગમાં જ એમણે પોતાના પ્રાણથી માંડીને સર્વસ્વ ગુમાવી દીધું...બાકી તમે જુઓ કે અખંડ ભારતના માલિક હોવા છતાં મોગલોના વંશજો પાસે દેશની તસુભાર પણ સંપત્તિ છે ખરી ? તે તો આજે કયાં અને કેવી દારૂણ હાલતમાં છે એની પણ ખબર નથી...એના બદલે તમે જુઓ કે જેઓ બ્રિટીશ રાજમાં અંગ્રેજો સમક્ષ ઝુકેલા હતા તે રાજવીઓના વંશજો પાસે આજે પણ અફાટ મિલ્કતો છે જેમાં ગ્વાલિયરના સિંધિયાઓ, મૈસૂરના વોડિયારો કે ઉદયપુરના ઉદય માનસિંઘ કે વડોદરાના ગાયકવાડના વંશજો પાસે અખૂટ સંપત્તિ છે. કંઈક આવી જ રીતે લખનૌ, હૈદરાબાદ, આર્કોટ, ખંભાતના નવાબોના વંશજો પાસે રહેલી મિલ્કતો છે. ટૂંકમાં જે અંગ્રેજોના કહ્યાગરા હતા એમની પાસે અઢળક મિલ્કતો રહી કે જેને આજે પણ તેમના વંશજો ભોગવી રહ્યા છે બાકી અંગ્રેજો સામે લડેલા ટીપુ સુલ્તાન કે મોગલ બાદશાહના વંશજો પાસે આજે કશું જ નથી કેમ કે તેમના પૂર્વજોએ દેશ માટે અંગ્રેજો સામે લડીને પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું.

# હાલના કાયદાકીય કામકાજમાં નવા ફોજદારી કાયદામાં ચિંતાજનક વળાંકની ટકોર કેમ થઈ રહી છે ?



## નવા કાયદાનો પ્રચલિત નિકટવર્તી મનોભાવ, ગૂંચવણ અને અસ્વસ્થતા પેદા કરે છે

૧ જુલાઈ ૨૦૨૪નાથી, ભારતીય દંડ સંહિતા ૧૮૬૦, 'IPC'ના સ્થાને ભારતીય ન્યાય સંહિતા, ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩, 'CrPC'ના સ્થાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨, 'Evidence Act'ને સ્થાને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, એમ ત્રણ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવ્યા. આ નવા કાયદા લાગુ થયા બાદ ભારતમાં ફોજદારી ન્યાય પ્રણાલીમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. જોકે તે પછી એક મહિનામાં, દેશભરની અદાલતોએ, જૂના અને નવા કાયદાઓ વચ્ચેની લાગુતા અને આંતરપ્રક્રિયા તેમજ નવા કાયદા હેઠળ કરવામાં આવેલા ફેરફારોની અસરને લગતા પડકારરુપી પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે .જ્યારે આખા ભારતમાં કાયદા અમલીકરણ એજન્સીઓ અને અદાલતો ફોજદારી ન્યાય પ્રણાલીની નવી વાસ્તવિકતાઓ સાથે પકડ મેળવી છે, ત્યારે નવા કાયદાને લીધે આસપાસની પ્રવર્તમાન લાગણી મૂંઝવણ અને અજંપાની છે.આ અંશ દ્વારા, આપણે નવા ફોજદારી કાયદાઓની કેમ જાહેર ટીકા થઈ રહી છે અને આવી ટીકા કેટલી હદે યોગ્ય છે તે તેના કારણોની તપાસ કરીશું. આપણે ભારતમાં તાજેતરની કાયદાકીય પ્રવૃત્તિમાં નવા ફોજદારી કાયદાઓએ જે ચિંતાજનક વલણનો સંકેત આપ્યો છે તેનો નિર્દેશ કરીશું સાથે નવા ફોજદારી કાયદાઓની રજૂઆત સરકારની અયોગ્ય પ્રાથમિકતાનું સૂચક છે તે વિશે પણ દલીલ કરીશું.

**નવા કાયદા હેઠળ શું આ ફેરફારો કરવા જરૂરી હતા ?**

નવા ફોજદારી કાયદાઓ પ્રોત્સાહક અને સકારાત્મક ફેરફારોના યજમાનની રજૂઆત કરે છે. જો તેને સારી રીતે અમલમાં મૂકવામાં આવે તો ભારતમાં ફોજદારી ન્યાય પ્રણાલીમાં લાંબા ગાળાના કાયમી ફેરફારો લાવી શકે છે. BNSSની કલમ ૧૭૩ હેઠળ ઝીરો એફઆઈઆરમાં, ગુનાના ઘટના સ્થળ પરના દ્રશ્યોની ફરજિયાત વીડિયોગ્રાફી અને ફોરેન્સિક તપાસને પ્રોત્સાહન, તેમજ તપાસ અને જપ્તીની પદ્ધતિઓમાં ટેક્નોલોજીનો વધતો ઉપયોગ, તપાસમાં અને ફોજદારી કેસોની સુનાવણીમાં સકારાત્મક વિસ્તાર લાવવાની ક્ષમતા ધરાવી શકે તે માટેના તમામ ફેરફારો છે. પરંતુ જો બહોળા પ્રમાણમાં વાત કરીયે તો જ્યારે આ સુધારાઓ અને ફેરફારોની સકારાત્મક પ્રકૃતિ નિર્વિવાદ છે ત્યારે હજુ એ પ્રશ્ન ઊભો જ રહે છે કે શું આ ફેરફારોને માત્ર સુધારા તરીકે રજૂ કરવામાં આવ્યા હોત તો તેને વધારે સમજદારીનું પગલું ગણી શકાયુ હોત દ્રવિડ મુનેત્ર કઝગમ ('ડીએમકે') પક્ષના સેક્રેટરીએ દાખલ કરેલી પીઆઈએલની સુનાવણી કરતી વખતે, મદ્રાસ હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, કેન્દ્ર સરકારનો અગાઉના ફોજદારી કાયદાઓને રદ કરવાનો નિર્ણય ખરેખર વિચિત્ર હતો કારણ કે નવા ફોજદારી કાયદા હેઠળ લાવવામાં આવેલા ફેરફારોમાં તેના બદલે વ્યાપક સુધારાના ધોરણ થકી રજૂ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, વિપક્ષના વરિષ્ઠ નેતાઓએ પણ નવા ફોજદારી કાયદાઓને તેમના 'વસાહતી'થી પ્રસ્થાન તરીકે છાપ કરવાના સરકારના પ્રયાસો પર સવાલ ઉઠાવ્યા છે કે, અગાઉના કાયદાઓનો મોટો ભાગ, નવા ફોજદારી કાયદાના ગ્રંથોમાં જાળવી રાખવામાં આવ્યો છે. પણ હકીકત એ છે કે, નવા ફોજદારી કાયદાઓ હેઠળ જે ફેરફારો કરાયા છે તે સુધારાના સ્વરૂપમાં જ રજૂ કરવામાં આવ્યા છે. જેમ કે, નવા ફોજદારી ગુનાઓમાં મોબ લિંચિંગ, અથવા ચેઈન સ્નેચિંગ જેવા અપરાધો, ચુકાદાઓની જાહેરાત અને મુલતવી રાખવાના સમય-મર્યાદિત નિર્દેશો તરીકે, અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી સમન્સની સેવા તેમજ ગુનાહિત પ્રક્રિયાઓમાં ટેક્નોલોજીના ઉપયોગ જેવી કાર્યવાહીવિષયક પ્રક્રિયામાં સરકારને અગાઉના કાયદાઓની મૂળભૂત રચનામાં ફેરફાર કરવાની ભાગ્યે જ જરૂર પડી હતી. વાસ્તવમાં, આવા કાયદાકીય ફેરફારો, સૂચના, નિયમો અને પરિપત્રોના સ્વરૂપમાં અથવા ચોક્કસ સુધારાઓ થકી સફળતાપૂર્વક રજૂ કરવામાં આવ્યા છે. તદુપરાંત સીપીસીમાં સુધારા, અથવા લવાદ અધિનિયમ, સમય મર્યાદિત પ્રક્રિયાઓ રજૂ કરવા ભૂતકાળમાં બહુવિધ પ્રસંગોએ, નવા ફોજદારી કાયદાની રજૂઆત દ્વારા વસાહતી ભૂતકાળને દૂર કરવાની સરકારની વાતો પણ નવા કાયદામાં સૂચિત ફેરફારોથી વિરોધાભાસી છે. IPCના રદ કરવાથી રાજદ્રોહના ગુનાને ગુનાહિત બનાવતી કઠોર કલમ૧૨૪ Aનો અંત આવ્યો છે. તેને BNSમાં સમાન સમસ્યારૂપ કલમ ૧૫૨ થકી બદલવામાં આવી છે. જે 'ભારતની સાર્વભૌમત્વ અથવા એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકે તેવા કોઈપણ કૃત્યને દંડિત કરે છે.' જ્યારે નવા ફોજદારી કાયદાઓ ફોજદારી ન્યાય પ્રણાલીમાં 'આગળ-વિચારણા' ફેરફારોના સંપૂર્ણ યજમાનની ભલામણ કરે છે, ત્યારે ભારતમાં વાસ્તવિક તપાસ અને ટ્રાયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અગાઉની જેમ જ અવિકસિત અને ભૌતિક સંસાધનોનો અભાવ ચાલુ રાખે છે. નવા ફોજદારી કાયદાઓ દ્વારા સૂચિત ફેરફારોને અસરકારક રીતે અમલમાં મૂકવાના માધ્યમો વિના, ફેરફારો ભારતમાં ફોજદારી ગુનાઓની તપાસ અને ચુકાદામાં અનિર્ણીત અવસ્થા પર કોઈ વાસ્તવિક અથવા નોંધપાત્ર અસર કરવામાં નિષ્ફળ જાય છે અને માત્ર અંગરાગ ફેરફારો લાવે છે, જે વધુ નુકસાનકારક છે

**અનિર્ણિત અને તાજા ફોજદારી કેસોમાં લાગુ નવા કાયદા અંગે સ્પષ્ટતા**

૧ જુલાઈ ૨૦૨૪થી, પોલીસ, તપાસ માધ્યમ અને અદાલતોને હવે ફોજદારી ગુનાઓની તપાસ અને નિર્ણયમાં વધારાની અવરોધનો સામનો કરવો પડશે. ગુનોનું આચરણ, તેની નોંધણીનો સમયગાળો અને કોર્ટ સમક્ષ તેની રજુઆતના આધારે, આવા કેસો નક્કી કરવા માટે જૂના અને નવા ફોજદારી કાયદાઓનું એક અલગ સંયોજન લાગુ પડશે. આ પૃથ્થકરણ અનિર્ણિત કેસો માટે પણ સુસંગત રહેશે, અને ખાસ કરીને અગાઉના CrPC અને નવા રજૂ કરાયેલ BNSS હેઠળ પૂરા પાડવામાં આવેલ પ્રક્રિયાગત સુરક્ષાના સંદર્ભમાં નોંધપાત્ર છે. જો કે, તે આશ્ચર્યજનક નથી કે આવા વિશ્લેષણ ફોજદારી ન્યાય પ્રણાલી માટે કેવી રીતે કોઈ તરફેણ કરી રહ્યું છે જે પહેલેથી પેન્ડન્સી અને તાજા કેસો સાથે સીમ પર છલકાઈ રહી છે. વાસ્તવમાં, તે માત્ર ગુનાહિત ગુનાઓની ગૂંચવણમાં વધારાનું સ્તર પ્રદાન કરીને નિર્ણયમાં ગૂંચવણ અને અવ્યવસ્થામાં વધારો કરે છે. તાજેતરમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના એક નિર્ણય દ્વારા આ બાબત સ્પષ્ટ થઈ છે. જેણે અગાઉની CrPCના ૪૮૨ની કલમ હેઠળ ફોજદારી કાર્યવાહીને રદ કરવાની અરજીને ફગાવી દીધી હતી. BNSSના અમલમાં આવ્યા પછી તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેથી અરજી BNSSની કલમ ૫૨૮ હેઠળ દાખલ થવી જોઈએ.જ્યારે નવા ફોજદારી કાયદાઓ ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં મૂર્ત હકારાત્મક પરિવર્તન લાવશે કે કેમ તે મૂલ્યાંકન કરવા માટે જ્યુરી હજુ તૈયાર નથી. તેઓએ હમણાં સુધી તો વિલંબ અને બિનકાર્યક્ષમતાનો નવો સ્ત્રોત જ પ્રદાન કર્યો છે. અગાઉની જોગવાઈઓ હેઠળ અજાણતા દાખલ કરવામાં આવેલાં કેસો અને અરજીઓ જો હોય તો તેને ટેકનિકલ આધારો હેઠળ બરતરફ કરવાની રહેશે અથવા નવા કાયદા હેઠળ ફરીથી ફાઈલ કરવા પડશે. જે ફક્ત હેતુને પૂર્ણ કરશે અને કોઈપણ અર્થપૂર્ણ પરિણામ વિના વધુ ન્યાયિક સમય અને સંસાધનોનો ખર્ચ કરાવશે.

**અયોગ્ય જગ્યાએ અગ્રતાઓ**

વિરોધનું મુખ્ય કારણ એ પણ છે કે, નવા ફોજદારી કાયદાઓની રજૂઆત ઉતાવળભરી રીતે કરાયા છે, સામાન્ય રીતે ઉત્સાહિત જાહેર ચર્ચા વિચારણા શામેલ હોવી જોઈએ, તેના બદલે આ કાયદાઓ ખરડામાંથી ઔપચારિક અધિનિયમોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા. નવા ફોજદારી કાયદાઓ વિશે આવી કોઈ જાહેર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી ન હતી. સંસદ દ્વારા કાયદા પંચનો કોઈ અહેવાલ માંગવામાં આવ્યો ન હતો, ફોજદારી ન્યાય પ્રણાલીમાં પ્રસ્તાવિત સંખ્યાબંધ ફેરફારો પર કોઈ વિગતવાર ચર્ચા કરવામાં આવી ન હતી. આવી મોટાભાગે બિન-સહભાગી કાયદાકીય પ્રક્રિયા, ગંભીર વાંચન માગી લે છે, ખાસ કરીને જ્યારે કોઈ વ્યક્તિ (a) વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતની સ્થિતિ અને (b) માનવ અધિકારો અને વ્યક્તિગત સ્વતંત્રતાઓ પર ફોજદારી ન્યાય પ્રણાલીમાં ફેરફારોનું મહત્વ માને છે.નવા ફોજદારી કાયદાઓ પર સહભાગી સંવાદનો અભાવ, એ દલીલને વધુ વિશ્વસનીયતા આપે છે કે, જ્યારે કાયદાકીય કાર્યવાહીની વાત આવે ત્યારે તેમની રજૂઆત સરકારની ખોટી સ્થાને રહેલી પ્રાથમિકતાઓનો સંકેત આપે છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૦માં સંસદ દ્વારા રજૂ કરવામાં આવેલા ડ્રાફ્ટ લેબર કોડ્સ સાથે નવા ફોજદારી કાયદાઓની ઉતાવળમાં પરિચયની વિપરિત, ચાર વર્ષ પછી નવી શ્રમ સંહિતા હજુ પણ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી નથી, કારણકે સંખ્યાબંધ રાજ્યોમાં હજુ સુધી તેમના પોતાના અધિકારક્ષેત્રમાં લેબર કોડ લાગુ કરવા માટે અંતર્ગત નિયમો ઘડવાના બાકી છે.અને તેમ છતાં, ડ્રાફ્ટ લેબર કોડના અમલીકરણ માટે જે સમય લાગે છે તે ચેતવણી અથવા ગભરાટનું કારણ નથી. ભારતના શ્રમ કાયદાઓની વ્યાપક સુધારણા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહકારી પ્રયાસોની આવશ્યકતા છે, જેમાં હિસ્સાધારકોના હિતોના સંપૂર્ણ યજમાનને જવાબદાર ગણવામાં આવે છે. ચિંતાજનક અને નિરાશાજનક બાબત એ છે કે, નવા ફોજદારી કાયદાઓની રજૂઆતમાં આવા પ્રયાસોની નકલ કરવામાં આવી ન હતી, જે કેટલાક દલીલ કરી શકે છે કે, ભારતીય નાગરિકોના માનવ અધિકારો અને નાગરિક સ્વતંત્રતાને ડ્રાફ્ટ લેબર કોડ્સ કરતાં વધુ પ્રભાવિત રીતે અસર કરે છે. નવા ફોજદારી કાયદાઓ કદાચ ખોટી અગ્રતાનો કેસ હોઈ શકે છે, અને તેમની ઉતાવળભરી રજૂઆત પછીની વાસ્તવિક અસરો જોવાનું બાકી છે. રાજભાષા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૫ હેઠળ, સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ દરેક કેન્દ્રીય અધિનિયમ, જેને રાષ્ટ્રપતિની સંમતિ મળી હોય, તેનો હિન્દીમાં અનુવાદ કરવો જરૂરી છે. જો કે, સરકાર દ્વારા તેના નવા કાયદાઓ માટે હિન્દી નામો અપનાવવાના તાજેતરના વલણ સાથે (ભારતીય વાયુયાન વિધેયક બિલ નવીનતમ પુનરાવર્તન છે), કદાચ વાસ્તવિક અગ્રતા આવા અનુવાદો પરના જાહેર ખર્ચને એકવાર અને બધા માટે બચાવવાની છે.

**- તન્વી દુબેસુમિત ચેટરજી**
**(સૌ : ધ ક્વિન્ટ.કોમ)**

# મહાત્મા ગાંધી સાથે જેલમાં જનારા ૧૧૪ વર્ષના સ્વતંત્રતા સેનાનીનું વર્ષ ૨૦૧૫માં કોલકાતામાં અવસાન થયું હતું



મહાન સ્વતંત્રતા સેનાની સૈયદ મોહમ્મદ શરફુદ્દીન કાદરી, જેમને રિપ્પન સ્ટ્રીટમાં તેમના પડોશમાં પ્રેમથી હકીમ સાહેબ તરીકે ઓળખવામાં આવતા હતા. તેઓ તેમનો ૧૧૪મો જન્મદિવસ ઉજવ્યાના ત્રણ દિવસ પછી અવસાન પામ્યા હતા. તેઓ દાંડી માર્ચમાં મહાત્મા ગાંધી સાથે ગયા હતા અને બાદમાં તેમની સાથે કટકની જેલમાં પણ ઘણા દિવસો વિતાવ્યા હતા. ૨૦૦૭માં, તેમને ભારતમાં બ્રિટિશ શાસન સામેની લડત માટે પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

મધ્ય કોલકાતામાં અબ્દુલ હલીમ લેનમાં યુનાની મેડિકલ કોલેજ અને હોસ્પિટલની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રખ્યાત યુનાની પ્રેક્ટિશનર કાદરીનો જન્મ ૨૫ ડિસેમ્બર, ૧૯૦૧માં થયો હતો જયારે કોલકાતા હજુ પણ દેશની રાજધાની હતી અને મહાત્મા ગાંધી ભારત પાછા ફર્યા ન હતા. તેમના પુત્ર મંઝર સાદિકે કહ્યું કે, મારા પિતાને ગાંધીજી સાથે અંગ્રેજોએ કટકમાં કેદ કર્યા હતા. સવિનય આજ્ઞાભંગની ચળવળ દરમિયાન તેઓ દરેક જગ્યાએ તેમની સાથે હતા.

"ઓક્ટોબરમાં, અબ્બા લખનૌ ગયા હતા જ્યાં તેઓ યુનાની પ્રેક્ટિશનરોની કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ હતા. મુખ્યપ્રધાન અખિલેશ યાદવે તેમને તેમના ઘરે આમંત્રણ આપ્યું હતું," સાદિક જણાવે છે. કાદરીનો જન્મ ૧૯૦૧માં નાતાલના દિવસે બિહારના નવાદા જિલ્લાના કુમરાવના દૂરના ગામમાં થયો હતો. તેમનો પરિવાર ૧૯૩૦ના દાયકાના મધ્યમાં કલકત્તા ગયો હતો. હકીમજી તેમના દિવસની શરૂઆત ફજર (સવારની નમાઝ) સાથે કરતાં અને ત્યારબાદ હાજી મોહમ્મદ મોહસીન સ્કવેર પર તેમની ચેમ્બર, સ્વદેશી દવાખાનાની મુલાકાત લેતા હતા જ્યાં દર્દીઓ પહેલેથી જ તેમની રાહ જોતા હતા અને તેમનો પુત્ર સાદિક કહે છે કે તેઓ દરરોજ ૧૦૦થી વધુ દર્દીઓની નિ:શુલ્ક તપાસ કરતાં હતા. સાદિક કહે છે કે, યુનાની દવાઓ અંગે તેમનો જુસ્સો હતો અને તેઓ દર્દીની નાડી પકડીને તેમના અનુભવથી જ બીમારીને ઓળખી શકતા હતા. તેઓ વંધ્યત્વની સારવારમાં વિશેષતા ધરાવતા હતા અને તેઓ પોતાનું કામ કર્યા પછી તેમની પરંપરાગત ચાલવાની આદત ક્યારેય ચૂકતા ન હતા. તેઓ સંધિવાથી પીડિત હતા જેના કારણે તેઓ તેમની ફિટનેસનું ખાસ ધ્યાન રાખતા હતા. કાદરીએ બાળકો માટે અનૌપચારિક શાળા શરૂ કરી અને રિપ્પન સ્ટ્રીટમાં પુખ્ત સાક્ષરતા અભિયાન શરૂ કર્યું હતું અને તેઓ આ સંસ્થાના સ્થાપક સભ્ય હતા. કાદરીએ તેમની ફિટનેસ અને દીર્ધાયુષ્ય પાછળનું રહસ્ય તેના મિત્રો સમક્ષ જાહેર કરતા કહ્યું કે, હું દરરોજ બે ગ્લાસ લીમડાનો રસ પીઉં છું. આ ફિટનેસ મંત્ર તેમને તેમના પિતા મોહમ્મદ મોહિબુદ્દીને આપ્યો હતો જેમનું છેક ૧૨૧ વર્ષની વયે અવસાન થયું હતું! આજે પણ રિપ્પન સ્ટ્રીટના શિક્ષક અને રહેવાસી હસનૈન ઈમામ જ્યારે તેઓ કૉલેજમાં હતા ત્યારે તેમણે હકીમ સાહેબ સાથે વિતાવેલા સમયને યાદ કરે છે. તેઓ કહે છે કે તેઓ જ્ઞાનનો એક ભંડાર હતા. રાજકારણથી લઈને સૂફીવાદ સુધી, અમે વિવિધ વિષયોની તેમની સાથે ચર્ચા કરતાં હતા, હવે આજના સમયમાં તેમના જેવા લોકો મળવા મુશ્કેલ છે.

**આઝાદીના જંગમાં મુસ્લિમોનું યોગદાન**

# પ્રખ્યાત ધર્મશાસ્ત્રી અને સ્વાતંત્ર્યસેનાની : શૈખુલ હિંદ મૌલાના મહેમુદ હસન



પ્રખ્યાત ધર્મશાસ્ત્રી અને સ્વાતંત્ર્યસેનાની, મૌલાના મહમૂદ હસન, જેઓ શેખહુલ હિંદ (ભારતના નેતા) તરીકે જાણીતા છે. તેમણે ૧૯૨૦માં ઉત્તર ભારતના અલીગઢ ખાતે જામિયા મિલ્લિયા ઈસ્લામિયાનો શિલાન્યાસ કર્યો હતો અને તેમનો જન્મ બરેલી ખાતે ૧૮૫૧માં થયો હતો જ્યાં તેમના પિતા મૌલાના ઝુલ્ફેકાર અલી પણ અરબી ભાષાના જાણીતા વિદ્વાન હતા અને શિક્ષણ વિભાગમાં નોકરી કરતા હતા. તેઓ ઈસ્લામિક વિજ્ઞાનની વિશ્વ વિખ્યાત સંસ્થા, દેવબંદ, દારુલ ઉલૂમના પ્રથમ વિદ્યાર્થી હતા અને આ સંસ્થાના સ્થાપક મૌલાના મોહમ્મદ કાસિમ નાનોતવીના સૌથી પ્રતિષ્ઠિત શિષ્યો પૈકી એક હતા. ૧૮૭૩માં દારુલ ઉલૂમમાંથી સ્નાતક થયા પછી, તેમણે ૧૮૭૪થી ૧૮૯૦માં આચાર્ય તરીકે તેમની નિમણૂક સુધી તે જ સંસ્થામાં શિક્ષક તરીકે સેવા આપી હતી. તે સમયના ઉલેમાઓ અને દારુલ ઉલૂમમાં શિક્ષણ અને વહીવટી કાર્યોમાં તેમની વ્યસ્તતાથી વિપરીત, તેઓ દેશની રાજકીય ઘટનાઓ વિશે પણ સંપૂર્ણ માહિતગાર રહેતા હતા. ૨૦મી સદીનો બીજો દાયકો એ તુર્કી સામ્રાજ્યને ઉથલાવી પાડવા માટે પશ્ચિમી સત્તાઓ વચ્ચેના ગુપ્ત કરારના પરિણામે ઈસ્લામિક વિશ્વ માટે ભારે ચિંતાનો સમય હતો.

આ સમય દરમિયાન, શૈખુલ હિંદે બ્રિટિશ શાસન સામે સશસ્ત્ર ક્રાંતિ શરૂ કરવાની યોજના તૈયાર કરી, જેના માટે તેમણે ભારત અને વિદેશમાં તેમના શિષ્યોમાંથી સ્વયંસેવકોને તાલીમ આપવાનો કાર્યક્રમ શરૂ કર્યો, આ ચળવળમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. તેમાંના સૌથી પ્રખ્યાત મૌલાના ઉબૈદુલ્લા સિંધી અને મૌલાના મોહમ્મદ અને મિયાં મન્સૂર અંસારી પણ હતા. એ સમયે એક એવી સામાન્ય માન્યતા હતી કે શસ્ત્રો વિના સ્વતંત્રતા યુદ્ધ શરૂ કરી શકાતું નથી. તેથી, ભારતની બહારથી સમર્થન મેળવવું જરૂરી હતું. જ્યારે શેખુલ હિંદે મૌલાના ઉબૈદુલ્લા સિંધીને ખાસ મિશન સાથે કાબુલ મોકલ્યા અને મૌલાના મોહમ્મદ મિયાં મન્સૂર અંસારીએ સરહદી વિસ્તારના સ્વતંત્ર આદિવાસીઓને અંગ્રેજ શાસન સામેના યુદ્ધ માટે એકત્ર કરવાનું કામ કર્યું અને તેમણે પોતાની યોજના માટે તુર્કીનો ટેકો મેળવવા માટે ૧૯૧૫માં પોતે હિજાઝની યાત્રા કરી હતી. હિજાઝમાં, તેઓ તુર્કીના ગવર્નર, ગાલિબ પાશાને મળ્યા હતા અને યુદ્ધની ઘોષણા પર તેમની સહી મેળવી હતી. હિજાઝથી તે બગદાદ અને બલુચિસ્તાન થઈને સરહદી વિસ્તારમાં આવવાના હતા પરંતુ તેમની આ યોજના લીક થઈ ગઈ હતી અને મક્કામાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને માલ્ટામાં કેદ કરવામાં આવ્યા હતા જ્યાં તે ૧૯૨૦માં તેમની મુક્તિ સુધી ત્રણ વર્ષ સુધી રહ્યા હતા. પોતાના સૈન્ય માટે સ્વયંસેવકોની ભરતી કરવા અને રાષ્ટ્રીય સરકારની સ્થાપના કરવાની યોજનાની રૂપરેખા ધરાવતા શૈખુલ હિંદ અને તેમના સાથીદારો વચ્ચે થયેલા પત્રોની આપ-લે રેશમ પર લખવામાં આવી હોવાથી, તેમના દ્વારા શરૂ કરાયેલ ચળવળને 'રેશ્મી રૂમાલ તહેરિક' તરીકે ઓળખવામાં આવે છે. ભારત પરત ફર્યા બાદ શૈખુલ હિંદ ખિલાફત ચળવળમાં જોડાયા અને અંગ્રેજ શાસન સામે અસહકારનો તેમનો પ્રખ્યાત ફતવો બહાર પાડ્યો હતો. તે જ વર્ષે ૧૯૨૦ના ઓક્ટોબરમાં તેમણે અલીગઢ ખાતે જામિયા મિલ્લિયા ઈસ્લામિયાનો શિલાન્યાસ કર્યો હતો અને ૩૦મી નવેમ્બર ૧૯૨૦ના રોજ તેમનું અવસાન થયું હતું.

# અસફ અલી : પ્રખ્યાત ભારતીય સ્વતંત્રતાસેનાની અને જાણીતા વકીલ

અસફ અલી (૧૧ મે ૧૮૮૮ - ૨ એપ્રિલ ૧૯૫૩) એક પ્રખ્યાત ભારતીય સ્વતંત્રતા સેનાની અને જાણીતા ભારતીય વકીલ હતા. તેઓ અમેરિકામાં પ્રથમ ભારતીય રાજદૂત હતા. તેમણે ઓડિશાના રાજયપાલ તરીકે પણ સેવા આપી હતી. અસફ અલીએ તેમનું શિક્ષણ દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં પૂર્ણ કર્યું હતું. તેમને ઈંગ્લેન્ડમાં લિંકન્સ ઈનમાંથી બારમાં બોલાવવામાં આવ્યા હતા. ૧૯૧૪માં, ઓટ્ટોમન સામ્રાજ્ય પર બ્રિટિશ હુમલાની ભારતીય મુસ્લિમ સમુદાય પર મોટી અસર પડી હતી. અસફ અલીએ તુર્કી પક્ષને ટેકો આપ્યો અને પ્રિવી કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે આને અસહકારના કૃત્ય તરીકે જોયું અને ડિસેમ્બર ૧૯૧૪માં ભારત પરત ફર્યા હતા. ભારત પરત ફર્યા પછી, અસફ અલી રાષ્ટ્રવાદી ચળવળમાં સામેલ થયા હતા. તેઓ ૧૯૩૫માં મુસ્લિમ નેશનાલિસ્ટ પાર્ટીના સભ્ય તરીકે સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલી માટે ચૂંટાયા હતા. ત્યારપછી તેઓ કોંગ્રેસના સભ્ય તરીકે નાયબ નેતા તરીકે નિયુક્ત થયા હતા. સ્વતંત્રતા ચળવળ દરમિયાન અસફ અલીએ જેલવાસ ભોગવ્યો હતો. તેમાંથી છેલ્લો સમય ઓગસ્ટ ૧૯૪૨માં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા કરવવામાં આવેલા 'ભારત છોડો' આંદોલનને પગલે હતો. તેમને જવાહરલાલ નહેરુ અને કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યો સાથે અહમદનગર ફોર્ટ જેલમાં નજરકેદ રાખવામાં આવ્યા હતા. તેઓ ૨ સપ્ટેમ્બર ૧૯૪૬થી જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળની ભારતની વચગાળાની સરકારમાં રેલવે અને પરિવહનનો હવાલો સંભાળતા હતા. તેમણે ફેબ્રુઆરી ૧૯૪૭થી મધ્ય એપ્રિલ ૧૯૪૭ સુધી યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ ભારતીય રાજદૂત તરીકે સેવા આપી હતી. અસફ અલી યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ ભારતીય રાજદૂત હતા. તેમની બે ટર્મ માટે ઓડિશાના ગવર્નર અને બાદમાં સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી હતી.



અલી નવેમ્બર ૧૯૪૫માં રાજદ્રોહના આરોપમાં ભારતીય રાષ્ટ્રીય સૈન્યના અધિકારીઓના સંરક્ષણ માટે કોંગ્રેસ દ્વારા સ્થાપિત INA સંરક્ષણ ટીમના કન્વીનર બન્યા હતા. ભગતસિંહ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ હેઠળ હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કોંગ્રેસ પાર્ટીના સભ્ય અસફ અલી તેમના વકીલ હતા. ૧૯૨૮માં, તેમણે અરુણા અસફ અલી સાથે લગ્ન કર્યા હતા, આ લગ્ન ધર્મના આધારે વિવાદાસ્પદ બન્યા હતા. (અસફ અલી મુસ્લિમ હતા જ્યારે અરુણા હિન્દુ હતા) અને વય તફાવત (અરુણા તેમનાથી ૨૦ વર્ષ જુનિયર હતી) પણ હતો. ભારત છોડો ચળવળ, ૧૯૪૨ દરમિયાન બોમ્બેના ગોવાલિયા ટાંકી મેદાનમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ધ્વજ લહેરાવવા માટે તેણીને વ્યાપકપણે યાદ કરવામાં આવે છે. અરુણા અસફ અલીને તેમના આ કાર્ય માટે ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતના રાજદૂત તરીકે ફરજ બજાવતા અસફ અલીનું ૨ એપ્રિલ ૧૯૫૩ના રોજ બર્ન ખાતેના કાર્યાલયમાં અવસાન થયું હતું. ૧૯૮૯માં ઈન્ડિયા પોસ્ટે તેમના સન્માનમાં સ્ટેમ્પ બહાર પાડ્યું હતું.

**હદીસ બોધ**

ત્રણ સ્થળોએ ક્યારેય બગાડ કરશો નહિ : પાણીનો સ્ત્રોત, રાહદારી રસ્તો અને છાંયડો. - હદીસ બોધ

**બોધ વચન**

ભલે રાજા હોય કે ગરીબ પરંતુ સૌથી વધુ સુખી એ માણસ છે, જેને ઘરમાં શાંતિ પ્રાપ્ત થાય છે. - ગેટ

**આજની આરસી**

૧૪ ઓગસ્ટ બુધવાર ૨૦૨૪
૮ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ સુદ નોમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૧
ખત્મે ઝવાલ ૧૨-૪૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૩

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# લિજેન્ડ્સ પ્રીમિયર લીગ શરૂ કરવા વિચારી રહેલું BCCI

નવી દિલ્હી, તા.૧૩

બીસીસીઆઇ એક નવી ક્રિકેટ લીગ શરૂ કરવા વિચારી રહ્યું છે. આ લીગ રિટાયર થઈ ચૂકેલા ક્રિકેટર માટે હોઈ શકે છે, જેને 'લિજેન્ડ્સ પ્રીમિયર લીગ' નામ આપી શકાય છે. એક રિપોર્ટ અનુસાર અમુક પૂર્વ ભારતીય ક્રિકેટરોએ બીસીસીઆઇના સચિવ જય શાહ સાથે આ વિશે વાત કરી છે. બીસીસીઆઇ આને આગામી વર્ષ સુધી શરૂ કરવા વિચાર કરી રહ્યું છે. હાલ બીસીસીઆઇ બે લીગ આઇપીએલ અને WPLનું આયોજન કરે છે. વિશ્વભરમાં લિજેન્ડ્સ લીગની કોઈ કમી નથી. રોડ સેફ્ટી વર્લ્ડ સિરીઝ, લિજેન્ડ્સ લીગ ક્રિકેટ, વર્લ્ડ ચેમ્પિયનશીપ ઓફ લિજેન્ડ્સ અને ગ્લોબલ લિજેન્ડ્સ લીગ જેવી લીગનું આયોજન કરવામાં આવે છે. આ લીગ મુખ્ય રૂપથી તે ક્રિકેટરો માટે છે. જે સંન્યાસ લઈ ચૂક્યા છે. જો બીસીસીઆઇ પોતાની લીગ શરૂ કરે છે તો આ કોઈ ક્રિકેટ બોર્ડ દ્વારા આયોજિત પ્રથમ લિજેન્ડ્સ ટુર્નામેન્ટ હશે. હાલ રમાનારી લીગ ખાનગી છે. નવી લીગમાં સચિન તેન્ડુલકર, યુવરાજસિંહ, સેહવાગ, ક્રિસ ગેલ અને ડિવિલિયર્સ જેવા ખેલાડી રમતા જોવા મળશે.

# પેરિસ ઓલિમ્પિકના પાંચ વિવાદ

૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ વચ્ચે રમાયેલ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪નું સમાપન થઈ ચૂક્યું છે. ભારત ૬ મેડલ સાથે પોઇન્ટ ટેલીમાં ૭૧મા સ્થાને રહ્યું છે. આઝાદી બાદથી ભારતની આ ૧૫મી ઓલિમ્પિક હતી પણ મેડલના મામલામાં આપણે હજી પણ ડબલ ફિગરમાં પહોંચી શક્યા નથી. જો વિનેશ ફોગાટનું વજન અચાનક વધતું નહીં તો કદાચ આપણે ગત ઓલિમ્પિકના સાત મેડલના રેકોર્ડની બરાબરી કરી લેતા. ફક્ત વિનેશ ફોગાટનો મામલો જ નહીં, આ ઓલિમ્પિકમાં એવી અનેક વિવાદિત ક્ષણો આવી જેણે દુનિયાનું ધ્યાન રમતથી વધારે કોન્ટ્રોવર્સી તરફ ખેંચ્યું. પેરિસ ઓલિમ્પિકના પાંચ વિવાદો પર નજર કરીએ.

**● બહેનના પગલે ફસાઈ ગઈ હતી અંતિમ પંઘાલ :-**

પોતાની પહેલી જ મેચમાં હારીને બહાર થનારી યુવા મહિલા પહેલવાન અંતિમ પંઘાલ ઓલિમ્પિકના અંતિમ રાઉન્ડમાં મોટા વિવાદમાં ફસાઈ ગઈ હતી. અંતિમ પર આરોપ લાગ્યો કે તેણે ખોટી રીતે પોતાની બહેનને ખેલગાંવની અંદર ઘૂસાવી દીધી. સિક્યોરિટી અધિકારીઓએ અંતિમની બહેન નિશા પંઘાલને કેમ્પસમાં એક્રેડિટેશન કાર્ડનો ઉપયોગ કરતા પકડી હતી. ત્યારબાદ અંતિમ પંઘાલની પણ માન્યતા રદ કરી દેવાઈ અને તેને ખેલગાંવમાંથી કાઢી મૂકાઈ.

**● પોર્ન ફિલ્મની ઓફરની અફવા :-**

ફ્રાન્સના એન્થોની અમ્મીરાતી પેરિસ ઓલિમ્પિકમાં ભલે કોઈ મેડલ જીત્યો નથી પણ નામ એટલું કમાયું કે હવે વિશ્વભરમાં તેની જ ચર્ચા થઈ રહી છે. ૨૧ વર્ષીય આ ફ્રાન્સીસી હાઇ જમ્પરનો એક વીડિયો ઇન્ટરનેટ પર વાયરલ થયો, જેમાં ક્રોસબાર સાથે એન્થોનીના શરીરનો ભાગ ટકરાઈ જાય છે અને તે ડિસ્ક્વોલિફાઇ થઈ જાય છે. ત્યારબાદ સોશિયલ મીડિયા પર અફવા ફેલાઈ ગઈ કે એક લાઇવ સ્ટ્રીમિંગ વેબકેમ પોર્નોગ્રાફી પ્લેટફોર્મથી એન્થોની અમ્મીરાતીને કામ કરવાની ઓફર આવી જેની કિંમત ૨,૫૦,૦૦૦ યુએસ ડૉલર છે.

**● સુંદરતાના કારણે ઓલિમ્પિકમાંથી બહાર કઢાઈ :-**

ઓલિમ્પિક ગેમ્સમાં અનેક સુંદર મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો પણ આજ સુધી કોઈને તેની સુંદરતાના કારણે ખેલગાંવમાંથી બહાર કઢાઈ નથી પણ પરાગ્વેની યુવા મહિલા સ્વિમર લુઆના અલોન્સોની સુંદરતા તેની સૌથી મોટી દુશ્મન બની ગઈ. કહેવાય છે કે, તે એટલી સુંદર હતી કે, તેને જોઈને તેના સાથી ખેલાડીઓનું ધ્યાન ભટકી જતું હતું. એટલા માટે તેને ખેલગાંવથી બહારનો રસ્તો બતાવી દેવાયો.

**● જેન્ડર ટેસ્ટમાં ફેલ થયો ટ્રાન્સજેન્ડર ? :-**

અલ્જિરિયાની ઈમાન ખલીફને લઈને પણ મોટી બબાલ થઈ. કોઈએ તેને મહિલાના વેશમાં છૂપાયેલો પુરૂષ ગણાવ્યો તો કોઈ ટ્રાન્સજેન્ડર કહેવો લાગ્યો. ઈમામ ખલીફ પર આરોપ લાગ્યો કે જેન્ડર ટેસ્ટમાં પહેલા ફેલ થવા છતાં તેને ઓલિમ્પિકમાં રમવાની મંજૂરી અપાઈ અને તેણે મહિલાઓની ૬૬ કિ.ગ્રા. ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો.

**● ઓસ્ટ્રેલિયાનો હોકી ખેલાડી ડ્રગ્સ લેતા ઝડપાયો :-**

પેરિસ ઓલિમ્પિક દરમ્યાન ઓસ્ટ્રેલિયન હોકી ટીમનો ખેલાડી ટોમ ક્રેગની પોલીસે ધરપકડ કરી હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ જેવી જ ઓલિમ્પિકમાંથી બહાર થઈ. તે જ રાત્રે ટોમ ક્રેગ કોકીન ખરીદવાના પ્રયાસમાં ઝડપાઈ ગયો. ઓલિમ્પિક દરમ્યાન ડ્રગ્સ ખરીદતા પકડાવાનો આ પ્રથમ મામલો હતો. ઓસ્ટ્રેલિયાની પુરૂષ અને મહિલા ટીમ ક્વાર્ટર ફાઇનલમાં હારીને બહાર થઈ ગઈ હતી.

# ઉત્તર પ્રદેશમાં ઉચ્ચ જાતિના ખેડૂતના પુત્રએ દલિત મહિલાને માર માર્યો, કેસ દાખલ

(એજન્સી) તા.૧૩

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લામાં પોલીસે એક ઉચ્ચ જાતિના ખેડૂત અને તેના પુત્ર સામે એક દલિત મહિલાને માર મારવા અને જ્ઞાતિવાદીઓ સાથે દુર્વ્યવહાર કરવા બદલ કેસ નોંધ્યો છે જ્યારે તે ટ્યુબવેલમાંથી પાણી ભરતી હતી. પોલીસે જણાવ્યું કે દલિત મહિલા ખેતમજૂરીનું કામ કરે છે. જસપુરા પોલીસ સ્ટેશન (બાંદા)ના સ્ટેશન હાઉસ ઓફિસર મોની નિષાદે જણાવ્યું કે પીડિતા સીતા દેવી (૩૬)ની ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને તપાસ ચાલુ છે.

આરોપીઓની ઓળખ રાજેન્દ્ર સિંહ ઉર્ફે બડેલા અને તેના પુત્ર જીતેન્દ્ર પ્રતાપ સિંહ તરીકે થઈ છે, જેઓ સિકાહુલા ગામના રહેવાસી છે. આ ઘટના ૬ ઓગસ્ટના રોજ બની હતી, પરંતુ પોલીસે શનિવારે FIR દાખલ કરી હતી.

જ્યારે એફઆઈઆર દાખલ કરવામાં વિલંબ વિશે પૂછવામાં આવ્યું ત્યારે, સીતા દેવીના પતિ પુટ્ટુ સોનકર, ૪૩, જણાવ્યું હતું કે તેઓ કેસ નોંધવા માટે ઘણા દિવસોથી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ રહ્યા છે. રોજીરોટી માટે વિચિત્ર નોકરી કરતા સોનકરે જણાવ્યું કે, "મેં પોલીસ કંટ્રોલ રૂમમાં આ ઘટના અંગે ફરિયાદ પણ નોંધાવી હતી. પોલીસે આખરે ૧૦ ઓગસ્ટે કેસ નોંધ્યો હતો." સોનકરે વધુમાં જણાવ્યું કે તેની પત્ની અને અન્ય લોકો ૬ ઓગસ્ટના રોજ આરોપી રાજેન્દ્ર સિંહના પિતરાઈ ભાઈ ચંદ્રશેખરના ખેતરમાં કામ કરી રહ્યા હતા. પરંતુ બપોરે ૨ વાગ્યાની આસપાસ તેની પત્નીને તરસ લાગી અને તેણે રાજેન્દ્ર સિંહની નજીક આવેલા ટ્યુબવેલ પર જઈને કહ્યું, "ચંદ્રશેખર અને રાજેન્દ્ર સિંહના ખેતરો એકબીજાની બાજુમાં છે. મારી પત્નીને નજીકમાં એક વાસણ પડેલું મળ્યું. ટ્યુબવેલ જોયું અને પાણી ભરવા માટે ઉપાડ્યું તે દરમિયાન, રાજેન્દ્ર સિંહ અને તેનો પુત્ર જીતેન્દ્ર પ્રતાપ આવ્યા અને વાસણો ઉપાડવા માટે તેની પત્નીને માર મારવા લાગ્યા. પીડિતાના પતિએ જણાવ્યું કે, "તેઓએ જાતિવાદી ટીપ્પણી કરી અને તેને જણાવ્યું કે, 'તું નીચલી જાતિની છે, અહીંથી પાણી ન પીશ.' જ્યારે તેણે જવાબ આપ્યો, 'ઠીક છે, અમે નીચી જાતિના છીએ, અમે પાણી પીવા માટે બીજે જઈશું, પરંતુ મારી સાથે દુર્વ્યવહાર કરશો નહીં,' ત્યારે તેઓએ તેને લાફો મારવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે ખેતરોમાં કામ કરતી અન્ય મહિલાઓ સ્થળ પર પહોંચી અને દરમિયાનગીરી કરી, ત્યારબાદ પિતા-પુત્ર ત્યાંથી ચાલ્યા ગયા.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫ (સ્વૈચ્છિક રીતે નુકસાન પહોંચાડવું) અને ૩૫૨ (શાંતિનો ભંગ કરવા માટે ઈરાદાપૂર્વકનું અપમાન) હેઠળ FIR નોંધવામાં આવી છે. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ પણ કેસ નોંધ્યો છે.

# ચેન્નાઈમાં ગટર સાફ કરતા સમયે દલિત યુવકનું શ્વાસ રૂંધાવાથી મોત

(એજન્સી) તા.૧૩

તામિલનાડુના અવડીના ૨૫ વર્ષીય દલિત વ્યક્તિનું ૧૧ ઓગસ્ટ, રવિવારના રોજ ભૂગર્ભ ગટર સાફ કરતી વખતે ગૂંગળામણને કારણે મોત થયું છે. મૃતકની ઓળખ અરૂન્થથીપુરમના ગોપીનાથ તરીકે થઈ છે અને તે અવડી સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટ કર્મચારી તરીકે કામ કરતો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર અવડી શહેર મહાનગરપાલિકાના ચાર કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓ જ્યારે અવાડીની કુરીનજી સ્ટ્રીટ ખાતે ભૂગર્ભ ગટરમાંથી બ્લોકેજ હટાવી રહ્યા હતા, ત્યારે ગોપીનાથ ગટરમાં ઉતર્યા હતા અને ઝેરી ગેસને કારણે શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી.

તમિલનાડુ ફાયર અને બચાવ સેવાઓને જાણ કરવામાં આવી હતી અને તરત જ એક ટીમ આવી પહોંચી હતી અને ગોપીનાથને ભૂગર્ભ ગટરમાંથી બહાર કાઢ્યો હતો. તેને નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. બાદમાં તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કિલપૌક મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. અવડી પોલીસે જણાવ્યું કે પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) કલમ ૧૦૫ (ગુનેગાર હત્યાની સજા હત્યાની રકમ નહીં) અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની અન્ય સંબંધિત કલમો હેઠળ નોંધવામાં આવી છે. જો કે, તેને મેન્યુઅલ સ્કેવેન્જિંગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું નથી અને આરોપી તરીકે સૂચિબદ્ધ લોકોની વિગતો જાહેર કરવામાં આવી નથી.

મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩ મુજબ, કલમ ૨(S) "મેન્યુઅલ સ્કેવેન્જર"ને એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે જે અસ્વચ્છ શૌચાલયમાં અથવા કોઈપણ ખુલ્લા ગટર અથવા ખાડામાં કામ કરે છે, જેમાં માનવ મળમૂત્રનો નિકાલ થાય છે. અસ્વચ્છ શૌચાલય, અથવા રેલ્વે ટ્રેક અથવા અન્ય આવા સ્થળો અથવા પરિસરમાં કોઈપણ રીતે હાથથી માનવ મળમૂત્રને સાફ કરે છે, વહન કરે છે, નિકાલ કરે છે અથવા તેનું સંચાલન કરે છે. તેમાં ગટર અથવા સેપ્ટિક ટાંકીનો સમાવેશ થતો નથી.

આ અધિનિયમ અલગથી ગટર અથવા સેપ્ટિક ટાંકીની "ખતરનાક સફાઈ"ને કર્મચારી દ્વારા "મેન્યુઅલ સફાઈ" તરીકે વ્યાખ્યાયિત કરે છે જે એમ્પ્લોયર તેમને રક્ષણાત્મક ગિયર, અન્ય સફાઈ સાધનો પ્રદાન કર્યા વિના અને સલામતીની સાવચેતીઓનું પાલન કર્યા વિના કરે છે. તે એમ પણ જણાવે છે કે "ઉપકરણો" અથવા "રક્ષણાત્મક ગિયર"ની મદદથી મળમૂત્રને સાફ કરવા માટે રોકાયેલ અથવા કાર્યરત વ્યક્તિ 'મેન્યુઅલ સ્કેવેન્જર' તરીકે ગણવામાં આવશે નહીં. આ સાંકડી અને અસ્પષ્ટ વ્યાખ્યાનો ઉપયોગ એમ્પ્લોયરો દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જિંગ કરવા માટે કામદારોને ભાડે

## નીરજ અને મનુના લગ્નને લઈ અફવાઓ પર પિતાએ મૌન તોડ્યું

# મનુ ભાકર હજુ નાની છે અને લગ્ન વિશે વિચાર્યું નથી : પિતા

નવી દિલ્હી, તા.૧૩

શું સ્ટાર શૂટર મનુ ભાકરની શાદી જેવલિન થ્રોઅર નીરજ ચોપડા સાથે થશે ? આ સવાલ છેલ્લા બે દિવસોથી સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. મનુ અને નીરજ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ ક્લોઝિંગ સેરેમની પહેલાં ઘણીવાર સુધી વાતચીત કરતા દેખાયા હતા. ત્યારબાદ બંનેના લગ્નને લઈ અટકળો લાગવાનું શરૂ થઈ ગયું. નીરજ એક વીડિયોમાં મનુની માતા સુમેધા ભાકર સાથે મુલાકાત કરતા દેખાયો હતો. નીરજ અને સુમેધાની મુલાકાત બાદ તો લગ્નને લઈ અફવાઓનું બજાર ગરમ થઈ ગયું. જો કે, ૨૨ વર્ષીય મનુના પિતા રામકિશન ભાકરે હવે અફવાઓ પર મૌન તોડ્યું છે. રામકિશને મનુ અને નીરજના લગ્નની અટકળોને ફગાવી



દીધી છે. તેમણે કહ્યું કે, મનુની ઉંમર હજુ ઓછી છે અને લગ્ન વિશે વિચાર્યું નથી. તેમણે કહ્યું કે, મનુની માતા ૨૬ વર્ષીય નીરજને પોતાના દીકરા જેવો માને છે. રામકિશને કહ્યું કે, મનુ હજી નાની છે. તેની લગ્નની ઉંમર પણ નથી. હાલ તો આ વિશે વિચાર્યું નથી. તેમણે સુમેધા અને નીરજના વીડિયો પર કહ્યું કે, મનુની માતા નીરજને પોતાના દીકરા સમાન ગણે છે. વીડિયોમાં મનુની માતા નીરજનો હાથ પોતાના માથા પર મૂકી અમુક કસમ આપતા દેખાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે પેરિસ ઓલિમ્પિકમાં કુલ ૬ મેડલ જીત્યા. મનુએ બે બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો હતો. મનુ આઝાદી બાદ એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લિટ છે. તે ઓલિમ્પિકમાં મેડલ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા શૂટર પણ છે.

# જો બોલી લાગશે તો કોહલી ૩૦ કરોડથી વધુ રકમમાં વેચાશે : એડમીડ્સ

નવી દિલ્હી, તા.૧૩

આઈપીએલમાં અનેકવાર ઓક્શન આયોજિત કરી ચૂકેલા ફેમસ ઓક્શનિયર હ્યુ એડમીડ્સે એક મોટો દાવો ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીને લઈ કર્યો છે. તેમણે જણાવ્યું કે, આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે રમનાર વિરાટ કોહલી જો ઓક્શનમાં જશે તો તેને આરામથી ૩૦થી વધારે કરોડ રૂપિયા મળી શકે છે. કોહલી પોતાની કારકિર્દીની શરૂઆતથી જ આઈપીએલમાં આરસીબી માટે રમી રહ્યો છે અને આરસીબી તેને સતત રિટેન કરતી રહી છે. કોહલી આજ સુધી ઓક્શનમાં સામેલ થયો નથી. તેમણે કહ્યું કે, વિરાટ કોહલીને ઓક્શનમાં રજૂ કરવો સૌથી મોટું સન્માન હશે. કિંમતના હિસાબથી મને લાગે છે કે, ૩૦ કરોડથી વધારેની રકમ પ્રાપ્ત કરી લેશે. કોહલી વર્તમાનમાં આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધારે રન બનાવનાર ખેલાડી છે. તે લીગના ઈતિહાસમાં ૮૦૦૦ રન બનાવનાર પ્રથમ બેટ્સમેન છે. વિરાટે ૭ સદી અને ૫૫ અર્ધસદી આ ટુર્નામેન્ટમાં ફટકારી છે.

# હવે અમે આગળની તૈયારી કરીશું : નીરજ ચોપડા

પેરિસ, તા.૧૩

ગોલ્ડ મેડલ માટે ભારતની સૌથી મોટી આશા, ડિફેન્ડિંગ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપડાએ પેરિસ ઓલિમ્પિકની જેવલિન થ્રો ઈવેન્ટમાં ૮૯.૪૫ના પોતાના સિઝનના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ મેડલ મેળવ્યો. નીરજ ચોપડાએ કહ્યું, ક્યાંક એવું લાગતું હતું કે, આજે સાતત્ય છે. એવું લાગતું હતું કે, આજે તે દિવસ છે જ્યારે ૯૦ મીટરનો થ્રો બનાવવામાં આવે છે અને તેના વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. એ આજે આવવાનો હતો પણ ક્યાંથી નીકળશે એ ખબર નથી. જ્યારે અરશદે ફેંક્યો ત્યારે મને ખાતરી હતી કે, એ કરશે જ, આજે એ દિવસ છે પણ એ ન થઈ શક્યું. હજુ પણ એની પાસે પોતાના દેશ માટે મેડલ જીત્યો, ધ્વજ લઈને મેદાનમાં ચક્કર લગાવ્યા. દરેકની અપેક્ષા સુવર્ણ ચંદ્રકનો બચાવ કરવાની હતી, હું કહેવા માંગુ છું કે, રમતગમતમાં તેના ઉતાર-ચઢાવ છે, તે લાંબા સમયથી મારો દિવસ રહ્યો છે, હું જીવ્યો છું, મેં વિશ્વાસ કર્યો છે અને હું તેને જીવ્યો છું. કદાચ આજનો દિવસ મારો ન હતો. આ સ્વીકારીને અમે આગળની તૈયારી કરીશું. આ સંઘર્ષ ચાલુ રહેશે. અરશદ નદીમની પ્રશંસા કરતાં નીરજે આગળ કહ્યું, 'જુઓ, જેણે મહેનત કરી છે તેને ચોક્કસ મળશે. અરશદ નદીમ આપણું ઘણું સન્માન કરે છે અને આપણી ફરજ છે કે, જો કોઈ આપણી સાથે સરસ વાત કરે તો આપણે પણ તેની સાથે સરસ વાત કરીએ. અરશદ દ્વારા કરવામાં આવેલ થ્રો ખૂબ જ સારો હતો અને તે યોગ્ય જગ્યાએ આવ્યો જ્યાં તેની જરૂર હતી. આજે એ દિવસ હતો જ્યારે મેં વિચાર્યું કે આવું થવું જોઈએ, કારણ કે, આ સમય ચાર વર્ષ પછી આવે છે. આજે મને લાગતું હતું કે, કદાચ તે ત્યાં હશે પણ કદાચ આજનો દિવસ મારો ન હતો.

## નેધરલેન્ડ ૩૪ મેડલ સાથે છઠ્ઠા નંબરે રહ્યું

# વસ્તી ભારતના ૧૮ રાજ્યોથી ઓછી પણ પેરિસમાં જીત્યા ૧૫ ગોલ્ડ મેડલ

## વિસ્તારના મામલામાં નેધરલેન્ડ વિશ્વમાં ૧૩૪મા સ્થાને જ્યારે વસ્તીના મામલામાં ૬૮ નંબરે છે, તેણે બ્રિટન, જર્મની અને ઈટાલી જેવા ધુરંધરોને પણ પાછળ પાડી દીધા

પેરિસ, તા.૧૩

૨૦૨૪ ઓલિમ્પિકનું સમાપન થઈ ગયું છે. પેરિસમાં વિશ્વભરના ૧૦ હજારથી વધારે એથ્લિટોએ ૩૨ ગેમ્સની ૩૨૯ ઈવેન્ટમાં મેડલ માટે દાવેદારી રજૂ કરી હતી. ૪૦ ગોલ્ડ મેડલ સાથે એકવાર ફરી અમેરિકા ટોપ ઉપર રહ્યું. ચીનના પણ ૪૦ ગોલ્ડ હતા પણ તેના ખાતામાં સિલ્વર ઓછા આવ્યા અને તે બીજા નંબરે રહ્યું. ઓલિમ્પિક મેડલ ટેલીના ટોપ-ટેનમાં એક એવો દેશ છે જેની વસ્તી ભારતના ૧૮ રાજ્યોથી ઓછી છે. તેમ છતાં પણ તે ૩૪ મેડલ સાથે છઠ્ઠા નંબરે રહ્યો. યુરોપમાં એક દેશ છે જેનું નામ નેધરલેન્ડ છે. આ દેશની વસ્તી ૧ કરોડ ૭૭ લાખ છે. પેરિસ ઓલિમ્પિકમાં નેધરલેન્ડે ૧૫ ગોલ્ડ મેડલ કબજે કર્યા. ઓલિમ્પિકમાં નેધરલેન્ડના ૨૭૩ એથ્લિટ ઉતર્યા હતા. તેમણે ૧૫ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૧૨ બ્રોન્ઝ મેડલ જીત્યા. દેશને રોઈંગમાં સૌથી વધારે ચાર ગોલ્ડ મેડલ મળ્યા. સાઈકલિંગમાં ત્રણ જ્યારે એથ્લેટિક્સ, હોકી અને સેલિંગમાં નેધરલેન્ડના ખાતામાં બે-બે ગોલ્ડ આવ્યા. બાસ્કેટ બોલ અને સ્વીમિંગમાં પણ તેના એથ્લિટોએ ગોલ્ડ મેડલ જીત્યો. પેરિસ ઓલિમ્પિકમાં જર્મનીએ ૪૨૮ એથ્લિટ ઉતાર્યા હતા. બ્રિટને ૩૨૭ તો ઈટાલીના ૪૦૨ એથ્લિટ મેડલ માટે દાવેદારી રજૂ કરી હતી. તેમ છતાં પણ નેધરલેન્ડે તેમનાથી વધારે ગોલ્ડ મેડલ જીત્યા છે. મેડલ ટેલીમાં નેધરલેન્ડ છઠ્ઠા સ્થાને રહ્યું છે. આ ઓલિમ્પિકમાં તેનું બેસ્ટ પ્રદર્શન છે. ૧૫ ગોલ્ડ પણ દેશે આ પહેલાં ઓલિમ્પિકમાં ક્યારેય જીત્યા નથી. વિસ્તારના મામલામાં નેધરલેન્ડ વિશ્વમાં ૧૩૪મા નંબરે આવે છે. વસ્તીના મામલામાં તે ૬૮મા નંબરે છે. તેમ છતાં પણ ઓલિમ્પિકમાં છઠ્ઠા નંબરે રહ્યું છે.

# દલિત વ્યવસાયના માલિકોને ૧૬% ઓછી આવક મળે છે : અભ્યાસ

(એજન્સી) તા.૧૩

IIMB ફેકલ્ટી મેમ્બર દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતમાં દલિત વ્યવસાયના માલિકો અન્ય વંચિત જૂથોની સરખામણીમાં આશરે ૧૬%ની આવકના તફાવતનો સામનો કરે છે. સંશોધન દર્શાવે છે કે સામાજિક મૂડીનો લાભ દલિતોને અન્ય કરતા ઓછો ફાયદો થાય છે. તે પ્રકાશિત કરે છે કે આર્થિક પ્રણાલીઓ ન્યાયી હોવી જોઈએ અને ઓળખના આધારે સફળતા નક્કી કરવી જોઈએ નહીં. IIMB ફેકલ્ટી મેમ્બર દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અન્ય વંચિત પૃષ્ઠભૂમિના લોકોની સરખામણીમાં દલિત વ્યવસાયના માલિકો લગભગ ૧૬% જેટલો આવકનો તફાવત અનુભવે છે. બેંગલુરૂ : જ્ઞાતિની ઓળખ વ્યવસાયની આવકને સીધી અસર કરે છે કે કેમ તે અંગેના એક IIMB ફેકલ્ટી મેમ્બર દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અન્ય વંચિત પશ્ચાદભૂના લોકોની સરખામણીમાં દલિત વ્યવસાયના માલિકો લગભગ ૧૬% જેટલો આવકનો તફાવત અનુભવે છે. પ્રોફેસર પ્રતીક રાજનું પેપર, જેનું શીર્ષક છે, 'It's not who you know, but who you are: Explaining income gaps of stigmatized-caste business owners in India', તે PLOS One જર્નલમાં પ્રકાશિત થયું હતું. સંશોધન પેપર પ્રોફેસર હરિ બાપુજી (યુનિવર્સિટી ઓફ મેલબોર્ન) અને પ્રોફેસર થોમસ રૂલેટ (યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ) દ્વારા સાથે મળીને લખવામાં આવ્યું હતું. રાજે દલીલ કરી કે, 'દલિત વ્યવસાયના માલિકો અનન્ય કલંક-સંબંધિત ગેરફાયદાનો સામનો કરે છે જેને ઓળખ આધારિત પડકારોના અન્ય સ્વરૂપો, જેમ કે લિંગ, જાતિ અથવા વંશીયતા સાથે સરખાવી શકાય નહીં,'. 'આ આવકનો તફાવત માત્ર યથાવત રહેતો નથી, પરંતુ સામાજિક મૂડીના ઉચ્ચ સ્તર સાથે વધે છે.' સામાન્ય માન્યતાથી વિપરીત સામાજિક મૂડી સાર્વત્રિક રીતે વ્યવસાયિક સફળતાને લાભ આપે છે, સંશોધનમાં જણાવાયું છે કે દલિતો અન્ય વંચિત જૂથો, જેમ કે ઓબીસી, એસટી અને ધાર્મિક લઘુમતીઓ કરતાં સામાજિક મૂડીમાંથી નોંધપાત્ર રીતે ઓછા લાભ મેળવે છે. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે શિક્ષણથી અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની તુલનામાં દલિતોને ફાયદો થાય છે. રાજે કહ્યું, 'આપણને એવી આર્થિક પ્રણાલીઓની જરૂર છે જે ન્યાયી હોય, જ્યાં સફળતા કોઈની જન્મજાત ઓળખ દ્વારા નક્કી કરવામાં આવતી નથી.'

# વજન મેનેજ કરવા માટેની જવાબદારી ખેલાડી-કોચની છે : પી.ટી. ઉષા

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)ના પ્રમુખ ડૉ.પી.ટી. ઉષાએ એક નિવેદન આપ્યું છે જેની ખૂબ જ ચર્ચા થઈ રહી છે. આ સમગ્ર નિવેદન દરમિયાન પેરિસ ઓલિમ્પિકમાં ૫૦ કિ.ગ્રા. ફ્રી સ્ટાઈલમાં અયોગ્ય જાહેર થયેલી વિનેશનું નામ લેવામાં આવ્યું નથી, પરંતુ પી.ટી. ઉષાએ નામ લીધા વિના જ ઈશારામાં વિનેશને ચોક્કસ સલાહ આપી હોવાનું જણાઈ રહ્યું છે. પૂર્વ ઓલિમ્પિયન અને હાલ IOAના ચીફ ડૉ.પી.ટી. ઉષાએ નિવેદન આપ્યું છે કે, વજન મેનેજ કરવું એ ખેલાડી અને કોચની જવાબદારી છે. ખાસ કરીને કુસ્તી, વેઈટ લિફ્ટિંગ, બોક્સિંગ અને જુડો જેવી રમતોમાં. આ રમતોમાં રમતવીરોના વજન મેનેજ કરવાની જવાબદારી દરેક રમતવીર અને તેના કોચની છે, IOA દ્વારા નિયુક્ત ચીફ મેડિકલ ઓફિસર ડૉ.દિનશા પારડીવાલા અને તેમની ટીમની નહીં. IOAએ થોડા મહિના પહેલાં એક મેડિકલ ટીમની



નિમણૂક કરી હતી. જે રમતવીરોને ઈવેન્ટ દરમિયાન અને બાદમાં રિકવરી તથા ઈજા થવા પર સારવાર સહિતના સંચાલનમાં પ્રાથમિક રીતે મદદ કરશે. આ ટીમ એવા એથ્લેટ્સને મદદ કરવા માટે પણ બનાવવામાં આવી હતી કે, જેમની પાસે ન્યુટ્રિશનિસ્ટ અને ફિઝિયોથેરેપિસ્ટની પોતાની ટીમ નથી.

ડૉ.ઉષાએ કહ્યું કે, IOA મેડિકલ ટીમ ખાસ કરીને ડૉ.પારડીવાલા પ્રત્યેની નફરત અસ્વીકાર્ય છે તેમણે આશા વ્યક્ત કરી કે, IOA મેડિકલ ટીમ પર આરોપ લગાવનારા કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં તમામ પાસાઓ પર વિચાર કરે.

ગુજરાત ટુડે
ટચુકડી જાહેર ખબર

વેચવાનું છે

LAND AND PLOTS FOR SALE OR BUY CALL or WHATSAPP:
9978688307

જમીન અને પ્લોટ વેચાણ તથા ખરીદવા માટે કોલ અથવા વોટ્સએપ :
9978688307

લગ્ન વિષયક

નિકાહ નેટવર્ક્સ
મુસ્લિમ મેરેજ બ્યુરો
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ, અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

વ્યવસાયીલક્ષી/અન્ય

ચાલુ ધંધો વેચવાનો છે
ગ્રાફિક્સ અને વિનાઈલ પ્રિન્ટીંગનું ૧૦ ફૂટના મશીન સાથેનો ચાલુ ધંધો સર્વોદયમાં મેઈન રોડનો સ્થાવર મિલકત સાથે વેચાણ આપવાનો છે
9825720928

# ચિરાગ પાસવાન અનામતના ચુકાદાની સમીક્ષા માટે અનુસૂચિત જાતિના સાંસદો સુધી પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય મંત્રી અને LJP (રામ વિલાસ) નેતા ચિરાગ પાસવાન વિવિધ પક્ષોના અનુસૂચિત જાતિના સાંસદોની બેઠક બોલાવવાનું આયોજન કરી રહ્યા છે કારણ કે તેમણે સમુદાયમાં અનામતના પેટા-વર્ગીકરણને મંજૂરી આપતા તેના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરતા પહેલા સમર્થન એકત્ર કરવાનું કાર્ય કરી રહ્યા છે. લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના નેતા પહેલાથી જ આ નિર્ણય સાથે અસંમતિ વ્યક્ત કરી ચૂક્યા છે અને કહ્યું છે કે, તેમની પાર્ટી સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરશે.



સૂત્રોએ જણાવ્યું કે, પાસવાને આ નિર્ણય અંગે તેમના મંતવ્યો જાણવા અનુસૂચિત જાતિના સાંસદોનો સંપર્ક કર્યો છે. આ એક દૂરગામી રાજકીય અસર સાથેનો નિર્ણય છે, જેના પર મુખ્ય રાષ્ટ્રીય પક્ષોએ આંતરિક સમીક્ષા પર વિચારણા કરતી વખતે મૌન જાળવી રાખ્યું છે અને ટૂંક સમયમાં ઔપચારિક બેઠક બોલાવવામાં આવી શકે છે.જો કે, તે જોવાનું બાકી છે કે વિવિધ પક્ષોના અનુસૂચિત જાતિના સાંસદો તરફથી શું પ્રતિક્રિયા આવશે, જેમાંથી ઘણાં એ તેમના મતવિસ્તારની સ્થિતિને આધારે અલગ-અલગ મંતવ્યો રજૂ કર્યા છે.

પાસવાન અથવા માયાવતીની આગેવાની હેઠળની બહુજન સમાજ પાર્ટી (BSP) જેવા પક્ષો, જે સંખ્યાત્મક રીતે મજબૂત અનુસૂચિત જાતિ સમુદાયો પાસેથી સમર્થન મેળવે છે, જે સામાજિક અને આર્થિક માપદંડો પર અન્ય દલિત જાતિઓ કરતા ચડિયાતા છે, આ નિર્ણયની સામે ખુલ્લેઆમ સામે આવ્યા છે.

જો કે, બીજેપીના અન્ય દલિત સાથી અને કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ આ નિર્ણયની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તેમના માંઝી સમુદાયને ક્વોટાના લાભોમાં મોટા પ્રમાણમાં ઓછુ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે, કારણ કે મોટાભાગની નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં હોદ્દા માં સારી પરિસ્થિતિ ધરાવતા SC સમુદાયનો વર્ચસ્વ છે. આ નિર્ણયના ટીકાકારોએ એવી દલીલ કરી છે કે SC માટે આરક્ષિત જગ્યાઓનો મોટો હિસ્સો પર્યાપ્ત લાયકાત ધરાવતા અરજદારોના અભાવને કારણે ખાલી રહે છે, તેમણે ઉમેર્યું હતું કે, મોટા ક્વોટામાં વિવિધ જાતિઓ માટે પેટા વર્ગીકરણ દાખલ કરવાથી સમસ્યા હલ થશે અને તે વધશે. શાસક ભાજપ અને મુખ્ય વિપક્ષ કોંગ્રેસ બંનેએ આ મુદ્દા પર સ્પષ્ટ વલણ અપનાવ્યું નથી, પ્રાદેશિક સંવેદનશીલતાને આધારે તેમના પ્રતિભાવો ઘડવાનું તેમના રાજ્ય નેતાઓ પર છોડી દીધું છે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની સાત ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ૧લી ઓગસ્ટના રોજ ૬:૧ની બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે, રાજ્યો દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વધુ પેટા વર્ગીકરણને આ જૂથોમાં વધુ લોકોને સમાવવાની મંજૂરી આપી શકાય છે પછાત જાતિઓને સુનિશ્ચિત કરી શકાય.

# ગુટેરેસે બાંગ્લાદેશની વચગાળાની સરકારને લઘુમતીઓના અવાજ પર વિચાર કરવા કહ્યું

(એજન્સી) ઢાકા, તા.૧૩

સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે બાંગ્લાદેશની વચગાળાની સરકારને લઘુમતીઓના અવાજને ધ્યાનમાં લેવા અને માનવ અધિકારોનું સન્માન કરવા વિનંતી કરી છે કારણ કે નાયબ પ્રવક્તા ફરહાન હકના જણાવ્યા અનુસાર તે સંસદીય ચૂંટણીની તૈયારી કરે છે.



બાંગ્લાદેશના લોકો સાથે એકતા વ્યક્ત કરતી વખતે ગુટેરેસ વચગાળાની સરકારના સમર્થન સાથે સોમવારે તેમણે જણાવ્યું હતું, બાંગ્લાદેશમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા અને સંસદીય ચૂંટણીઓનું આયોજન કરવાના પ્રયાસોને આવકારે છે. હકે કહ્યું તેઓ આવનારા અઠવાડિયામાં વચગાળાની સરકારને વિનંતી કરે છે કે તેઓ સમગ્ર દેશમાં મહિલાઓ, યુવાનો અને લોકો તેમજ લઘુમતી અને આદિવાસી સમુદાયોના અવાજને ધ્યાનમાં લઈને સમાવેશી બનવાના તમામ પ્રયાસો કરવાનું ચાલુ રાખે. દેશ સંસદીય ચૂંટણી તરફ આગળ વધી રહ્યો છે. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી મુહમ્મદ યુનુસે વડાપ્રધાન તરીકે શેખ હસીનાએ રાજીનામું આપ્યા પછી અને ભારતમાં નિર્વાસિત થયા બાદ વચગાળાની સરકારનું નેતૃત્વ સંભાળ્યું છે.

બાંગ્લાદેશના અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે તેમની સરકાર પડી ભાંગ્યા બાદ હિંદુઓ પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેમના ઘરો અને ધંધાનો અનેક સ્થળોએ નાશ કરવામાં આવ્યો હતો અને કેટલાક હિંદુઓ પણ માર્યા ગયા હતા.

અલ્પસંખ્યક સંગઠન હિંદુ-બૌદ્ધ-ક્રિશ્ચિયન ઓક્યા પરિષદના નેતા રાણા દાસગુપ્તાના જણાવ્યા અનુસાર, લગભગ ૧૦૦ હિંદુઓ ઘાયલ થયા છે અને બે માર્યા ગયા છે. ગયા અઠવાડિયે ૯૭ સ્થળોએ હિંદુ વિરોધી હિંસા થઈ હતી અને તેમના જણાવ્યા અનુસાર ઓછામાં ઓછાં ૧૦ મંદિરો પર હુમલા કરવામાં આવ્યા હતા.

હસીના વિરુદ્ધ વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન જે હિંસક બની ગયું હતું તેમાં લગભગ ૩૦૦ લોકો માર્યા ગયા હતા.

હકે કહ્યું, ગુટેરેસે હિંસાના તમામ કૃત્યોની સંપૂર્ણ, સ્વતંત્ર, નિષ્પક્ષ અને પારદર્શક તપાસ માટે તેમના હાકલને પુનરાવર્તિત કરી.

# ઉત્તરી આયર્લેન્ડમાં મસ્જિદ પર હુમલા બાદ શખ્સની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

પોલીસે જણાવ્યું હતું, ઉત્તરી આયર્લેન્ડના ન્યુટાઉનર્ડ્સમાં સપ્તાહના અંતે મસ્જિદ પર હુમલા બાદ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. રવિવારે એક નિવેદનમાં, PSNI એ જણાવ્યું હતું કે, ન્યુટાઉનર્ડ્સમાં બે પ્રોપર્ટીઝ પર શોધખોળ કર્યા પછી, તેઓએ કાઉન્ટી ડાઉનમાં ગ્રીનવેલ સ્ટ્રીટમાં શનિવારના રોજ મસ્જિદ પરના હુમલાના સંબંધમાં ૪૨ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ૪૨ વર્ષની વયના આ વ્યક્તિની અગ્નિદાહનો પ્રયાસ, પેટ્રોલ બોમ્બ રાખવા અને ધાકધમકી આપવાના પ્રયાસ સહિત અનેક ગુનાઓની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી હતી.આરોપી પોલીસ કસ્ટડીમાં છે. આઈરિશ ટાઈમ્સે સોમવારે અહેવાલ આપ્યો હતો કે, આ ઘટના મસ્જિદ પર ફેંકવામાં આવેલા પેટ્રોલ બોમ્બ સાથે બની હતી.




# RG કાર બળાત્કાર અને હત્યા કેસમાં એવા ૧૫ પ્રશ્નો જેના ઉત્તર મળતા નથી

## આર.જી કારમાં યુવાન તાલીમાર્થી ડૉક્ટરના બળાત્કાર અને હત્યાને ચાર દિવસ વીતી ગયા છે, પરંતુ તપાસ અને પસંદગીયુક્ત લીકને કારણે વિરોધ કરી રહેલા ડોકટરોએ સ્પષ્ટતા અને પારદર્શિતાની માગણી કરી છે

(એજન્સી) તા.૧૩

૩૧ વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાની ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. પોલીસે તપાસ સાથે એક શંકાસ્પદ, નાગરિક સ્વયંસેવક સંજય રોયની ધરપકડ કરી છે. કલકત્તા પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ સોમવારે અન્ય ચાર જુનિયર ડૉક્ટર્સ (ત્રણ ડૉક્ટર્સ અને એક ઈન્ટર્ન)ની પૂછપરછ કરી હતી. તેઓએ કથિત રીતે ઑનલાઈન ડિલિવરી સિસ્ટમ દ્વારા ખોરાકનો ઓર્ડર આપ્યો હતો અને ગુરૂવારે ઘટના સ્થળે પીડિતા સાથે રાત્રિભોજન કર્યું હતું. પરંતુ ઘણા લોકો પૂછી રહ્યા છે કે, સરકારી હોસ્પિટલમાં આવી હિંસા કેવી રીતે આચરવામાં આવી છે. આ કેસમાં અત્યાર સુધીના કેટલાક અનુત્તરિત પ્રશ્નો છે :




૧. પ્રાથમિક તપાસ અહેવાલ તેણીની ગરદન, ડાબા પગ અને પગની ઘૂંટી અને જમણા હાથની રીંગ આંગળીમાં ઈજાઓ સૂચવે છે. જોકે ઈજાઓની પ્રકૃતિ સુપરફિસિયલ હોય, ઊંડા કાપેલા ઘા કે અસ્થિભંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. પોલીસે પીડિતાના કોલર બોન અથવા પેલ્વિક બોન તૂટેલા હોવાનો ઈન્કાર કર્યો છે. તેણીની ઈજાઓનું ચોક્કસ સ્વરૂપ શું છે ?

૨. વોર્ડમાં નર્સિંગ સ્ટેશન કથિત રીતે સેમિનાર હોલની નજીક છે જ્યાં આ ઘટના બની હતી. ત્યાં કેવી રીતે એક ડૉક્ટરની ક્રૂરતાપૂર્વક બળાત્કાર અને હત્યા થઈ શકે અને કોઈને કંઈ સાંભળવામાં ન આવે ?

૩. શું પીડિતા બેચેન હતી ? ઓટોપ્સી રિપોર્ટ તેના વિશે શું કહે છે ?

૪. જ્યારે ગુનો આચરવામાં આવ્યો ત્યારે શું તેણીને ગૅગ કરવામાં આવી હતી ?

૫. તેણીની હત્યા થયા પછી અથવા તે પહેલાં તેણી પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો ?

૬. રોય સિવાય, શું અન્ય કોઈ વ્યક્તિ/વ્યક્તિઓ ગુનામાં સામેલ હતા ? શું એક વ્યક્તિ માટે આવી નિર્દયતા કરવી શક્ય છે ?

૭. શું કલકત્તા પોલીસની વિશેષ તપાસ ટીમને ખાતરી છે કે કોઈ બીજી કે ત્રીજી વ્યક્તિ સામેલ નથી ?

૮. વિદ્યાર્થીઓના એક વિભાગમાં એક ઓડિયો ટેપ ફરે છે. આ ટેપ દાવો કરે છે કે કોઈ ઈન્ટર્ન સામેલ હોઈ શકે છે. તૃણમુલના નેતા કુણાલ ઘોષે રવિવારે પોતાના એક્સ હેન્ડલ પર ઓડિયો ક્લિપ શેર કરી હતી. શું કલકત્તા પોલીસે ઓડિયો ટેપને ચકાસવાનો અને આ ઈન્ટર્નની ઓળખની પુષ્ટિ કરવાનો અને તેની પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો છે ?

૯. ટેલિગ્રાફ ઓનલાઈનને જાણવા મળ્યું હતું કે રોય દારૂના નશામાં ડોકટરો સાથે ગેરવર્તન કરતો હતો. શું તેની સામે કોઈ ફરિયાદ નોંધાઈ હતી ? જો હા, તો સત્તાધીશોએ તેની સામે કોઈ પગલાં કેમ ન લીધા ?

૧૦. શું પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષ/વહીવટ કેમ્પસમાં રોયના નશામાં ધૂત વર્તનથી અજાણ હતા ?

૧૧. બે વર્ષ પહેલા તેની ત્રણ મહિનાની ગર્ભવતી પત્ની પર હુમલો કરવાના આરોપમાં કાલીઘાટ પોલીસ સ્ટેશનમાં તેની સામે દાખલ કરાયેલ ઘરેલુ હિંસા કેસમાં રોય સામે કોઈ કાર્યવાહી કેમ કરવામાં આવી ન હતી ?

૧૨. શું પોલીસ અને આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સત્તાવાળાઓએ રોયના પૂર્વજોની તપાસ કરવાનો કોઈ પ્રયાસ કર્યો હતો ?

૧૩. શા માટે ગાર્ડ અને ડ્યુટી પરના નાગરિક સ્વયંસેવકોને હોસ્પિટલ બિલ્ડિંગના કોઈપણ અને દરેક ભાગમાં પ્રવેશવાની મંજૂરી છે?

૧૪. આખરે સીબીઆઈ કેસ હાથમાં લેશે તો સાત દિવસ શા માટે રાહ જોવી જોઈએ ? શું આ સમયમર્યાદા તપાસની ગુણવત્તાને અવરોધશે નહીં ?

૧૫. મમતા બેનરજી સરકાર વિવાદાસ્પદ ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષને હોદ્દા પર પુનઃસ્થાપિત કરવા શા માટે ઉત્સુક છે, જેમને આરજી કારના પ્રિન્સિપાલ તરીકે રાજીનામું આપ્યાના કલાકોમાં જ કલકત્તાની નેશનલ મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ બનાવવામાં આવ્યા હતા ?

# ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમ સિંહને ૨૧ દિવસની જેલ મુક્તિ

## સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે તેમની અસ્થાયી મુક્તિના સમયગાળા દરમિયાન સિંહ ઉત્તરપ્રદેશના બાગપતમાં બરનાવા સ્થિત ડેરા આશ્રમમાં જશે

(એજન્સી) તા.૧૩

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ડેરા સચ્ચા સૌદાના વડા અને બળાત્કારના દોષી ગુરમીત રામ રહીમ સિંહને ૨૧ દિવસની રજા આપવામાં આવી છે. તેમના કામચલાઉ મુક્તિના સમયગાળા દરમિયાન સિંહ ઉત્તરપ્રદેશના બાગપતમાં બરનાવા સ્થિત ડેરા આશ્રમમાં જશે એમ તેઓએ વધુમાં જણાવ્યું હતું. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સિંહની અસ્થાયી મુક્તિ સામે શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)ની અરજીનો નિકાલ કર્યાના દિવસો પછી સિરસા-મુખ્ય મથકવાળા ડેરા સંપ્રદાયના વડાને કામચલાઉ મુક્તિ આપવામાં આવી હતી.



હાઈકોર્ટે ૯ ઓગસ્ટના રોજ અવલોકન કર્યું હતું કે ડેરા વડા દ્વારા કામચલાઉ મુક્તિ માટેની અરજીને સક્ષમ અધિકારી દ્વારા કોઈપણ "મનસ્વીતા અથવા પક્ષપાત" વિના ધ્યાનમાં લેવી જોઈએ.

જૂનમાં, સિંહે હાઈકોર્ટમાં જઈને તેમને ૨૧ દિવસની રજા આપવાના નિર્દેશો માંગ્યા હતા. ૨૯ ફેબ્રુઆરીએ હાઈકોર્ટે હરિયાણા સરકારને તેની પરવાનગી વિના ડેરા સચ્ચા સૌદાના વડાને વધુ પેરોલ ન આપવાનો નિર્દેશ આપ્યો હતો.

૧૯ જાન્યુઆરીએ તેમની ૫૦ દિવસની પેરોલ મંજૂર કરવામાં આવી હતી. સિંહ તેના બે શિષ્યો પર બળાત્કાર કરવા બદલ ૨૦ વર્ષની સજા ભોગવી રહ્યો છે અને તે હરિયાણાના રોહતક જિલ્લાની સુનારિયા જેલમાં બંધ છે. તેને ૨૦૧૭માં સજા ફટકારવામાં આવી હતી. ડેરા ચીફ અને અન્ય ત્રણને ૨૦૧૯માં પણ ૧૬ વર્ષ પહેલાં એક પત્રકારની હત્યા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

મે મહિનામાં હાઈકોર્ટે આ બાબતમાં "કલંકિત અને સ્કેચી" તપાસને ટાંકીને સિંહ અને અન્ય ચારને ૨૦૦૨માં સંપ્રદાયના ભૂતપૂર્વ મેનેજર રણજિત સિંઘની હત્યામાં નિર્દોષ જાહેર કર્યા હતા, લગભગ ૨૦ વર્ષ જૂના હત્યા કેસમાં સીબીઆઈની વિશેષ અદાલતે તેમને આજીવન કેદની સજા સંભળાવી હતી. સિંહને તેના સહ-આરોપીઓ સાથે ગુનાહિત કાવતરૂં ઘડવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો.

# ફોગાટ પર IOAનું નિવેદન 'નિંદનીય', 'જુસ્સો તોડી શકે છે' : અખિલેશ

(એજન્સી) તા.૧૩

કોઈનું નામ લીધા વિના સપા વડાએ કહ્યું કે,રાજકીય ષડયંત્ર માટે ઓલિમ્પિક હોય તો આજના શાસકો રમ્યા વિના જીતી જશે.સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવે સોમવાર, ૧૨ ઓગસ્ટના રોજ ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) પર કુસ્તીબાજ વિનેશ ફોગાટને ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવા અંગેની તેના પ્રમુખની ટિપ્પણી પર પ્રહાર કર્યો હતો. નરેન્દ્ર મોદી સરકાર પર આડકતરો હુમલો કરતા યાદવે એમ પણ કહ્યું કે જો રાજકીય ષડયંત્ર માટે ઓલિમ્પિક હોય તો કેન્દ્રમાં સત્તામાં રહેલા લોકો હરીફાઈ કર્યા વિના જીતી જશે. ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાં ૭ ઓગસ્ટના રોજ તેની મહિલાઓની ૫૦ કિગ્રા ફાઈનલ મુકાબલો પહેલા ૧૦૦ ગ્રામ વધુ વજન હોવાના કારણે ગેરલાયક ઠેરવવામાં આવી હતી. તેણે તેની ગેરલાયકાત સામે અપીલ દાખલ કરી હતી અને તેના પર નિર્ણય ટૂંક સમયમાં આવવાની અપેક્ષા છે.ફોગાટના વજનમાં નિષ્ફળતા માટે ટીકા દોરતા, IOA પ્રમુખ પી.ટી. ઉષાએ સ્પષ્ટ કર્યું હતું કે વજન નિયંત્રિત કરવાની જવાબદારી એથ્લેટની છે અને તેની તબીબી ટીમ પરનો આરોપ મૂકવો 'અસ્વીકાર્ય અને નિંદાને પાત્ર' હતો.X પર હિન્દીમાં એક પોસ્ટમાં, યાદવે કહ્યું, 'મહાન યોદ્ધા વિનેશ ફોગટ વિશે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનનું નિવેદન કે ખેલાડીના વજન અને શરીરની જવાબદારી ફક્ત તેના કોચ અને સહાયક ટીમની છે તે નિંદનીય છે.યાદવે કહ્યું,'શું ભારતીય ઓલિમ્પિક એસોસિએશન કોચની સાથે સહાયક ટીમ સામે આંગળી ચીંધી રહ્યું છે ? આ લોકો પણ એસોસિએશન સાથે જોડાયેલા છે. સવાલ એ પણ ઊભો થાય છે કે સપોર્ટ ટીમની પસંદગી કોણે કરી હતી. લોકો પૂછી રહ્યા છે કે શું જવાબદારી માત્ર તે લોકોની હતી ? તો પછી મુખ્ય તબીબી અધિકારીને શા માટે મોકલવામાં આવ્યા હતા,' ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન યાદવે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા નિવેદનો એથ્લેટ્સનું મનોબળ તોડી શકે છે, ખાસ કરીને જેઓ ઓલિમ્પિકમાં પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેમના કોચ અને સહાયક ટીમનું.યાદવે કહ્યું કે આ નિવેદન ઓલિમ્પિકમાં 'દેશની પુત્રી વિનેશ ફોગાટ' સાથે થયેલા અન્યાયથી ઓછું નથી. તેમણે કહ્યું કે,'દેશના લોકો જોઈ રહ્યા છે અને તેઓ બધું સમજે છે. દેશે ઓછામાં ઓછી તે વ્યક્તિની જવાબદારી ઉઠાવવી જોઈએ કે જેના ખભા પર દેશની જવાબદારી રહેલી છે.' તેમણે કોઈનું નામ લીધા વિના કહ્યું કે,'જો રાજકીય ષડયંત્ર માટે ઓલિમ્પિક્સ હોત, તો આજના શાસકો રમ્યા વિના જીતી ગયા હોત,' યાદવે પોસ્ટમાં ફોગાટને પણ ટેગ કરી છે.



# જો હિન્દુઓ નિષ્ક્રિય રહેશે તો ગોવા બીજું પાકિસ્તાન બની શકે છે : RSS નેતા ભોબે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના ગોવા એકમના વડા રાજેન્દ્ર ભોબેએ રાજ્યમાં મુસ્લિમ મતદારોની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરી છે. ભારતીય જનતા પાર્ટી (BJP)ને સંબોધતા તેમણે મુસ્લિમોને એક વોટ બેંક તરીકે ન જોવાની વિનંતી કરી અને સ્થાનિક મતદાર યાદીઓમાં અન્ય રાજ્યોના મતદારોના સમાવેશને નિરાશ કર્યો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, ભોબેએ જણાવ્યું હતું કે, જે મુસ્લિમો કામ માટે ગોવામાં આવ્યા છે, તેઓએ પોતપોતાના રાજ્યોમાં જ મતદાન કરવું જોઈએ. તેમણે દલીલ કરી હતી કે મુસ્લિમ મતદારોની વધતી જતી વસ્તી ગોવામાં ભાવિ વિધાનસભા ચૂંટણીના પરિણામોને પ્રભાવિત કરી શકે છે. ભોબેએ બાંગ્લાદેશમાં હિંદુઓ પરના અત્યાચારની નિંદા કરતી રેલી દરમિયાન આ ચિંતા વ્યક્ત કરી હતી. બાંગ્લાદેશમાં રાજકીય ઘટનાક્રમ પર પ્રતિબિંબિત કરતા, તેમણે નોંધ્યું, હિંદુઓ સૂઈ રહ્યા છે. શું આપણે ઊંઘવાનું ચાલુ રાખીશું. તેમણે વધુમાં કહ્યું, એવા ઘણા તકો છે જ્યાં જો આપણે નિષ્ક્રિય રહીશું તો બીજું પાકિસ્તાન બનવાની સંભાવના છે.



મુસ્લિમોને વોટ બેંક તરીકે જોવાના મુદ્દા પર પ્રકાશ પાડતા ભોબેએ કહ્યું, જો આપણે હિંદુ તરીકે જીવવું હોય તો આપણે કેટલીક બાબતોનો અમલ કરવો પડશે.તેમણે બાંગ્લાદેશમાં હિંદુ વસ્તીમાં ઘટાડો નોંધ્યો હતો, જે તેની રચના દરમિયાન ૨૩% થી હાલમાં લગભગ ૭% છે. તેમણે આગાહી કરી,આગામી ૧૦ થી ૨૦ વર્ષોમાં, બાંગ્લાદેશમાંથી હિંદુઓ ખતમ થઈ જશે. ગોવામાં, ભોબેએ રાજ્યમાં ઘણાં મુસ્લિમોના સ્થળાંતર તરફ ધ્યાન દોરતા કહ્યું, આપણા બંધારણ મુજબ આપણે કોઈને પણ રાજ્યમાં જતા રોકી શકતા નથી, પરંતુ સરકાર અને NGOએ ડેટા એકત્રિત કરવાની જરૂર છે.તેમણે નોંધ્યું હતું, ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૧૧.૫ લાખ મતદારોમાંથી ૭.૫% મુસ્લિમ મતદારો હતા.

તેમણે કહ્યું કે ૨૦૨૭ની ચૂંટણી સુધીમાં આ આંકડો વધીને ૧૦-૧૨ % થઈ શકે છે અને ઉમેર્યું હતું કે, તેમને વોટ બેંક તરીકે જોવું જોઈએ નહીં અને મતદારો તરીકે નામાંકિત થવું જોઈએ નહીં. તેઓ કામ કરવા આવ્યા છે અને તેમને પોતપોતાના ગામોમાં મતદાન કરવા દો. જો તેમનો મત હિસ્સો વધશે તો પરિણામો પર અસર થવાની શક્યતા છે.

ગુનેગારો બેફામ : લૂંટ કરવા છેક કચ્છથી અમદાવાદ આવ્યા

# બે વાર નિષ્ફળ જવા છતાં લૂંટને અંજામ આપનાર ૫ લૂંટારૂઓ પોલીસના સકંજામાં

## ૫૦થી ૬૦ લાખ મળશે તેવી લાલચે બનાવ્યો લૂંટનો પ્લાન

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ શહેરના પાલડીમાં થયેલ એક લૂંટનો ગુનો ઉકેલવામાં સફળ રહેલી પોલીસ પણ ગુનેગારોની વાત સાંભળી ચોંકી ઉઠી હતી. લૂટારૂઓએ લૂંટમાં બે વાર નિષ્ફળ રહ્યા પછી નવી ગેંગ બનાવી લૂંટને અંજામ આપ્યો હતો. જો કે તેઓ પોલીસ પકડથી છટકી શક્યા ન હતા. લૂંટમાં ૫૦થી ૬૦ લાખ રૂપિયા રોકડા મળશે તેવા ઈરાદાથી લૂંટને અંજામ આપનાર આરોપીઓ ૩ લાખ ૧૦ હજાર રૂપિયા અને એક્ટિવાની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. જો કે ક્રાઈમ બ્રાન્ચે પાંચ લૂંટારૂઓનો ઝડપી લીધા છે.

અમદાવાદ શહેરના પાલડી ભઠ્ઠા પાસે આવેલ જે એસ બી એન્ટરપ્રાઇઝ નામની પેઢીના ગોડાઉનમાં માલિક અને વેપારીને છરી બતાવી રૂપિયા ૩.૧૦ લાખ રોકડા અને એક્ટિવાની લૂંટનો બનાવ બન્યો હતો. જે બનાવની જાણ પોલીસને કરતા ક્રાઈમ બ્રાન્ચએ ઘટનાના જ્ઞ્ઙ્ગ ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે રમેશ કોળી, વીનેશ કોળી, હરેશ કોળી, નાગજી કોળી અને ધર્મેશ કોળી નામના પાંચ આરોપીઓને ઝડપી લઈ રૂપિયા ૮૦ હજાર રોકડા અને એક્ટિવા કબ્જે કર્યું છે. આ તમામ આરોપીઓ ભચાઉના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીઓની પૂછપરછ કરતાં સામે આવ્યું છે કે ત્રણેક મહિના પહેલા મિતેષ નામના વ્યક્તિએ જે અગાઉ આ ગોડાઉનમાં નોકરી કરતો હતો. જેણે કિશન મેદરાણી નામના વ્યક્તિને ટિપ્સ આપી હતી કે આ ગોડાઉનમાં કર્મચારી રાત્રે સાડા આઠ વાગ્યા આસપાસ બધા કર્મચારી ઘરે જતા રહે છે અને માલિક તેમજ મેનેજર હિસાબ કરે છે. જેમની પાસે રૂપિયા ૬૦થી ૭૦ લાખ રોકડા હોય છે. લૂંટ કરવામાં આવે તો મોટી રકમ મળી શકે તેમ છે. જેથી કિશન અને તેનો મિત્ર રમેશ, મિતેષ અને મોન્ટુ લૂંટ કરવા માટે અમદાવાદ આવ્યા હતા. પંરતુ લૂંટ કર્યા વગર જ નીકળી ગયા હતા. બાદમાં કિશન, રમેશ અને વીનેશ ફરી આવ્યા હતા. જો કે બીજી વખત પણ તેઓ સંજોગો ન બનતા લૂંટ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. બાદમાં રમેશએ વીનેશ સાથે મળી લૂંટનો પ્લાન ઘડીને અન્ય આરોપીઓ સાથે બસ મારફતે અમદાવાદ પહોંચ્યા હતા. અને આરોપીઓ ભેગા મળી લૂંટના ગુનાને અંજામ આપ્યો હતો. લૂંટ કર્યા બાદ બે આરોપીઓ એક્ટિવા લઈને જ્યારે અન્ય આરોપીઓ બસ મારફતે ફરાર થઈ ગયા હતા. લૂંટની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે તપાસ શરૂ હતી. જો કે આરોપીએ લૂંટ કરેલ એક્ટિવા સાથે બીજી લૂંટને અંજામ આપવા માટે આવ્યા હોવાની બાતમી મળતા સાણંદ પાસેથી આરોપીઓને ઝડપી લીધા છે. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરીને તેમણે આ સિવાય અન્ય કોઈ બનાવને અંજામ આપ્યો છે કે કેમ તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

સોનોગ્રાફી કરતાં જ ડોક્ટરને છૂટ્યો પરસેવો !

અહો આશ્ચર્યમ્ !

# ૫૫ વર્ષીય મહિલાના પિત્તાશયમાંથી ૧૫૦ જેટલી પથરી નીકળતાં તબીબ પણ ચોંકી ઉઠ્યા

## વિસનગરના તબીબે પિત્તાશય બહાર કાઢી સફળતાપૂર્વક ઓપરેશન કર્યું : દર્દીની હાલત હાલ સ્વસ્થ



અમદાવાદ, તા.૧૩

વિસનગરની એક ખાનગી હોસ્પિટલમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક મહિલાના પિત્તાશયમાંથી એક બે નહીં પણ ૧૫૦થી વધુ પથરી નીકળી હતી. સોનોગ્રાફી કરતાં તબીબ પણ આશ્ચયચકિત થઈ ગયા હતા. જો કે, ડોક્ટરે ૫૫ વર્ષીય મહિલાનું પિત્તાશય બહાર કાઢી સફળતાપૂર્વક ઓપરેશન કર્યું હતું. જે બાદ હાલ મહિલાની હાલત સ્વસ્થ છે. સતલાસણા તાલુકાના ભીમપુર ગામની ૫૫ વર્ષીય મહિલાને ચાર દિવસ અગાઉ પેટમાં દુઃખાવો થયો હતો. જેથી મહિલા પોતાના પતિ સાથે વિસનગરની હોસ્પિટલમાં સારવાર માટે આવી હતી. જ્યાં હોસ્પિટલના તબીબે સોનોગ્રાફી કરાવતાં પિત્તાશયમાં નાની-નાની ૧૫૦થી વધુ પથરી જામી ગઈ હતી. જે જોઈ તબીબ પણ આશ્ચયચકિત થઇ ગયા હતા. જેથી તેમણે તાત્કાલિક ઓપરેશન કરવાનું કહ્યું હતું.

જો કે તે સમયે પરિવાર વિચાર કરી જણાવવાનું કહી પરત ઘરે ગયો હતો, પરંતુ બે દિવસ પહેલાં ફરીથી મહિલાને સખત દુઃખાવો ઉપડ્યો હતો. જેથી તેમને તાત્કાલિક વિસનગર લાવવામાં આવ્યા હતા. જ્યાં ડૉ.અરૂણભાઈ રાજપૂત દ્વારા તાત્કાલિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તબીબ દ્વારા ભારે જહેમત ઉઠાવી દૂરબીનથી ઓપરેશન દ્વારા પિત્તાશય બહાર કાઢવામાં આવ્યું હતું. આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થતાં હાલ મહિલાની હાલત સ્વસ્થ છે. આ અંગે ડોક્ટરે જણાવ્યું હતું કે, દર્દી એક મહિલા ૫૫ વર્ષીય મહિલા સતલાસણા તાલુકાના ભીમપુર ગામના છે. એ મને શુક્રવારે બતાવવા માટે આવ્યા હતા. ત્યારે પિત્તાશયમાં ખૂબ પથરીઓ અને ઈન્ફેક્શન તેવું તેમણે જણાવ્યું હતું. ત્યારે આજે દુખાવો વધતાં તેઓ ફરી બતાવવા માટે આવ્યા હતા. તપાસ કરતાં ખબર પડી કે, આખા પિત્તાશયમાં પરૂ થઈ ગયું હતું. સાથે જ પિત્તાશયમાં પંકચર થઈ ગયું હતું. જે એ બહુ જોખમી હોય છે. આવા કેસમાં દૂરબીનથી પણ ઓપરેશન કરવું સરળ હોતું નથી. તેમ છતાં દોઢ બે કલાકની જહેમત કરીને પરૂ, પિત્તાશય તેમજ તેમાંથી ૧૫૦થી ૨૦૦ જેટલી પથરીઓ કાઢી હતી. હાલ દર્દીની તબિયત સારી છે.

# અમદાવાદમાં ૧૨ કલાકમાં અકસ્માતના જુદા-જુદા ત્રણ બનાવોમાં બેનાં મોત

## છેલ્લા મહિનામાં અકસ્માતમાં ૨૩૦થી વધુનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરમાં અકસ્માતની ઘટનાઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. શહેરમાં છેલ્લા ૧૨ કલાકની અંદર જ અકસ્માતની ત્રણ ઘટના સામે આવી છે. જેમાં દાણીલીમડામાં ચાલીને જતાં યુવકને ટ્રકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. તો અખબાર નગર પાસે એક્ટિવા લઈને જતાં વૃદ્ધને પાછળથી આવતી ટ્રકે ટક્કર મારતા વૃદ્ધ બે ભારે વાહનો વચ્ચે ચગદાઈ ગયા હતા. આ ઉપરાંત મોટેરા વિસ્તારમાં ટ્રકે અકસ્માત સર્જતા બે યુવક ગંભીર રીતે ઘાયલ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેરમાં દિવસે ને દિવસે અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૭ મહિનામાં અકસ્માતમાં ૨૩૦થી વધુ લોકોના મોત થયા છે. અમદાવાદ શહેરના દાણીલીમડામાં કોઝી હોટલ પાસે ગઈકાલે (૧૨ ઓગસ્ટ) રાતે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ૪૪ વર્ષના કિશોર અશોકભાઈ ચતુર્વેદી કોઝી હોટલથી મોતીપુરા ચોકડી તરફ ચાલીને જઈ રહ્યો હતો. તે દરમિયાન મોતીપુરા ચોકડી તરફ જતાં રોડ પર બાપા સીતારામની મઢુલી પાસે બેફામ આવતી ટ્રકે તેને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જે અંગેની જાણ તેમના દીકરાને કરવામાં આવતા તુરંત જ સ્થળે દોડી ગયો હતો. જ્યાં તેણે મૃતદેહ પરનું કપડું હટાવતા તેના પિતા જ હોવાનું સામે આવ્યું હતું.

આ ઘટનાને કલાકો વીત્યા હતા, ત્યાં અખબારનગર વિસ્તારમાં વધુ એક વૃદ્ધનું અકસ્માતે મોત થયું છે. આજે (૧૩ ઓગસ્ટ) વહેલી સવારે એક વૃદ્ધ એક્ટિવા પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલા સિમેન્ટના મિક્સરે ટક્કર મારતા તેઓ આગળના વાહન સાથે અથડાયા હતા. જે બાદ બન્ને વાહનોની વચ્ચે ચગદાઈ જતાં સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત મોટેરા વિસ્તારમાં પણ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની અડફેટમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત કરનાર પણ મોટું વાહન જ હતું. ત્યારે શહેરના રસ્તાઓ પર ફરી રહેલાં મોટાં વાહનો પર અંકુશ ન હોવાના કારણે અકસ્માતો થઈ રહ્યા હોવાની પણ ચર્ચા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં શહેરના અલગ-અલગ ચાર રસ્તા પર જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક પોલીસ હેલ્મેટના નામે દંડ ઉઘરાવી રહી હતી. આ એક સારું કામ છે. પણ જો ટ્રાફિક પોલીસ આવું કામ ચાલુ દિવસોમાં કરે તો માર્ગ અકસ્માતમાં ઘટાડો થઈ શકે છે. શહેરમાં બેફામ દોડતાં ભારે વાહનોથી ૧૨ કલાકની અંદર બે નિર્દોષ વ્યક્તિનાં મોત થયાં છે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક માટેની સુફિયાણીઓ વાતો કરવામાં આવે છે. હાઈકોર્ટ દ્વારા જ્યારે ઉધડો લેવામાં આવે છે, ત્યારે લોકોને દેખાય તે પ્રમાણે અલગ-અલગ ડ્રાઈવના નામે થોડા દિવસ માટે કામગીરી થાય છે. ટ્રાફિક પોલીસની સમગ્ર વાત ભ્રામક હોવાનું સાબિત કરતા કિસ્સાઓ સામે આવ્યા છે. છેલ્લા ૩૧ મહિનામાં શહેરમાં પોલીસ ચોપડે નોંધાયેલા ૪૪૨૪ રોડ અકસ્માતમાં ૧૨૪૨ લોકો મૃત્યુ પામ્યા હતા. આમાંથી ૩૫૯ ટુ-વ્હીલર ચાલક હતા. આ તમામના મોત હેલ્મેટ નહીં પહેર્યું હોવાથી થયા હતા. કુલ રોડ અકસ્માતમાં મૃત્યુ પામતા લોકોમાંથી અંદાજે ૩૦ ટકા લોકો હેલ્મેટ નહીં પહેરવાને લીધે મૃત્યુ પામતા હોય છે.

રાજ્યમાં બહાર આવેલ ગેરહાજર શિક્ષિકાના મામલા બાદ તપાસ દરમિયાન બહાર આવી વિગત !

# અમદાવાદની હિન્દી સ્કૂલના શિક્ષક છેલ્લા અઢી વર્ષથી લાપતા : સ્કૂલ બોર્ડે ડીમ્ડ રાજીનામું લઈ લીધું

## ડીમ્ડ રાજીનામું ગણી શિક્ષકને છૂટા કરાશે અને તેમને કોઈ લાભ નહીં મળે : શાસનાધિકારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

સાબરકાંઠામાં શિક્ષક ગેરહાજર હોવા છતાં તેમની જગ્યાએ અન્ય શિક્ષક ભણાવતા હતા. આ મામલો સામે આવ્યા બાદ સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગ એલર્ટ થયું છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં પણ ૧૨ શિક્ષકો લાંબી રજા પર હોવાનું સામે આવ્યું છે. જેમાં AMC સ્કૂલ બોર્ડ સંચાલિત સ્કૂલના એક શિક્ષક ૨.૫ વર્ષ કરતા વધુ સમયથી ગેરહાજર છે જે અંગે તંત્ર મોડેથી જાગ્યું છે અને હવે સ્કૂલ બોર્ડ દ્વારા શિક્ષકનું ડીમ્ડ રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. શિક્ષકને હવે તમામ લાભ મળવાના પણ બંધ થશે.

રાજ્યભરની સ્કૂલોમાં શિક્ષકોની હાજરી અંગે તપાસ કરવામાં આવી છે. રાજ્યભરના અનેક શિક્ષકો લાંબા સમયથી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડ સંચાલિત સ્કૂલોમાં પણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અમરાઈવાડીના હિન્દી સ્કૂલના શિક્ષક લાંબા સમયથી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. બાગેફીરદોષ હિન્દી સ્કૂલમાં ધોરણ ૬થી ૮માં શિક્ષક તરીકે ફરજ બજાવતા તેજસિંહ કમાનસિંહ ભાદોરિયા ૨૨ જાન્યુઆરી ૨૦૨૨થી સ્કૂલમાં ગેરહાજર છે. શિક્ષક કોઈપણ પ્રકારની રજા મંજૂર કરાવ્યા વિના રજા પર ઉતરી ગયા છે. તેઓએ વર્ષ ૧૯૯૦માં શિક્ષક તરીકે નોકરીની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૨૫માં તેઓ વય નિવૃત્ત થવાના હતા, પરંતુ તે અગાઉથી જ તેઓ લાપત્તા થયા છે. AMC સ્કૂલ બોર્ડ દ્વારા શિક્ષક ગાયબ થયા બાદ તેમને હાજર થવા નોટિસ આપવામાં આવી છે. બે નોટિસ આપ્યા બાદ ત્રીજી અંતિમ નોટિસ પણ આપવામાં આવી હતી. છતાં શિક્ષક હાજર થયા નહોતા. સ્કૂલ બોર્ડ દ્વારા પણ શિક્ષક લાપત્તા હોવાની જાહેરાત કરવામાં આવી છે. ૨૧ ઓગસ્ટ સુધી શિક્ષકને છુટા કરવામાં આવશે. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી એલ.ડી દેસાઈએ આ અંગે જણાવ્યું હતું કે શિક્ષક ૯૦ દિવસ કરતા વધુ સમયથી ગેરહાજર છે. કોઈપણ પ્રકારની રજા લીધા વિના શિક્ષક ગેરહાજર હોવાથી તેમનું ડીમ્ડ રાજીનામું ગણીને છૂટા કરવામા આવશે. શિક્ષક ડીમ્ડ રાજીનામું આપતા હવે તેમને કોઈ લાભ પણ આપવામાં આવશે નહીં.

ગુજરાત હાઈકોર્ટે આપ્યો સાત દિવસનો સમય

# એક અઠવાડિયામાં જ ચોક્કસ વાહનોમાંથી લાલ લાઈટો અને સાયરનો દૂર કરો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

ગુજરાત હાઈકોર્ટે VIP પ્રોટોકોલ અધિકારીઓના વાહનોમાંથી પ્રેસ લાઈટો અને સાયરન હટાવવા માટે સાત દિવસની સમયમર્યાદા આપી છે અને જો સાત દિવસમાં લાલ લાઈટો અને સાયરન બંને હટાવવામાં નહીં આવે તો હાઈકોર્ટના આદેશની અવમાનના માટે કાર્યવાહી કરવા નોટિસ પાઠવી છે.

લાલ બત્તીઓના VIP કલ્ચરને રોકવા માટે ૨૦૧૪માં હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. પરિણામે, રાજ્ય સરકાર અને બાદમાં ૨૦૧૭માં, કેન્દ્ર સરકારે પણ સરકારી અધિકારીઓના વાહનો પર લાલ લાઇટ અને સાયરન લગાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ આ પ્રતિબંધ જાણે માત્ર કાગળ પર જ રહી ગયો હોય તેમ VIP પ્રોટોકોલથી ટેવાયેલા અધિકારીઓ હજુ પણ તેમના વાહનો પર લાલ લાઇટ અને સાયરન લગાવીને ફરતા હોવાની હાઈકોર્ટમાં ફરી પિટિશન થતાં હાઈકોર્ટે ગંભીર વલણ અપનાવ્યું હતું. હાઈકોર્ટે આ મામલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. કોર્ટે ટ્રાન્સપોર્ટ વિભાગ અને ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીને લાલ લાઇટ અને સાયરન પરના પ્રતિબંધનો કડક અમલ કરાવવા તાકીદ કરી છે. સાત દિવસમાં જવાબ માંગવામાં આવ્યો છે. તેમજ સાત દિવસમાં અધિકારીઓ દ્વારા લાલ લાઈટ અને સાયરન દૂર કરવામાં નહીં આવે તો આવા અધિકારીઓ સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી કરવામાં આવશે. આમ કાયદાનું પાલન કરવાની જવાબદારી ધરાવતા ઉચ્ચ અધિકારીઓ પોતે જ કાયદાનો ભંગ કરી રહ્યા છે તે જોઈને કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. અને પ્રતિબંધનો કડક અમલ કરવા તાકીદ કરી છે.

'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' હેઠળ

# રાજ્યની ૧૦ લાખ મહિલાઓને આર્થિક સહાય આપી આત્મનિર્ભર બનાવવાનો ઉદેશ્ય

## વિધવા અને ત્યક્તા બહેનોને પ્રાથમિકતા મળશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

રાજ્ય સરકાર સતત મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો પ્રયત્ન કરી રહી છે અને આ માટે વિવિધ યોજનાઓ ચલાવતી રહે છે. આ જ પ્રયાસનો એક ભાગ છે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના ૨૦૨૪"આ યોજના હેઠળ મહિલા ગ્રુપને આર્થિક સહાયતા આપવામાં આવે છે અને આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ૧૦ લાખ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો છે.

આ યોજનાનો કુલ બજેટ ૧૬૮ કરોડ રૂપિયા છે. આ યોજના હેઠળ મહિલાઓના ૧ લાખ જૂથો આર્થિક સહાયતા આપવામાં આવશે. આ યોજનાનું અમલ ગામડાઓમાં ગુજરાત લાઈવલિહૂડ પ્રમોશન કંપની લિ. (GLPC) અને શહેરી વિસ્તારોમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GULM) દ્વારા કરવામાં આવશે. આ યોજનાનો હેતુ ૧ લાખ સંયુક્ત જવાબદારી આવક અને બચત જૂથ (JLESG) બનાવવાના છે. ૧૦ લાખ મહિલાઓને સંયુક્ત આર્થિક પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપી આત્મનિર્ભર બનાવવામાં આવશે. સરકાર દ્વારા બેંકો અને અન્ય લોન આપતી સંસ્થાઓને સહકાર આપવામાં આવશે જેથી તેઓ મહિલાઓના જૂથોને રૂા. ૧.૦૦ લાખ સુધીની લોન આપી શકે. આ યોજનાની કેટલીક શરતો છે જેમ કે અરજદાર ગુજરાત રાજ્યની કાયમી નિવાસી હોવી જોઈએ. આ યોજના માટે માત્ર મહિલાઓ જ અરજી કરી શકે. ઉમેદવારને ગુજરાતના સ્વસહાય જૂથનો ભાગ હોવો જરૂરી છે. સ્વસહાય જૂથમાં ૧૦ સભ્યો હોવા જોઈએ. ઉંમર ૧૮ થી ૬૦ વર્ષ હોવી જોઈએ. વિધવા અને છોડી દેવામાં આવેલી બહેનોને પ્રાથમિકતા મળશે. તે જૂથો જ આ યોજના હેઠળ લોન મેળવી શકશે, જેમની અગાઉની લોન બાકી ન હોય. સરકાર લોન ઉપર વ્યાજ સહાય પૂરી પાડશે. રૂા.૧ લાખ સુધીની લોન મેળવી શકાશે. લોન પરનું વ્યાજ દર ૧૫ ટકા સુધી હશે અને મહત્તમ રૂા.૫,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા માટેના દસ્તાવેજોમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, આવકનું પ્રમાણપત્ર, નિવાસનો સર્ટિફિકેટ, બેંક એકાઉન્ટ નંબર, મોબાઇલ નંબર, બે પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફસનો સમાવેશ થાય છે.

# હજ-૨૦૨૫ માટે ફોર્મ ભરવાની કામગીરી શરૂ

## ગાઈડલાઈન્સ જોઈને ફોર્મ ભરવા અનુરોધ

અમદાવાદ, તા.૧૩

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ ૨૦૨૫ની જાહેરાત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે, હજ-૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા તરફથી ઓનલાઈન ફોર્મ તા.૧૩-૦૮-૨૦૨૪થી સ્વીકારવાની શરૂઆત થયેલ છે જેની છેલ્લી તા.૦૯-૦૯-૨૦૨૪ છે. હજ ૨૦૨૫ માટે ફોર્મ હજ કમિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર અથવા હજ સુવિધા iPHONE એપ અથવા એન્ડ્રોઈડ મોબાઈલ એપ પર ભરી શકાશે. પાસપોર્ટની ઈસ્યુ ડેટ ફોર્મ ભરવાની આખરી તારીખ અને એકસપાયરી ડેટ ૧૫-૦૧-૨૦૨૬ સુધીની હોવી જોઈએહજ ગાઈડલાઈન્સ ૨૦૨૫ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે જે કાળજીપૂર્વક વાંચ્યા બાદ હજ એપ્લીકેશન ફોર્મ ભરવા તેમજ વધુ વિગતો માટે હજ કમિટીની વેબસાઈટ રેગ્યુલર ચેક કરતા રહેવા ગુજરાત રાજય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ.એમ.ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સેટેલાઈટની સ્કૂલે પ્રવેશ રદ પછી પણ ફી પરત ન કરતા નોટિસ

## વાલીએ પ્રવેશ વખતે ભરેલી રૂ. ૧.૧૯ લાખની ફી પ્રવેશ રદ કરાવી પરત માંગી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી સેટેલાઈટ સ્કૂલ ફોર ચિલ્ડ્રન દ્વારા પ્રવેસ રદ કરાવનાર વાલીને ફી પરત ન આપતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. વાલી દ્વારા પ્રવેશ લીધા બાદ રૂા. ૧.૧૯ લાખની ફી ભરી હતી, પરંતુ ત્યારબાદ પ્રવેશ રદ કરાવી ફી પરત માંગતા સ્કૂલ દ્વારા ફી પરત કરવામાં આવી ન હતી. જેથી DEO સમક્ષ ફરિયાદ કરતા સ્કૂલને નોટિસ ફટકારી તાત્કાલીક ફી પરત કરવા માટે આદેશ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેટેલાઈટ ખાતે આવેલી સેટેલાઈટ સ્કૂલ ફોર ચિલ્ડ્રનને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માન નિખિલ પંચાલએ નર્સરીમાં એડમીશન લીધું હતું. આ પ્રવેશ માટે વાલી દ્વારા સ્કૂલના ટ્રસ્ટ એવા સ્વસ્તિક ટ્રસ્ટના નામે રૂ. ૧૧૯૨૬૫ ફી ભરી હતી. જોકે, ત્યારબાદ વાલી દ્વારા પ્રવેશ રદ કરી ફી પરત લેવા માટે સ્કૂલ સમક્ષ અરજી કરી હતી.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ સ્કૂલના સંચાલકને આપેલી નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત સ્વનિર્ભર સ્કૂલ (ફી નિયમન)એક્ટ અને રૂલ્સ ૨૦૧૭ની જોગવાઈનું ઉલ્લંઘન કરવા બદલ રૂ. ૫ લાખ સુધીનો દંડ અને ક્વૈંઈની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી જો સ્કૂલ દ્વારા સરકારના નિયમોનુ પાલન કરવામાં નહીં આવે તો ફી રેગ્યુલેશન કમિટીને દંડ/શિક્ષા અને માન્યતા રદની કાર્યવાહી માટે દરખાસ્ત મોકલી આપવામાં આવશે.

# બજાજની પ્રથમ સીએનજી બાઈક 'ફ્રિડમ-૧૨૫'નું આગમન




અમદાવાદ,તા.૧૩

દેશના પર્યાવરણને ધ્યાનમાં રાખીને બજાજ ઓટોનું અનોખું આવિષ્કાર એટલે ફ્રિડમ ૧૨૫ તેના વિશેષ સેફટી ફીચર્સ અને અનન્ય માઈલેજને લીધે સીએનજી મોટર સાયકલને સર્વત્ર બહોળો પ્રતિસાદ મળેલ છે. બજાજ ફ્રિડમ ૧૨૫ કન્ઝયુમર્સને ઓપરેટીંગ ખર્ચમાં ૫૦ ટકા સુધીના નોંધપાત્ર ઘટાડાનું સાથેનું નવું અવતરણ અને પર્યાવરણ બચાવવામાં સફળતાપૂર્વક બજાજ સીએનજી બાઈકનું સફળતા પૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ પ્રકારની મોટર સાયકલની સરખામણીએ પર્યાવરણને વધુ અનુકૂળ રહે એવી સવારી (૨૬૭ ટકા ઓછું કાર્બન ડાયોકસાઈડ) આપે છે તેની સીએનજી ટેન્ક અદ્યતન સેફ્ટી ફીચર્સ સાથે આપવામાં આવેલ છે અને તે ટ્રેલીસ ફ્રેમની અંદર સજ્જ છે. બજાજની પ્રથમ સીએનજી મોટર સાયકલ ફ્રિડમ ૧૨૫નું આદિત્ય ઓટો બજાજ મણીનગર, અમદાવાદ ખાતે ધમાકેદાર આગમન થઈ ગયું છે. અમદાવાદમાં ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ લોન્ચ થયેલી બજાજ ફ્રિડમ ૧૨૫, કન્ઝયુમર્સને ઓપરેટિંગ ખર્ચમાં ૫૦ ટકા સુધીના નોંધપાત્ર ઘટાડાનું વચન આપે છે. બે કિલો સીએનજીમાં ફ્રિડમ ૨૧૦ કિમીથી વધુને રેન્જ આપે છે. તેની સાથે ૨-લીટરની પેટ્રોલ ટેન્ક છે. જે કુલ રેન્જને વધારીને ૩૩૦ કિમી ચાલે છે.

# શિક્ષણ બોર્ડના નવ સભ્યોને ચૂંટવા ૨૪ સપ્ટેમ્બરે મતદાન : ૨૬ સપ્ટેમ્બરે મતગણતરી

## ● શિક્ષણ બોર્ડ દ્વારા સભ્યોની ચૂંટણીને લઈને સત્તાવાર જાહેરનામું બહાર પડાયું ● ૨૦ ઓગસ્ટથી ઉમેદવારી પત્રો ભરાશે, ૨ સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરીને જમા કરાવવાના રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોની ચૂંટણીને લઈ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામુ પ્રસિદ્ધ કરાયા બાદ હવે ૨૦ ઓગસ્ટથી ઉમેદવારી પત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ત્યારબાદ ૧૦ સપ્ટેમ્બરના રોજ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવશે. ૨૪ સપ્ટેમ્બરના રોજ ૯ સભ્યોને ચૂંટવા માટે મતદાન થશે. મતદાન થયા બાદ ૨૬ સપ્ટેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારના રોજ બોર્ડના ૯ સભ્યોની ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પાડ્યું છે. જાહેરનામુ બહાર પાડવામાં આવ્યા બાદ હવે ચૂંટણીનો ધમધમાટ શિક્ષણ જગતમાં જોવા મળશે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા જાહેરનામા અનુસાર હવે ૨૦ ઓગસ્ટના રોજથી ચૂંટણી માટે ઉમેદવારો પાસેથી ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ઉમેદવારો ૨ સપ્ટેમ્બર સુધી પોતાના ફોર્મ બોર્ડની કચેરી ખાતે જમા કરાવી શકશે. ફોર્મ ભરાઈને મળ્યા બાદ ૩ સપ્ટેમ્બરના રોજ ચકાસણી હાથ ધરવામાં આવશે. જેમાં માન્ય રહેલા ફોર્મ અને અમાન્ય રહેલા ફોર્મની વિગતો સાથે સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યાદી પ્રસિદ્ધ થયા બાદ ૪ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમિયાન ઉમેદવારો દ્વારા ફોર્મ પરત ખેંચી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, ૧૦ સપ્ટેમ્બરના રોજ કયા ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે તેનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ ઉમેદવારો દ્વારા પ્રચાર શરૂ કરવામાં આવશે. ૨૪ સપ્ટેમ્બરના રોજ શિક્ષણ બોર્ડના ૯ સભ્યોને ચૂંટવા માટે મતદાન થશે. મતદાન પુર્ણ થયા બાદ બે દિવસ પછી એટલે કે ૨૬ સપ્ટેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને તે જ દિવસે પરિણામની જાહેરાત કરાશે. સમગ્ર રાજ્યમાંથી આ ચૂંટણીમાં ૮૦ હજાર જેટલા મતદારો મતદાન કરવાના હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડના ૯ સભ્યોને ચૂંટવા માટે ૨૪ સપ્ટેમ્બરના રોજ મતદાન થવાનું છે. જેમાં સંચાલક, આચાર્ય, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, માધ્યમિક શિક્ષક, બી.એડ. કોલેજના પ્રિન્સીપાલ, વાલી મંડળ, કારકુન-પટાવાળા, સરકારી શિક્ષક, ઉત્તર બુનિયાદી આચાર્ય-શિક્ષકનો સમાવેશ થાય છે.

## શહેરમાં ખુશ્બુ આઈસ્ક્રીમનાં નવા સ્ટોરનો પ્રારંભ

અમદાવાદ,તા.૧૩

રાજકોટની ખુશ્બુ આઈસ્ક્રીમ, અમદાદામાં તેનું વિસ્તરણ કર્યું છે. ખુશ્બુ આઈસ્ક્રીમનો આ નવો સ્ટોર અમદાવાદમાં વિજય ક્રોસ રોડ ખાતે આવેલ છે. ખુશ્બુ કૂલ પ્રોડકટ લિમિટેડના ડિરેકટર અને કુડોઝના સ્થાપક હર્ષ પોકિયાએ જણાવ્યું હતું કે અમે અમદાવાદમાં અમારો સિગ્નેચર આઈસ્ક્રીમ એક્સપિરિયન્સ લાવવા માટે રોમાંચિત છીએ. અમારૂ મિશન દરેક સ્કૂપ સાથે આનંદ ફેલાવવાનું છે અને અમે શહેરના ડાયનેમિક ફુડ સીનનો ભાગ બનવા આતુર છીએ.

# હત્યાની તપાસ પૂર્ણ કરવા માટે જુનિયર ડોકટરોએ પોલીસને ૧૪ ઓગસ્ટની સમયમર્યાદા આપી

## તેમણે કહ્યું કે, અમે અમારી માગણીઓ અંગે સ્પષ્ટ છીએ આર.જી કાર હોસ્પિટલના વિરોધ કરી રહેલા ડૉક્ટર કહે છે કે અમે આ ઘટનાની ન્યાયિક તપાસ ઈચ્છીએ છીએ

(એજન્સી) તા.૧૩

સમગ્ર પશ્ચિમ બંગાળના જુનિયર ડોકટરોએ મંગળવાર, ૧૩ ઓગસ્ટે કોલકાતાની સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાનો વિરોધ કરીને અને તેના માટે ન્યાયની માંગણી કરી હતી. તેમના વિરોધથી આરોગ્યસંભાળ સેવાઓને અસર થઈ હતી અને મંગળવારની વહેલી સવારથી તમામ સરકારી હોસ્પિટલોના આઉટ-પેશન્ટ વિભાગો (OPDs) પર દર્દીઓની લાંબી કતારો જોવા મળી હતી. એક મહિલા ડૉક્ટરની હત્યાની મેજિસ્ટ્રિયલ તપાસ માટે માંગ કરી રહેલા આંદોલનકારી જુનિયર ડૉક્ટરોએ મંગળવારે કોલકાતા પોલીસને તેમની તપાસ પૂર્ણ કરવા માટે ૧૪ ઑગસ્ટની સમયમર્યાદા આપી હતી.



**ન્યુઝ GT પોઈન્ટ**

**૨૦૧૨માં નિર્ભયા રેપ-મર્ડર કેસના આંદોલન પાછળ જે પરિબળો કામે લાગ્યા હતા તે જ આજે મમતા બેનરજીને પાડી દેવા મેદાનમાં આવી ગયા છે. મુખ્યમંત્રીએ પોલીસને ૧૮મી સુધીનો સમય આપ્યો તો યુવા ડૉક્ટર વર્ગ કાલ સુધીનો સમય આપે છે. જો કે આ કેસ પણ લિન્ચિંગના કેસ જેટલો ગંભીર છે.**

આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના વિરોધ કરી રહેલા જુનિયર ડોક્ટરે જણાવ્યું હતું કે, જ્યાં સુધી અમારી માંગણીઓ સંતોષવામાં ન આવે ત્યાં સુધી બંધ અને વિરોધ ચાલુ રહેશે. અમે અમારી માંગણીઓ વિશે સ્પષ્ટ છીએ. અમે ઘટનાની ન્યાયિક તપાસ ઈચ્છીએ છીએ. જ્યારે અન્યાય એ કાયદો બની જાય છે, ત્યારે પ્રતિકાર કરવું એ આપણી ફરજ છે. તેમને રવિવાર સુધીની સમયમર્યાદાની શા માટે જરૂર છે? અમે પોલીસને તેમની તપાસ બુધવાર સુધીમાં પૂર્ણ કરવા કહીએ છીએ.

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ સોમવારે મૃતકના માતા-પિતાની મુલાકાત લીધા પછી, કોલકાતા પોલીસને કેસ ઉકેલવા માટે ૧૮ ઓગસ્ટની સમયમર્યાદા આપી હતી, જો તેમાં નિષ્ફળતા મળશે તો તેમણે કહ્યું હતું કે તેઓ આ મામલો સીબીઆઈને સોંપશે. શુક્રવારે સવારે હોસ્પિટલના સેમિનાર હોલમાં મહિલા ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો અને ગુનાના સંબંધમાં શનિવારે એક નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી હતી. રવિવાર સુધી, જુનિયર ડોકટરો ઈમરજન્સી ફરજો માટે હાજર હતા, પરંતુ સોમવારે સવારથી, તેઓએ તમામ કામ બંધ કરી દીધા હતા.

ઓપીડીમાં દર્દીઓના ધસારાને સંભાળવા માટે રાજ્ય સરકારે તમામ વરિષ્ઠ ડોકટરોની રજાઓ રદ કરી છે. દર્દીઓના ધસારાને મેનેજ કરવા વિશે વાત કરતા, રાજ્ય સંચાલિત SSKM હોસ્પિટલના એક અધિકારીએ જણાવ્યું હતું કે મોટાભાગના વરિષ્ઠ ડોકટરો સોમવારે હાજર હતા. જો કે, કેટલાક દર્દીઓ, સર્જરી માટે અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ થવાના હતા, તેઓને સત્તાવાળાઓ દ્વારા વૈકલ્પિક તારીખ આપવામાં આવ્યા પછી ઘરે પાછા ફરવું પડ્યું હતું.

મુર્શિદાબાદ જિલ્લાના રહેવાસી સૈફુલ આલમ સોમવારે વહેલી સવારે શંભુનાથ પંડિત હોસ્પિટલમાં દાખલ થવા માટે રવિવારે સાંજે કોલકાતા પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે, હું રવિવારે સાંજે કોલકાતા આવ્યો હતો અને હોસ્પિટલના પરિસરમાં આખી રાત વિતાવી હતી. પરંતુ બીજા દિવસે સવારે, મને એડમિશન માટે બીજી તારીખ આપવામાં આવી હતી. આવી જ સ્થિતિ અન્ય હોસ્પિટલોમાં જોવા મળી હતી કારણ કે OPDમાં ડોકટરોની મુલાકાત લેવા આવતા અથવા સુનિશ્ચિત સર્જરી માટે દાખલ થતા દર્દીઓને તેમની એપોઈન્ટમેન્ટની પુનઃસુનિશ્ચિત કર્યા પછી ઘરે પાછા મોકલવામાં આવ્યા હતા.

# ‘સૌપ્રથમ RG કારના પ્રિન્સિપાલની પૂછપરછ જરૂરી છે’ કોલકાતાના ડૉક્ટર બળાત્કાર-હત્યા અંગે હાઈકોર્ટનું કડક વલણ

## કોલકાતાના ડૉક્ટર રેપ-મર્ડર કેસમાં કોર્ટે પ્રિન્સિપાલને રાજીનામું આપવાનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૩

કલકત્તા હાઈકોર્ટે મંગળવારે અવલોકન કર્યું હતું કે આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પ્રિન્સિપાલને રાજ્ય સંચાલિત હોસ્પિટલના સેમિનલ હોલમાં તાલીમાર્થી ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના સંદર્ભમાં પૂછપરછ થવી જોઈએ. આ ગુના અંગે પીઆઈએલના સમૂહની સુનાવણી કરતા, બેન્ચે રાજ્ય સરકારના વકીલને પ્રશ્ન કર્યો કે આચાર્ય ડૉ. સંદિપ ઘોષને રાજીનામું આપ્યાના કલાકો પછી અન્ય કૉલેજના આચાર્ય તરીકે શા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કોર્ટે આચાર્યને રાજીનામું આપવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે, તમે તેને કેમ બચાવો છો? તેનું નિવેદન નોંધો. તેને જે કંઈ ખબર હોય તેની જકારી મેળવો. હાઈકોર્ટે આ ગુનાને ભયાનક ગણાવ્યો છે અને અદાલતે બળાત્કાર અને હત્યાને ખૂબ જ ભયાનક પણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, રાજ્ય ડોકટરોને શું ખાતરી આપી રહ્યું છે? તેઓને દુઃખ થયું છે. આ ઘટના ખુબ જ ભયાનક છે. ડોક્ટરો તેમની લાગણીઓ વ્યક્ત કરે છે તે ન્યાયી છે. આ ડોક્ટર મહિલાના મૃત્યુની નૈતિક જવાબદારી સ્વીકાર્યા બાદ સોમવારે ડૉ. ઘોષે રાજીનામું આપી દીધું હતું તેના કલાકો પછી તેમને ઋદ્રસ્ઞ કોલેજના આચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

**પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં શું કહેવામાં આવ્યું છે?**



પીડિતાના શરીરના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેના પ્રાઈવેટ પાર્ટની અંદર ઊંડો ઘા હોવાનું બહાર આવ્યું છે, જે “જનનેન્દ્રિય ત્રાસ” દર્શાવે છે. તેની આંખો, મોં અને પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહી રહ્યું હતું. પોલીસે આ ગુનામાં સંજય રોય નામના વ્યક્તિની ધરપકડ કરી છે. દરમિયાન ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ આચાર્યની પુનઃ નિમણૂક માટે મમતા બેનરજી સરકારની ટીકા કરી છે. કોલકત્તાની ઘટનામાં જે રીતે ગુનેગારોને સુરક્ષા આપવામાં આવી છે તે ઘટના કરતાં પણ વધુ દુઃખદ છે. જે રીતે આરજી કારના પ્રિન્સિપાલને ૨૪ કલાકની અંદર બીજી કોઈ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે, તે બંગાળ સરકારનું તેઓને રક્ષણ દર્શાવે છે. તે બંગાળ સરકાર દ્વારા કરવામાં આવેલી તપાસ પર શંકા ઉભી કરે છે, હું પૂછવા માંગું છું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને તે પ્રિન્સિપાલ પ્રત્યે સહાનુભૂતિ કેમ છે અને આ તપાસ દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી (સીબીઆઈ)ને કેમ ટ્રાન્સફર કરવામાં આવી રહી નથી?... ઈન્ડિયા ગઠબંધનના પક્ષો ગુનેગારોને કવચ પૂરું પાડે છે.

# કોલકાતા મહિલા ડોક્ટર રેપ-મર્ડર કેસ : આરોપી હોસ્પિટલમાં પોલીસ કોપ તરીકે આવતો જતો હતો; તેને આ ભયાનક કૃત્ય વિશે કોઈ પસ્તાવો નથી અને તેણે ફાંસીએ લટકાવી દેવા કહ્યું

## આ કેસનો આરોપી સંજય રોય ૨૦૧૯માં કોલકાતા પોલીસના ડિઝાસ્ટર મેનેજમેન્ટ જૂથમાં સ્વયંસેવક તરીકે જોડાયો હતો પરંતુ બાદમાં તેને પોલીસ વેલ્ફેર સેલમાં અને આર.જી કાર મેડિકલ કોલેજની પોલીસ ચોકીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, આ પદને લીધે તેને હોસ્પિટલના વિવિધ વિભાગોમાં પ્રવેશવાની મંજૂરી હતી

(એજન્સી) કોલકાતા, તા.૧૩

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ૩૧ વર્ષીય ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના આરોપી સંજય રોય હોસ્પિટલમાં નોકરી કરતો ન હતો પરંતુ તે ઘણીવાર તેના પરિસરની આસપાસ જોવા મળતો હતો. રોયે કોલકાતા પોલીસ માટે નાગરિક સ્વયંસેવક તરીકે કામ કર્યું હતું, જેમાં ટ્રાફિક મેનેજમેન્ટ અને ડિઝાસ્ટર રિસ્પોન્સ જેવા વિવિધ કાર્યોમાં નિયમિત પોલીસ અધિકારીઓને મદદ કરવી સામેલ છે. આ સ્વયંસેવકો દર મહિને આશરે રૂા.૧૨,૦૦૦ કમાય છે, પણ તેઓ નિયમિત પોલીસ કર્મચારીઓ જેવા લાભ મેળવતા નથી. આ કેસનો આરોપી સંજય રોય ૨૦૧૯માં કોલકાતા પોલીસના ડિઝાસ્ટર મેનેજમેન્ટ જૂથમાં સ્વયંસેવક તરીકે જોડાયો હતો પરંતુ બાદમાં તેને પોલીસ વેલ્ફેર સેલમાં અને આરજી કાર મેડિકલ કોલેજની પોલીસ ચોકીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ પદને લીધે તેને હોસ્પિટલના વિવિધ વિભાગોમાં પ્રવેશવાની મંજૂરી હતી. રોય કથિત રીતે સરકારી હોસ્પિટલની અંદર એક રેકેટમાં સંડોવાયેલો હતો, જ્યાં તેણે દર્દીઓના સગાઓને હોસ્પિટલમાં દાખલ કરવા અથવા સરકારી હોસ્પિટલ ભરેલી હોય ત્યારે નજીકના નર્સિંગ હોમમાં બેડ શોધી આપતો હતો એવો આરોપ છે. સત્તાવાર પોલીસ અધિકારી ન હોવા છતાં, રોયે પોતાની જાતને એક પોલીસ અધિકારી કહેતો હતો અને તે 'KP' (કોલકાતા પોલીસ)નું ટી-શર્ટ પહેરતો અને KP ટેગ સાથે બાઈકનો ઉપયોગ કરતો હતો. ઘણા નાગરિક સ્વયંસેવકો પણ તેના વર્તન અને દેખાવને કારણે તેને વાસ્તવિક કોપ માનતા હતા. હોસ્પિટલ સાથેની તેની ઓળખાણે તેને કેમ્પસની આસપાસ મુક્તપણે ફરવાની મંજૂરી આપી હતી. રોયે પોલીસ દ્વારા પૂછપરછ કર્યા પછી તરત જ ગુનાની કબૂલાત કરી હતી, પણ આ અંગે કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો અને કથિત રીતે કહ્યું કે, જો તમે ઈચ્છો તો મને ફાંસી આપો. તેના મોબાઈલમાં વધુ માત્રામાં અશ્લીલ સામગ્રી હોવાનું જણાયું હતું. સીસીટીવી ફૂટેજમાં ગુનાના દિવસે સવારે ૪ વાગ્યાની આસપાસ હોસ્પિટલની ઈમરજન્સી બિલ્ડીંગમાં પ્રવેશતા દર્શાવ્યા બાદ રોયની ઓળખ શંકાસ્પદ તરીકે થઈ હતી. પીડિતાનો મૃતદેહ કલાકો પછી એ જ બિલ્ડિંગમાંથી મળી આવ્યો હતો. પીડિતાના મૃતદેહની નજીક મળી આવેલ એક બ્લૂટૂથ હેડસેટ રોય સાથે જોડાયેલો હતો, કારણ કે તે સીસીટીવી ફૂટેજમાં તેના ગળાની આસપાસ જોવા મળ્યો હતો. આ ગુનો કર્યા પછી, રોય ઘરે ગયો અને તેના કપડાં ધોઈને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસને તેના જૂતા પર લોહીના ડાઘા મળ્યા. તેને ૨૩ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ



આઘાત વ્યક્ત કર્યો હતો અને આ હત્યાની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી, પશ્ચિમ બંગાળ સરકારને ગુનેગારોને સજા થાય તેની ખાતરી કરવા વિનંતી કરી હતી. IMA એ કેન્દ્રીય પ્રધાન જેપી નડ્ડાને પણ પત્ર લખીને આવા ગુનાની પરિસ્થિતિઓની તપાસ કરવા અને કાર્યસ્થળે ડોકટરો, ખાસ કરીને મહિલાઓની સલામતી સુધારવા માટે પગલાં લેવાની માંગ કરી હતી. ફેડરેશન ઑફ રેસિડેન્ટ ડૉક્ટર્સ એસોસિએશનના પ્રમુખ અવિરલ માથુરે પણ કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસ માટે હાકલ કરી હતી અને જાહેરાત કરી હતી કે તેઓની હડતાલ ચાલુ રહેશે.

# કોલકાતા બળાત્કાર-હત્યા કેસ : ધરણા અને વિરોધ કરી રહેલા ડોકટરોને AIIMS દિલ્હીની કડક ચેતવણી

## કોલકાતાની આર.જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની (PGT)ના જાતીય હુમલો અને હત્યાના વિરોધમાં FAIMAએ ૧૩ ઓગસ્ટથી OPD સેવાઓને દેશવ્યાપી બંધ કરવાની હાકલ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) દિલ્હીએ કોલકાતાની RG કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેઈની (PGT) ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા સામે વિરોધ કરી રહેલા ડોકટરોને કડક ચેતવણી આપી છે. AIIMS વહીવટીતંત્રે તમામ નિવાસી ડોકટરોને આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં સંસ્થાની આસપાસ હડતાલ, દેખાવો અથવા ધરણાં સહિત કોઈપણ પ્રકારના વિરોધ પર પ્રતિબંધ છે. AIIMS રજિસ્ટ્રારના મેમોરેન્ડમ પર ભાર મૂકવામાં આવ્યો છે કે આ નિર્દેશનું કોઈપણ ઉલ્લંઘન કરવામાં આવશે તો શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.




AIIMS વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, કર્મચારીઓ અથવા ફેકલ્ટી સભ્યોનો કોઈપણ કર્મચારી કોઈપણ કારણોસર પ્રવૃત્તિઓ બંધ કરશે નહીં અથવા કાર્યમાં વિક્ષેપ પાડશે નહીં, અથવા આવા વિક્ષેપને પ્રોત્સાહન આપશે નહીં. આ નોટિસમાં વિરોધ કરી રહેલા ડોકટરોને લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા અને કેમ્પસમાં સૂત્રોચ્ચાર કરવા અંગે પણ ચેતવણી આપવામાં આવી હતી. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે સત્તાવાર કામમાં કોઈ દખલ ન થવી જોઈએ.

AIIMS દિલ્હીએ જણાવ્યું હતું કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧માં સમાવિષ્ટ જીવનનો અધિકાર, સારવારનો ઈન્કાર કરવાનો અથવા તો કોઈપણ ડૉક્ટર અથવા સ્ટાફના અન્ય સભ્યની સેવાઓનો લાભ લેવા માટે દર્દીઓની હાજરી અને તેમને તબીબી સહાય પ્રદાન કરવાનો અધિકાર સામેલ છે. HODs અને કેન્દ્રોના વડાને દરરોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં નિવાસી ડોકટરોની હાજરી મોકલવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

અનેક સરકારી હોસ્પિટલોમાં ઓપીડી અને નોન-ઈમરજન્સી સર્જરી સહિતની વૈકલ્પિક સેવાઓને રોકવા માટે ડોકટરોનો સમગ્ર ભારત વિરોધ મંગળવારે પણ ચાલુ રહ્યો. વિરોધ કરી રહેલા ડોકટરોએ કોલકાતા કેસની નિષ્પક્ષ તપાસ અને હોસ્પિટલોમાં વધુ સારી સુરક્ષા વ્યવસ્થાની માંગ કરી છે.

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (એફએઆઈએમએ)ના આહ્‌વાનને પગલે એઈમ્સ દિલ્હીના નિવાસી ડોકટરો પણ આ વિરોધમાં જોડાયા હતા. FAIMAએ મહિલા અનુસ્નાતક તાલીમાર્થી પર જાતીય હુમલો અને હત્યાના વિરોધમાં મંગળવારથી OPD સેવાઓને દેશવ્યાપી બંધ કરવાની હાકલ કરી હતી.

વિરોધ કરી રહેલા ડોકટરોએ મંગળવારે કહ્યું છે કે તેઓ તેમનો વિરોધ ચાલુ રાખશે. આ ગંભીર ઘટના છે. ફરજ પર રહેલી એક મહિલાનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું અને તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. જો આવી ઘટનાઓ કાર્યસ્થળ પર બને છે, તો મહિલાઓ કેવી રીતે કામ કરશે?... અમે આની સીબીઆઈ તપાસ ઈચ્છીએ છીએ, ત્યાં સુધી અમે અમારો વિરોધ ચાલુ રાખીશું.

દિલ્હીની AIIMSના રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન (RDA)ના સભ્યોએ છ માંગણીઓ રજૂ કરી હતી, જેમાં કેસની તપાસ માટે CBIને સોંપવાની જરૂરિયાત, ગુનેગારો સામે કડક કાર્યવાહી, પીડિતાના પરિવારને પૂરતું વળતર, પ્રિન્સિપાલની હકાલપટ્ટી અને હોસ્પિટલના સિક્યોરિટી ઈન્ચાર્જ, ડોકટરો માટે સેન્ટ્રલ પ્રોટેક્શન એક્ટના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી લેખિત ખાતરી, અને તેમના નામે સંસ્થામાં મકાન અથવા પુસ્તકાલયની ઘોષણા.

૯ ઓગસ્ટના રોજ સરકારી સંચાલિત આરજી કાર મેડિકલ કોલેજના સેમિનાર હોલની અંદર એક મહિલા અનુસ્નાતક તાલીમાર્થીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પીડિતા સોદેપુરની હતી અને ગુરુવારે રાત્રે જ્યારે આ ઘટના બની ત્યારે તે ફરજ પર હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જો રાજ્ય પોલીસ કેસનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જશે અને રવિવાર સુધીમાં તમામ આરોપીઓની ધરપકડ નહીં કરે તો આ કેસને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને ટ્રાન્સફર કરવાની ખાતરી આપી હતી.

પોસ્ટમોર્ટમના તારણો મુજબ, ડૉક્ટરનું મૃત્યુ હત્યા અને એન્ટિ-મોર્ટમ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું, જેનો અર્થ થાય છે કે આ રિપોર્ટ પુષ્ટિ કરે છે કે પીડિતાનું યૌન શોષણ થયું હતું અને તેના પ્રાઈવેટ પાર્ટ પર ઈજાના અનેક નિશાન જોવા મળ્યા હતા. હુમલા બાદ, તેણીને ગળું દબાવીને મારી નાખવામાં આવી હતી, જ્યાં તેણીની ગરદન પર દબાણ કરવામાં આવ્યું હતું, અને અહેવાલો દર્શાવે છે કે જ્યારે પીડિતાએ પ્રતિકાર કરવાનો અને પોતાને બચાવવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીએ તેના પર હુમલો કર્યો હતો. ઓટોપ્સી અનુસાર પીડિતાના હાથ અને ચહેરા પર કાપના નિશાન જોવા મળ્યા હતા.

# કોલકાતાની મહિલા ડૉક્ટર બળાત્કાર-હત્યા : PG સ્ટુડન્ટના મૃત્યુ કેસમાં પોલીસે ૪ જુનિયર ડૉક્ટર્સ અને અન્યને પૂછપરછ માટે બોલાવ્યા

## મૃતક સાથે રાત્રિભોજન કરનાર ડોકટરો આરોપી નથી પરંતુ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે

(એજન્સી) કોલકાતા, તા.૧૩

ગયા અઠવાડિયે શહેરની એક સરકારી હોસ્પિટલમાં અનુસ્નાતક વિદ્યાર્થીની હત્યા અને કથિત જાતીય શોષણના કેસના સંબંધમાં કોલકાતા પોલીસે મંગળવારે પૂછપરછ માટે બોલાવેલા લોકોમાં ચાર જુનિયર ડૉક્ટરોમાંનો સમાવેશ થાય છે. શહેરની આરજી કાર મેડિકલ કોલેજના જુનિયર ડોકટરોને આજે લાલબજાર સ્થિત કોલકાતા પોલીસ હેડક્વાર્ટર ખાતે બોલાવવામાં આવ્યા છે. મૃતક સાથે રાત્રિભોજન કરનાર ડોકટરો આરોપી નથી પરંતુ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. કોલકાતા પોલીસે આજે લાલબજારમાં કોલકાતા પોલીસ હેડક્વાર્ટર ખાતે વિભાગના વડા, સહાયક સુપર, પુરૂષ-મહિલા નર્સો, જૂથ-ડી સ્ટાફ અને સુરક્ષા સભ્યોને પણ બોલાવ્યા હતા. મહિલા અનુસ્નાતક તાલીમાર્થી ડૉક્ટરનો મૃતદેહ ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની અંદર મળી આવ્યો હતો, જેનાથી વ્યાપક આક્રોશ અને વિરોધ થયો હતો. આ કેસના સંબંધમાં કોલકાતા પોલીસે ત્રણ જુનિયર ડોકટરો અને એક હાઉસ સ્ટાફને બોલાવ્યા હતા. કોલકાતા પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, બોલાવવામાં આવેલા જૂનિયર ડોક્ટર્સ અને હાઉસ સ્ટાફ ઘટનાની રાત્રે ફરજ પર હતા. આ




ઘટના પછી અનેક રાજ્યોમાં અનેક હોસ્પિટલોમાં ડોક્ટરો અને વિદ્યાર્થીઓ પીડિતાને ન્યાયની માંગ સાથે અનિશ્ચિત હડતાળ પર ઉતર્યા હતા. મમતા બેનરજીએ ૧૨ ઓગસ્ટના રોજ કહ્યું હતું કે તેમણે પોલીસને આરોપીની વહેલી તકે ધરપકડ કરવા કહ્યું હતું અને કહ્યું હતું કે જો પોલીસ આ કેસ ઉકેલવામાં અસમર્થ છે, તો કેસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ને સોંપવામાં આવશે. તેમણે કહ્યું કે, જે દિવસે મને કોલકાતા પોલીસ કમિશનર પાસેથી આ ઘટના વિશે જાણ થઈ, તો મેં તેમને કહ્યું કે આ એક દુઃખદ ઘટના છે અને તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને તરત જ એક ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવી જોઈએ... ત્યાં નર્સો હતી અને સુરક્ષા પણ હતી, પરંતુ હું હજુ પણ સમજી શકતી નથી કે આ ઘટના કેવી રીતે બની હતી તે અંગે પોલીસે મને જાણ કરી છે કે હોસ્પિટલના પ્રિન્સિપાલે રાજીનામું આપી દીધું છે અને આરોપીને પકડવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને પોલીસ તેને વહેલી તકે પકડવા માટે પ્રયાસ કરી રહી છે, જો પોલીસ આ કેસને રવિવાર સુધીમાં ઉકેલી શકશે નહીં, તો અમે આ કેસ સીબીઆઈને આપીશું. ડૉક્ટરો આ કેસની સીબીઆઈ તપાસ, ફાસ્ટ-ટ્રેક કોર્ટ અને તમામ હોસ્પિટલોમાં સેન્ટ્રલ પ્રોટેક્શન એક્ટના અમલ માટે એક સમિતિની રચનાની માંગ કરી રહ્યા છે.

# NDA સરકારો વિધાનસભા ચૂંટણીમાં મતદારોના દિલ જીતવા માંગતા હોવાથી હરિયાણા અને મહારાષ્ટ્રમાં 'રેવડી'ની છૂટ્ટા હાથે લ્હાણી

(એજન્સી) ગુરૂગ્રામ/મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્ર અને હરિયાણામાં અત્યારે કેટલીક બાબતો સમાન છે. બંને રાજ્યો વિધાનસભાની ચૂંટણી તરફ આગળ વધી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી (BJP) બંને રાજ્યોમાં શાસન કરી રહી છે - મહારાષ્ટ્રમાં ગઠબંધનના ભાગરૂપે અને હરિયાણામાં લઘુમતી સરકાર તરીકે. આ વર્ષની લોકસભા ચૂંટણીમાં બંને રાજ્યોના સત્તાધારી પક્ષોને પરાજયનો સામનો કરવો પડ્યો હતો અને બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ જેવો ચુકાદો ન આપે તેની ખાતરી કરવા માટે મરણિયા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પરિણામે મહારાષ્ટ્ર અને હરિયાણા બંનેમાં સામાન્ય જનતા હાલ પૂરતી ખૂબ જ ખુશ છે.

એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકાર અને નાયબસિંહ સૈનીની આગેવાની હેઠળની હરિયાણા સરકાર વસ્તીના લગભગ દરેક વર્ગને ધ્યાનમાં રાખીને લોકપ્રિય યોજનાઓમાં મોટા પ્રમાણમાં નાણાં આપી રહી છે.

મહારાષ્ટ્રમાં સબસિડીવાળા ગેસ સિલિન્ડરથી લઈને શાળાની છોકરીઓને ફોર્ટિફાઈડ દૂધ પૂરું પાડવું, સ્વ-રોજગાર માટે વધુ રકમની લોન અને હરિયાણાના ખેડૂતો માટે સેસ માફી, મહિલાઓ, યુવાનો, વારકરી સંપ્રદાયના સભ્યો અને વરિષ્ઠ નાગરિકોને મફત તીર્થયાત્રાઓ. બંને રાજ્યો ચૂંટણીમાં લોકોને ખુશ રાખવા માટે કોઈ કસર છોડી રહ્યા નથી.

મુંબઈ યુનિવર્સિટીના રાજકારણ અને નાગરિકશાસ્ત્ર વિભાગના સંશોધક ડૉ.સંજય પાટીલે મીડિયાને જણાવ્યું હતું કે, જો આપણે લોકસભાના પરિણામો પર નજર કરીએ તો લોકો શાસક સરકારથી ખૂબ નારાજ હતા અને તે પરિણામોમાં પ્રતિબિંબિત થાય છે. તેથી તે જગ્યાને ભરવા માટે આ પ્રકારની યોજનાઓ લાવવામાં આવી રહી છે. હવે લોકો તેમને પ્રતિભાવ આપે છે કે નહીં તે જોવાની જરૂર છે. જો કે, તેઓ એક હદ સુધી અસર છોડે છે કારણ કે, જેને પણ આ હપ્તાઓ મળે છે, તે મૌખિક રીતે યોજનાઓની લોકપ્રિય બનાવવાનું વલણ ધરાવે છે.

આ એક રીતે રેવડી (સોપ) છે. વડાપ્રધાન પોતે આ સંસ્કૃતિની વિરુદ્ધ છે, પરંતુ બંને રાજ્યોની ભાજપ સરકારો તેનો આશરો લઈ રહી છે.

હરિયાણામાં શાસક ભાજપને ૧૦માંથી પાંચ લોકસભા બેઠકો ગુમાવવી પડી, જ્યારે ૨૦૧૯માં તેણે તમામ ૧૦ જીતી હતી. વિધાનસભા ક્ષેત્રોની દૃષ્ટિએ આ કુલ ૯૦ બેઠકોમાંથી ૪૬ બેઠકોમાં હારમાં પરિણમે છે. મહારાષ્ટ્રમાં શિંદેની આગેવાની હેઠળની શિવસેના, ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ની બનેલી મહાયુતિ સરકારે મહારાષ્ટ્રની ૪૮ લોકસભા બેઠકોમાંથી માત્ર ૧૭ બેઠકો જીતી છે. પ્રતિસ્પર્ધી મહા વિકાસ અઘાડી (MVA), જેમાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે), કોંગ્રેસ અને NCP (શરદચંદ્ર પવાર)નો સમાવેશ થાય છે, એ ૩૦ બેઠકો જીતી હતી. એક અપક્ષ, કોંગ્રેસના બળવાખોર કે જેમણે આખરે MVAને ટેકો આપ્યો, તેણે ૪૮મી બેઠક જીતી.

નાસિકમાં ડુંગળીના ખેડૂતોનો અસંતોષ અને મરાઠાવાડામાં મરાઠા ક્વોટા વિરોધ સહિત તાજેતરની સંસદીય ચૂંટણીઓમાં સ્થાનિક મુદ્દાઓએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. આ પડકારો ઓક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણીના સમય સુધીમાં સંપૂર્ણપણે વિખેરાઈ જવાની શક્યતા નથી અને મહાયુતિ લોકોને



## વિપક્ષો અને વિશ્લેષકો આવી ઘોષણાઓની અવ્યવહારૂતા દર્શાવતા હોવા છતાં બંને રાજ્ય સરકારો વસ્તીના લગભગ દરેક વર્ગને ધ્યાનમાં રાખીને યોજનાઓ માટે નાણાંનો ઉપયોગ કરી રહી છે

તેમના પક્ષમાં પાછા લાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. પૂર્વ મુખ્યપ્રધાન અને હરિયાણા વિધાનસભામાં વિપક્ષના નેતા ભૂપિન્દરસિંહ હુડ્ડાએ જણાવ્યું હતું કે, ભાજપ પાયાવિહોણી જાહેરાતો કરે છે જેનો તે અમલ કરી શકતો નથી કારણ કે, તે વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ હારથી નર્વસ છે.

મીડિયા સાથે વાત કરતા હુડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે, રાજ્ય દ્વારા નહીં. સૈની સરકારે આ સપ્તાહની શરૂઆતમાં વર્તમાન ૧૫ને બદલે ૨૪ પાકની ખરીદીની જાહેરાત કરી હતી.

હુડ્ડાએ ધ્યાન દોર્યું હતું કે, કેન્દ્ર સરકારે આ વર્ષના બજેટમાં MSP ગેરંટીનો ઉલ્લેખ કર્યો નથી, રાજ્ય સરકારે આવી જાહેરાત કયા આધારે કરી હતી તેના પર સવાલ ઉઠાવતા તેમણે MSPની ગેરંટી માટે સંસદમાં બિલ લાવવા ભાજપને પડકાર ફેંક્યો.

હુડ્ડાએ દલીલ કરી હતી કે, હરિયાણાની ચૂંટણીને બે મહિના બાકી છે અને એક મહિનામાં આચારસંહિતા લાગુ થવાની છે, ભાજપની MSPની વાત અયોગ્ય છે, કારણ કે, આગામી મહિનામાં કોઈ પાક બજારમાં આવશે નહીં. મહારાષ્ટ્રમાં માઝી લડકી બહુન યોજના, મુખ્ય મંત્રી યુવા કાર્ય શિક્ષણ યોજના અને વારકરીઓ માટે પેન્શન આપવા જેવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. પુણેમાં ગુરૂવારે પત્રકારો સાથે વાત કરતા શરદ પવારે સૂચિત કર્યું કે, તાજેતરની લોકસભાની ચૂંટણીમાં મહાયુતિને મળેલા આંચકાએ તેને નવી યોજનાઓ શરૂ કરીને લોકોના કલ્યાણ વિશે વિચારવાની ફરજ પાડી છે. તેમણે કહ્યું, તે પ્રશંસનીય છે કે, ભાઈઓ અને બહેનોના કલ્યાણને સંબોધવામાં આવે છે, પરંતુ આ જાદુ ફક્ત લોકસભાની ચૂંટણીના મતોને કારણે છે. જો મતદારો સમજદારીપૂર્વક પોતાનો મત આપે, તો તમામ બહેનો, ભાઈઓ અને અન્યોને યાદ કરવામાં આવશે.

**મતદારોને ખુશ રાખવાની કવાયત્ :**

હરિયાણામાં સીએમ સૈનીએ જાહેરાત કરી હતી કે, ૧.૮૦ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા ૪૬ લાખ પરિવારો, જેઓ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લાભાર્થી છે, તેઓ હવે ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર મેળવશે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે, મુખ્યમંત્રી દુગ્ધ ઉપાકુપોષણ સામે લડવા માટે ૧૪થી ૧૮ વર્ષની શાળાની વિદ્યાર્થિનીઓને ૧૫૦ દિવસ સુધી ફોર્ટિફાઈડ મિલ્ક આપવામાં આવશે, જેનો લાભ આશરે ૨.૬૫ લાખ કિશોરીઓને થશે.

તેમની કેટલીક અન્ય જાહેરાતોમાં હરિયાણા માતૃશક્તિ ઉદ્યમિતા યોજના હેઠળ સ્વ-રોજગાર માટે લોનની રકમ રૂા.૩ લાખથી વધારીને રૂા.પાંચ લાખ કરવાનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ સ્વ-સહાય જૂથો (SHGs) માટેનું ફરતું ભંડોળ રૂા.૨૦,૦૦૦થી વધારીને રૂા.૩૦,૦૦૦ કરવામાં આવ્યું હતું અને જૂથ સખીઓ માટેનું માસિક માનદ વેતન રૂા.૧૫૦થી વધારીને રૂા.૫૦૦ કરવામાં આવ્યું હતું. હરિયાણાના મુખ્યમંત્રીએ ખેડૂતો પાસેથી વાર્ષિક ૧૩૦ કરોડ રૂપિયા બાકી રહેલા અબિયાના (નહેરના પાણી પર સેસ) અને ૫૪ કરોડ રૂપિયાના અબિયાને માફ કરવાની પણ જાહેરાત કરી હતી.

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી લોકપ્રિય યોજનાઓ, જે વિવિધ જૂથો - જેમ કે મહિલાઓ, યુવાનો, વારકારીઓ અને વરિષ્ઠ નાગરિકોને માસિક નાણાકીય સહાય ઓફર કરે છે - તે રાજ્યના નાણાકીય બોજમાં વધારો કરશે. સરકારે તાજેતરમાં ૨૦૨૩-૨૪ માટે રૂા.૭ લાખ કરોડથી વધુનું દેવું ધરાવતા રાજ્યમાં વધારાના રૂા.૯૬,૦૦૦ કરોડની પૂરક માગણીઓ રજૂ કરી હતી.

રાજકીય વિવેચક પ્રકાશ બાલે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં લોકપ્રિય યોજનાઓ શિંદેની રાજનીતિ રમવાની રીતને અનુરૂપ છે, પરંતુ તે રાજ્યની અર્થવ્યવસ્થા માટે સારી નિશાની નથી.

બાલે કહ્યું, પરંતુ રેવડી વહેંચવી એ એકનાથ શિંદેની શૈલી છે. આ રીતે તેમની રાજનીતિ રહી છે પછી તે કોર્પોરેટર તરીકે હોય કે મુખ્યમંત્રી તરીકે.

લોકનીતિ સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS)ના સંશોધન સહયોગી જ્યોતિ મિશ્રાએ જો કે, જણાવ્યું હતું કે, વર્તમાન રાજકીય સંદર્ભમાં ચૂંટણીમાં જીત મેળવવા માટે કોઈપણ પક્ષ કલ્યાણકારી પગલાં અથવા રેવડી સંસ્કૃતિના આકર્ષણથી બચી શકે નહીં. તેમણે કહ્યું, ભાજપ જેણે અગાઉ આ પ્રથાની ટીકા કરી હતી તે હવે હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની આગેવાનીમાં તેને અપનાવી રહી છે. હરિયાણામાં ભાજપ સરકારે લોકસભા ચૂંટણી ૨૦૨૪ પછી શ્રેણીબદ્ધ લોકપ્રિય પગલાંની જાહેરાત કરી છે, જેમાં ૧ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારો માટે મફત બસ સવારીનો સમાવેશ થાય છે. વધુમાં સરકાર ગરીબી રેખા હેઠળના પરિવારોને મફતમાં જમીનના પ્લોટ ઓફર કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય તેના લોકસભાના વોટ શેરમાં નોંધપાત્ર ઘટાડા બાદ મતદારોની ફરિયાદોનું નિરાકરણ કરવાનો છે. મહારાષ્ટ્રમાં પણ મહિલાઓ માટે માસિક ભથ્થું, ખેડૂતો માટે સબસિડી, કૃષિ પંપ માટે મફત વીજળી અને ડુંગળી અને દૂધ ઉત્પાદકો માટે નાણાકીય સહાય છે. મિશ્રાએ જણાવ્યું હતું કે, આ યોજનાઓ વ્યૂહરચનામાં ફેરફારને પ્રતિબિંબિત કરે છે કારણ કે, ભાજપ મુખ્ય મતદાર વસ્તી વિષયકમાં ખોવાયેલું સ્થાન પાછું મેળવવા માંગે છે. તેમણે ઉમેર્યું, રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે વધુને વધુ કલ્યાણકારી વચનોનો આશરો લે છે તેમ ભાજપ દ્વારા આ પગલાં અપનાવવાથી સમકાલીન ભારતીય ચૂંટણીઓમાં વહેંચણીની રાજનીતિના વધતા મહત્ત્વને સમજાવે છે.

# માનવ અધિકારો અંગે પશ્ચિમી દેશો દોરંગી અભિગમ ધરાવે છે, પરંતુ શું ભારત પણ એ જ માર્ગ પર ચાલી રહ્યું છે ?

(એજન્સી) તા.૧૩

યુનાઈટેડ સ્ટેટ્સ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધતા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુને ધારાસભ્યો તરફથી વારંવાર સ્ટેન્ડિંગ ઓવેશન્સ મળ્યા એ આધુનિક રાજકારણમાં સૌથી વધુ ચિંતાજનક ક્ષણો છે. પેલેસ્ટીની ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર ઈઝરાયેલે ગાઝા પરના તેના ૧૦ મહિનાના યુદ્ધમાં ૩૯,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાંથી ૧૧,૦૦૦ બાળકો છે. તેલ અવીવનું કહેવું છે કે, ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર જૂથના હુમલા બાદ હમાસને ખતમ કરવાના પ્રયાસમાં આ મૃત્યુ થયા છે.

ગાઝાની હોસ્પિટલો અને પાણી પુરવઠા સહિતનું સમગ્ર ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નાશ પામ્યું છે. ગાઝામાં દરેક વ્યક્તિ ઘાયલ, બીમાર અથવા બંને છે અને તેના તમામ રહેવાસીઓ માટે દુકાળ એ વાસ્તવિકતા છે. આ પેલેસ્ટીની લોકો સામે ઈઝરાયેલના ઈરાદાપૂર્વક અને લક્ષિત ભૂખમરાના અભિયાનને કારણે છે. સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતો કહે છે કે, આ જાહેર દૃષ્ટિએ નરસંહાર છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા યુદ્ધવિરામની હાકલ સહિતની હિંસા રોકવાના આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રયાસો, ઈઝરાયેલને રોકવામાં નિષ્ફળ ગયા છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ, સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે કે, ગાઝામાં ઈઝરાયેલની લશ્કરી કાર્યવાહી 'બુદ્ધિગમ્ય નરસંહાર' સમાન છે. કોર્ટે ચુકાદો આપ્યો છે કે, પેલેસ્ટીની પ્રદેશ પર ઈઝરાયેલનો કબજો ગેરકાનૂની છે અને પેલેસ્ટીનીઓ સામે તેના ભેદભાવપૂર્ણ કાયદાઓ અને નીતિઓ અને પ્રતિબંધનું ઉલ્લંઘન કરે છે. વિશ્વની સર્વોચ્ચ અદાલતે નેતાન્યાહુ અને ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટ પર ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ગુનાહિત જવાબદારીનો આરોપ મૂક્યો હતો. કોર્ટે જાહેરાત કરી હતી કે, તે હમાસના ટોચના અધિકારીઓ સાથે તેમની વિરુદ્ધ ધરપકડ વોરંટની માંગ કરવી જોઈએ. આ પૃષ્ઠભૂમિમાં યુ.એસ.ના ધારાશાસ્ત્રીઓ નેતાન્યાહુને ઉત્સાહિત કરી રહ્યા છે, તે આઘાતજનક છે. તેમના સંબોધનમાં નેતાન્યાહુએ ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહી તેમજ આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટમાં તેનો વિરોધ કરનારાઓની નિંદા



## લોકતાંત્રિક દાવાઓ અને પ્રથા વચ્ચે ભારતમાં સમુદાયો વચ્ચે વધતું અંતર તેની કાયદેસરતા અને સદ્‌ભાવનાને ગુમાવવાનું જોખમ ધરાવે છે

કરી. નેતાન્યાહુએ યુ.એસ.ને ઈઝરાયેલ સાથે મળીને ઊભા રહેવા વિનંતી કરી કારણ કે, તેમનો દેશ સભ્યતા અને બર્બરતા વચ્ચે પશ્ચિમની લડાઈ લડી રહ્યો છે. રાષ્ટ્રપતિ જો બાઈડેને યુદ્ધવિરામ માટેના કોઈપણ બંધનકર્તા ઠરાવોને રોકવા માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં યુનાઈટેડ સ્ટેટ્સના વીટો પાવરનો ઉપયોગ કરીને ઈઝરાયેલને અમેરિકન લશ્કરી સહાય અને રાજદ્વારી કવર આપવાનું ચાલુ રાખ્યું છે.

આ તેના સૌથી ખરાબ બેવડા ધોરણો છે, ખાસ કરીને યુક્રેન સંઘર્ષમાં યુ.એસ.ની સ્થિતિને જોતા વૈશ્વિક સ્તરે ગંભીર માનવાધિકારના દુરૂપયોગ સામે લડવા માટે, આંતરરાષ્ટ્રીય ગુનેગારો સામે તે ઉપયોગ કરે છે તેવા સામાન્ય અને લક્ષિત પ્રતિબંધો દ્વારા પશ્ચિમી દેશોમાં યુએસ અગ્રણી છે. વૈશ્વિક સ્તરે લોકશાહી અને કાયદાના શાસનની રક્ષા કરવાના યુએસ અને પશ્ચિમી વિશ્વના દાવાઓ ખોટા છે. તેલ અવીવ દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદાની અવગણનાનો લાંબો ઈતિહાસ હોવા છતાં ઈઝરાયેલને પશ્ચિમી દેશોનું સમર્થન પશ્ચિમના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે.

અમેરિકન આતંક સામે યુદ્ધ અને પશ્ચિમ એશિયા અને વ્યાપક મુસ્લિમ વિશ્વમાં યુએસ હસ્તક્ષેપના પરિણામે આચરવામાં આવેલા ગુનાઓ આંતરરાષ્ટ્રીય કાયદાના પસંદગીયુક્ત ઉપયોગ એ સૌથી સ્પષ્ટ અભિવ્યક્તિઓ છે. પશ્ચિમી સત્તાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદાના આ પસંદગીયુક્ત ઉપયોગની વ્યાપક અસરો શું છે, જે માનવ અધિકાર, લોકશાહી અને નિયમોના રક્ષક તરીકે ઉચ્ચ નૈતિક આધારનો દાવો કરવા માંગે છે ? તે ન્યાય અને જવાબદારી માટે પીડિતોના સંઘર્ષને નબળો પાડે છે. તે વિશ્વની નજરમાં આંતરરાષ્ટ્રીય કાયદાની કાયદેસરતાને પણ નબળી પાડે છે. પશ્ચિમી બેવડા ધોરણો માનવાધિકાર ભંગ કરનારાઓને પ્રોત્સાહિત કરે છે.

**ભારતમાં માનવ અધિકાર :** તાજેતરના વર્ષોમાં ભારતમાં માનવ અધિકારોની ચિંતાજનક સ્થિતિ ઈઝરાયેલ-પેલેસ્ટીન કરતા અલગ શ્રેણીમાં છે. સામાન્ય ચૂંટણીઓ પહેલાં યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સે નાગરિકો પર વધતા નિયંત્રણો, તેમજ લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો સામે દ્વેષપૂર્ણ ભાષણ અને ભેદભાવ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના ૨૫ મેન્ડેટ ધારકોના એક જૂથે ભારતને તેની માનવાધિકાર જવાબદારીઓને સંપૂર્ણ રીતે અમલમાં મૂકવા, માનવ અધિકારો માટે સકારાત્મક ઉદાહરણ સ્થાપિત કરવા અને યુએન મિકેનિઝમ્સની ચિંતાઓને સંબોધિત કરવા હાકલ કરી હતી. એક અભ્યાસ મુજબ ચૂંટણી ઝુંબેશના સમયગાળામાં લઘુમતી વિરોધી અપ્રિય ભાષણના ૭૨ કિસ્સાઓ જોવા મળ્યા હતા અને આ પ્રકારની વાણી, આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા પ્રતિબંધિત છે, તે દુશ્મનાવટ, ભેદભાવ અથવા હિંસા પ્રત્યેની સીધી ઉશ્કેરણી દ્વારા વર્ગીકૃત થયેલ છે. ચૂંટણીઓ પછી મહિનાઓ સુધી ચાલેલી લઘુમતી વિરોધી ઝુંબેશના વાસ્તવિક જીવનમાં પરિણામો સ્પષ્ટ થઈ ગયા હતા. મોબ લિંચિંગ અને સામૂહિક હિંસામાં વધારો થયો હતો, સાથે સાથે અદાલતી હત્યાઓ અને મુસ્લિમોની મિલકતોના શિક્ષાત્મક વિધ્વંસમાં વધારો થયો હતો, ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી દ્વારા શાસિત રાજ્યોમાં આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. આની સાથે જ અસંમતિ દર્શાવતા લોકોને નિશાન બનાવવામાં આવે છે. કેન્દ્રમાં સત્તામાં રહેલી ભાજપ અને ગઠબંધન સરકાર માનવાધિકારના ઉલ્લંઘન પર ધાર્યા પ્રમાણે બ્રેક લગાવી શકી નથી.

# NCERT રિપોર્ટમાં KGBVs પર 'ફંડની વિસંગતતાઓ, વિદ્યાર્થી સુરક્ષાનો અભાવ, ગેરવહીવટ'નો ઘટસ્ફોટ

**તાજેતરનું NCERT મૂલ્યાંકન કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય સામેના મુખ્ય પડકારો દર્શાવે છે, જેમાં ભંડોળનો અયોગ્ય ઉપયોગ, અપૂરતી માળખાગત સુવિધા, શિક્ષકોની અછત, સલામતીની ચિંતાઓ અને પાયાની સુવિધાઓનો અભાવનો સમાવેશ થાય છે, જે હાંસિયામાં ધકેલાયેલી છોકરીઓ માટે શિક્ષણની ગુણવત્તાને અસર કરે છે**

(એજન્સી) તા.૧૩

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા ૨૫૪ KGBVsના તાજેતરના મૂલ્યાંકન મુજબ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBVs) જેનો હેતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની છોકરીઓને શૈક્ષણિક તકો પૂરી પાડવાનો છે, તે ઘણા મોટા પડકારોનો સામનો કરી રહી છે. અહેવાલમાં જણાવાયું છે કે, NCERT મૂલ્યાંકનમાં ઓળખવામાં આવેલી સૌથી અઘરી સમસ્યાઓ પૈકીની એક ફંડના ઉપયોગની પારદર્શિતાનો અભાવ છે. નોંધપાત્ર નાણાકીય ફાળવણી હોવા છતાં અહેવાલમાં પાયાના સ્તરે ભંડોળના સંચાલનમાં વિસંગતતાઓ જોવા મળી હતી.

વિતરણમાં વિલંબ અને અયોગ્ય ફાળવણીને કારણે કેટલાક રાજ્યોમાં તેનો ઉપયોગ ઓછો થયો છે. મૂલ્યાંકન અહેવાલ મુજબ ૨૦૨૧-૨૨માં ફાળવેલ રૂા.૨,૪૬,૬૫૭.૨૫ લાખના ભંડોળમાંથી માત્ર ૭૬%નો ઉપયોગ થયો હતો. સંસાધનોનો હેતુ મુજબ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટે કડક દેખરેખ અને જવાબદારીના પગલાં માટે હિતધારકોની માંગ પ્રબલ બની છે. મીડિયા અનુસાર એનસીઈઆરટી રિપોર્ટ દર્શાવે છે કે, અસંખ્ય KGBVs હલકી સ્થિતિમાં કામ કરે છે, જેમાં ઘણા ભાડાની અથવા આંશિક રીતે બાંધવામાં આવેલી ઈમારતોમાં રહે છે. કુલ ૧૧૭ KGBV ભાડાની જગ્યામાં સ્થિત છે અને ૫૯૨ અધૂરા બાંધકામોવાળી ઈમરતોમાંથી કામ કરે છે. આ સમસ્યા ખાસ કરીને અરૂણાચલપ્રદેશ, મેઘાલય, જમ્મુ અને કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ત્રિપુરા જેવા રાજ્યોમાં તીવ્ર છે, જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ નોંધપાત્ર રીતે ધીમો છે. યોગ્ય સુવિધાઓનો અભાવ માત્ર ઈમારતો ઉપરાંત લેબોરેટરી અને અલગ રૂમ જેવી આવશ્યક સુવિધાઓ સુધી વિસ્તરે છે. માત્ર ૪૨% KGBV પાસે સમર્પિત રૂમ છે અને માત્ર ૨૮% પાસે પ્રયોગશાળાઓ છે, જે વ્યાપક શિક્ષણ પ્રદાન કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. શિક્ષકોની અછત અને ઓછો પગાર એ KGBVને અસર કરતી અન્ય ગંભીર સમસ્યાઓ છે. અહેવાલ સૂચવે છે કે, આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, તેલંગાણા અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં ઘણી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. મોટાભાગના શિક્ષકો કરાર આધારિત છે, જેમાં માત્ર ૧૦% કાયમી સ્ટાફ છે. આ પરિસ્થિતિ ઉચ્ચ ટર્નઓવર દર અને શિક્ષણ વાતાવરણમાં અસ્થિરતામાં પરિણમે છે. વધુમાં શિક્ષકોને આપવામાં આવતો ઓછો પગાર લાયકાત ધરાવતા વ્યાવસાયિકોને આ શાળાઓમાં જોડાતા અટકાવે છે. અસ્થાયી કરાર પર ૮૫% શિક્ષકો સાથે લાંબાગાળાની પ્રતિબદ્ધતા માટે ઓછી નોકરીની સુરક્ષા અથવા પ્રોત્સાહન નથી, જે વિદ્યાર્થીઓના શિક્ષણની સાતત્યને અસર કરે છે. અહેવાલ એ પણ નોંધે છે કે, ૫૮% શિક્ષકો કેમ્પસમાં રહેતા નથી, જે શાળાના રહેણાંક પાસા સાથેના તેમના જોડાણને અસર કરે છે. અન્ય મુખ્ય મુદ્દો છોકરી વિદ્યાર્થીઓની સલામતીનો છે કારણ કે, મોટાભાગની KGBVs મુખ્ય વસાહતોથી દૂર અલગ-અલગ સ્થળોએ સ્થિત છે, જે તેમને વિવિધ જોખમો માટે સંવેદનશીલ બનાવે છે. અહેવાલ મુજબ એક KGBV તો સ્મશાન નજીક હોવાનું મળી આવ્યું હતું. જ્યારે ૨૧૨ KGBVની અમુક પ્રકારની મર્યાદાઓ છે, ઘણી બધી કાં તો ખૂબ ઓછી છે અથવા અધૂરી છે, જેના કારણે શાળાઓ બાહ્ય જોખમોના સંપર્કમાં છે. ૨૧૯ KGBV પાસે CCTV કેમેરા હોવા છતાં વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે એકલા આ હોવું અપૂરતું છે. અહેવાલમાં ઓછા ભંડોળના ઉપયોગને પણ મહત્ત્વપૂર્ણ મુદ્દો ગણાવ્યો છે. ઐતિહાસિક રીતે ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં ફાળવેલ ભંડોળના માત્ર ૩૨.૫૭% ઉપયોગ સાથે ઓછા ઉપયોગની પેટર્ન છે. ૨૦૨૧-૨૨માં ૭૬% ઉપયોગ સાથે આ વલણમાં થોડો સુધારો થયો છે. જો કે, ખાસ કરીને આંધ્રપ્રદેશ, મેઘાલય, તેલંગાણા અને ત્રિપુરા જેવા રાજ્યોમાં ભંડોળના વપરાશમાં વિસંગતતાઓ ચાલુ છે. આશરે ૫૦% વોર્ડન પાસે પાંચ વર્ષથી ઓછો અનુભવ છે, જે ઉચ્ચ ટર્નઓવર દર દર્શાવે છે. કેમ્પસમાં કૌટુંબિક રહેઠાણની અછત સહિતની ખરાબ કાર્યસ્થિતિઓ આ વોર્ડન દ્વારા નોકરી છોડી જવાના ઉચ્ચ પ્રમાણમાં ફાળો આપે છે. માત્ર ૧૬% વોર્ડન તેમના પરિવારો સાથે રહી શકે છે, જ્યારે મોટાભાગના એકલા રહે છે, જે અસંતોષ અને નોકરી છોડી જવા તરફ દોરી જાય છે. રિપોર્ટ દર્શાવે છે કે, ફરજિયાત હોવા છતાં માત્ર ૮૩% KGBV વિદ્યાર્થીઓને મફત સેનિટરી નેપકિન્સ આપે છે. વધુમાં માત્ર ૫૦% KGBV પાસે સેનિટરી નેપકીન વેન્ડિંગ મશીનો છે અને તેમાંથી માત્ર ૬૧% જ કાર્યરત છે. અપૂરતી સેનિટરી સુવિધાઓ વિદ્યાર્થીઓના આરોગ્ય અને સ્વચ્છતાને અસર કરે છે. વધુમાં ઘણા કેજીબીવીમાં યોગ્ય ગટર, ડ્રેનેજ અને કચરાના નિકાલની વ્યવસ્થાનો અભાવ છે, જેના કારણે વારંવાર ગટરનો ભરાવો થાય છે અને કચરાના નિકાલની ગેરવ્યવસ્થા સર્જાય છે, જે આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે.

# ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર, દિલ્હીના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવતા સલમાન ખુરશીદ

## આરએસએસના ટેકાવાળા ઉમેદવાર ડૉ. મજીદ એહમદ તાલીકોટીને આપ્યો સજ્જડ પરાજય

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દેશની સૌથી પ્રતિષ્ઠિત ઈસ્લામિક સાંસ્કૃતિક સંસ્થા ઈન્ડિયા ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર (IICC) દિલ્હીના નવા પ્રમુખ તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના જાણીતા નેતા સલમાન ખુરશીદ ચૂંટાયેલા જાહેર થયા છે. આ પ્રતિષ્ઠિત હોદ્દાની ચૂંટણી માટે ૧૧મી ઓગસ્ટ રવિવારે મતદાન થયું હતું. આજે જાહેર થયેલા પરિણામથી આરએસએસને જબરો ફટકો પડ્યો છે કેમ કે સલમાન ખુરશીદે આરએસએસના ટેકાથી ઊભા રહેલા સંઘના મુસ્લિમ રાષ્ટ્રીય મંચના કન્વીનર અને જાણીતા કેન્સર નિષ્ણાત ડૉ. મજીદ એહમદ તાલીકોટીને સજ્જડ પરાજય આપ્યો હતો.

પ્રમુખ પદની ચૂંટણી માટે સાત ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં મુખ્ય સ્પર્ધા અને રસાકસી સલમાન ખુરશીદ તથા આરએસએસ ટેકાવાળા ઉમેદવાર કેન્સર સર્જન ડૉ. મજીદ એહમદ વચ્ચે હતી. આ સેન્ટરના પ્રમુખની ચૂંટણીમાં ૨૦૫૪ જેટલા સભ્યોએ મતદાન કર્યું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહસીના કિદવાઈ, કોંગ્રેસના નેતા કર્ણસિંઘ, ડૉ. ફારૂક અબ્દુલ્લા, ગુલામનબી આઝાદ, સાંસદ તારિક અનવર, જાણીતા પત્રકાર શાહીદ સિદ્દીકી સહિત અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓ આ ઈસ્લામિક સેન્ટરની સભ્ય છે. જેનું વડું મથક લોધી રોડ પર આવેલું છે.

મુસ્લિમોની આ સંસ્થામાં પગદંડો જમાવવા માટે આરએસએસ દ્વારા પોતાનો ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો. જેના કારણે ખૂબ જ ચણભણાટ પણ થયો હતો. સેન્ટરના અનેક સભ્યોએ સંઘના ઉમેદવાર સામે ખુલ્લો વિરોધ કર્યો હતો. એમની દલીલ એવી હતી કે, ઈસ્લામિક સેન્ટરમાં સંઘનો પ્રવેશ એ આ સંસ્થા જે હેતુથી રચાઈ છે, એ વિચાર માટે જ જોખમરૂપ છે અને અમંગળના એંધાણ છે. જોકે ચૂંટણીમાં બહુમતી સભ્યોએ સલમાનના નામ પર મંજૂરીની મ્હોર મારી દેતા ઈસ્લામિક સંસ્થાને કબજે કરવાના સંઘના પ્રયાસો પર પાણી ફરી વળ્યું છે.

આ સંસ્થાની ગવર્નિંગ બોડીની



વિજેતા સલમાન ખુરશીદ



પરાજીત ડૉ. મજીદ એહમદ

ચૂંટણીમાં જાણીતા ઉમેદવારો સલમાન ખુરશીદ, RSS મુસ્લિમ રાષ્ટ્રીય મંચના કન્વિનર કેન્સર સર્જન ડૉ.મજીદ એહમદ, IRSના નિવૃત્ત અધિકારી અબરાર એહમદ અને ઉદ્યોગપતિ આસિફ હબીબ વચ્ચે જંગ જામ્યો હતો પરંતુ ડૉ.મજીદનો મેદાનમાં પ્રવેશ થતાં હલચલ મચી હતી એમની ઉમેદવારી સામે સેન્ટરના સભ્યોમાં અજંપો જાગ્યો હતો એમની ઉમેદવારીને એ દૃષ્ટિએ બંધારણ મુજબ ૭૫ વર્ષની વયે જે વ્યક્તિની થઈ ગઈ હોય એ સેન્ટરમાં ઉમેદવારી કરી શકે નહીં કે, હોદ્દો મેળવી શકે નહીં. આ નિયમને કારણે એક તબક્કે સલમાન ખુરશીદની ઉમેદવારી પર વાદળો ઘેરાયા હતા કેમ કે ત્રણ વર્ષ પછી એમની ઉંમર ૭૫ વર્ષની થઈ જશે. જેના કારણે ત્રણ વર્ષ પછી ફરીથી ચૂંટણી કરવી પડે તેવી સ્થિતિ છે. જો કે મોટાભાગના

## ઈસ્લામી સંસ્કૃતિ અને તાલિમ માટે રચાયેલી સંસ્થાને કબજે કરવાના RSSના પ્રયાસો નિષ્ફળ : પ્રખર ધારાશાસ્ત્રીના આગમનથી સમાજમાં ખુશહાલી

જોવામાં આવતી હતી કે, સંઘ પરિવાર મુસ્લિમ સંસ્થાનો કબજો લેવા માંગે છે અને ઘૂસ મારવાની કોશિસમાં છે દર પાંચ વર્ષે IICCના મેનેજમેન્ટની ચૂંટણી થાય છે, પ્રમુખ-ઉપપ્રમુખ, ટ્રસ્ટી મંડળના સાત સભ્યો અને કારોબારીના ચાર સભ્યો માટે નવું બોર્ડ રચવા મતદાર થયું હતું. જેના પરિણામો જાહેર થતાં સંઘને આંચકો લાગ્યો છે. છેલ્લી ચાર મુદતથી પ્રમુખ તરીકે જાણીતા ઉદ્યોગપતિ સિરાજુદ્દીન કુરેશી ચૂંટાતા રહ્યા હતા. તેમણે સંઘ પરિવારવાળા ઉમેદવાર તાલીકોટીને ટેકો જાહેર કર્યો હતો. તેઓ ડૉ.તાલીકોટીની પેનલ તરફથી ટ્રસ્ટી તરીકે પણ ચૂંટણી લડી રહ્યા છે. કુરેશીની મદદને કારણે જ ડૉ.તાલીકોટી ઉમેદવારી થઈ શકી હતી. કુલ સાત ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થઈ હતી. પણ મુખ્ય સંઘર્ષ સલમાન ખુરશીદ, ડૉ.મજીદ એહમદ, અબરાર એહમદ અને આસિફ હબીબ વચ્ચે જામ્યો હતો. IICCના સભ્યો ચૂંટણી ટાળવા માંગે છે. મુસ્લિમ રાષ્ટ્રીય મંચની સ્થાપના ૨૦૦૨માં આરએસએસના તત્કાલિન વડા કે.એસ.સુદર્શનના સમર્થનથી થઈ હતી. આરએસએસના સક્રિય સભ્યો સિનિયર પ્રચારક ઈંદ્રેશકુમાર માર્ગદર્શન હેઠળ મુસ્લિમ રાષ્ટ્રીય મંચમાં પણ સંઘની વિચાર ધારાનો વિશ્વભરમાં પ્રચાર કરવામાં આવે છે. સંઘની નીતિ-રીતિઓની જેમ જ આ મંચ કામ કરે છે અને સંઘની પ્રવૃત્તિઓને વેગ આપે છે. યુપીમાં કાવડ યાત્રા દરમ્યાન તમામ દુકાનદારોને એમના નામની પ્લેટ લગાડવા યુપી સરકારે આદેશ આપ્યો ત્યારે મુસ્લિમ મંચે ટેકો આપ્યો હતો.

પ્રો.શમ્સુલ ઈસ્લામ કહે છે કે, આરએસએસ અધિકારી તરીકે ૪૩ સંસ્થાઓ ઉભી કરી ચૂકયો છે. જેમાં બજરંગદળ, વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ જાગરણ મંચ મુખ્ય છે. આ તમામ સંઘઠનો હિન્દુ રાષ્ટ્રની રચના તથા મુસ્લિમોની હકાલપટ્ટીની પ્રખર હિમાયત કરતા રહે છે. મુસ્લિમ રાષ્ટ્રીય મંચ પણ સંઘની સંસ્થાઓનો ભાગ છે. એટલે જ સંઘના પ્રચારક ઈન્દ્રેશકુમાર મંચમાં ૧૦થી ૧૨ જેટલા મુસ્લિમ બૌદ્ધિકોને લઈ આવ્યા છે. એમાના ઘણાને વાઈસ ચાન્સેલર, ચાન્સેલર અને ગવર્નર પણ બનાવવામાં આવ્યા છે. આવા મુસ્લિમ બૌદ્ધિકો પોતાની જાત લાભ ખાટવા સંઘમાં જોડાતા હોય છે.

પ્રો.કહે છે કે, લોધી રોડ પર આવેલું ઈસ્લામી સેન્ટર પહેલેથી જ સંઘના પ્રભાવ હેઠળ છે. અને તેની વગ હેઠળ જ કામ કરે છે. તેના કાર્યક્રમોમાં અવાર-નવાર અજીત દવાલ અને ઈન્દ્રેશકુમારને બોલાવવામાં આવે છે. એટલે આ સેન્ટરના હાલ પણ વકફ બોર્ડ જેવા થયા છે. પરાજીત થયેલા ડૉ.તાલીકોટી કર્ણાટકના રહેવાસી છે. પણ તેમનો પ્રચાર કામ લાગ્યો નથી. બીજા એક ઉમેદવાર જે અગાઉ સંઘના મંચ સાથે હતા ડૉ.ગુલરેજ શેખ જણાવે છે કે, મુસ્લિમ મંચ સંઘની વિચારધારા સાથે સંકડાયેલ છે. એ સામાજિક સંસ્થા છે. તેના સભ્યો રાજકીય રીતે સક્રિય નથી. જો કે આસિફ હબીબ એવું કહે છે કે, સંઘના ઘણા લોકો એવું કહેતા રહે છે કે, મુસ્લિમો ભારત માટે સાર નથી. હકીકત સંઘનો આ ખયાલ ખોટો છે. અહીં જ ઈસ્લામી સેન્ટર ભૂમિકા મહત્ત્વની બને છે. જો કોઈને ઈસ્લામ વિશે સાચી માહિતી ન હોય તો સંવાદ અને વિચાર વિનિમય કરીને એ વાત સ્પષ્ટ કરવી જોઈએ. ટ્રસ્ટી તરીકે ચૂંટણી લડતા ખ્વાજા શાહીદ કહે છે કે, સંઘની એન્ટ્રી આ સંસ્થા માટે ખતરારૂપ ગણાય અને તેવું અસ્તિત્વ ખતરામાં આવી જાય કેમ કે, ચોક્કસ વિચારધારા ધરાવતા રાજકીય જૂથો ઈસ્લામી સેન્ટર કબજે કરવા મંથી રહ્યા છે. હકીકત આ સંસ્થાની સ્થાપના ઈસ્લામી સંસ્કૃતિ, વારસો અને ઈસ્લામી સંસ્થાને વેગ આપવાનો રહ્યો છે. મુસ્લિમ સમાજના પ્રખર મહાનુભાવો જસ્ટીસ હિદાયતુલ્લાહ અન્સારી અને બદરૂદ્દીન તૈયબજીએ ઈસ્લામીક સેન્ટરની સ્થાપના કરી હતી અને ૧૯૮૪માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના હસ્તે શિલાન્યાસ વિધિ થઈ હતી.

# ED : TMC સાંસદ સાકેત ગોખલે સામે મની લોન્ડરિંગના આરોપો

(એજન્સી) તા.૧૩

EDએ જણાવ્યું હતું કે વિશેષ અદાલતે CrPCની કલમ ૩૦૯ હેઠળ સાકેત ગોખલેની અરજી પણ ફગાવી દીધી હતી, જેમાં PMLA કાર્યવાહીને સ્થગિત કરવાની માંગ કરવામાં આવી હતી.

ગુજરાતના અમદાવાદમાં એક વિશેષ PMLA કોર્ટે તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તા સાકેત ગોખલે વિરૂદ્ધ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ફોજદારી આરોપો ઘડ્યા છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે X (અગાઉ ટ્વિટર) પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, "માનનીય પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, અમદાવાદ (ગ્રામ્ય) અને ડેઝિગ્નેટેડ સ્પેશિયલ કોર્ટ (PMLA), અમદાવાદે આજે એટલે કે ૧૩.૦૮.૨૦૨૪ના રોજ સાકેત ગોખલે, એમપી, રાજ્યસભા અને અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાષ્ટ્રીય પ્રવક્તા સામે ED દ્વારા દાખલ કરાયેલ પ્રોસિક્યુશન ફરિયાદમાં PMLA, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ ફોજદારી આરોપો ઘડ્યા છે. પોલીસ કેસમાં અનુસૂચિત અપરાધ માટે તેની સામે આરોપો પણ ઘડવામાં આવ્યા હતા,"

EDએ જણાવ્યું હતું કે, વિશેષ અદાલતે CrPCની કલમ ૩૦૯ હેઠળ ગોખલેની અરજીને પણ ફગાવી દીધી હતી, જેમાં PMLA, ૨૦૦૨ની કાર્યવાહી જ્યાં સુધી કોર્ટ તેમની સામે નિર્ધારિત ગુનાના કેસનો નિર્ણય ન કરે ત્યાં સુધી સ્થગિત કરવાની માંગ કરી હતી.

રાજ્ય પોલીસે ડિસેમ્બર ૨૦૨૨માં ક્રાઉડફંડિંગ દ્વારા એકત્ર કરાયેલા નાણાંનો દુરૂપયોગ કરવા બદલ સાકેત ગોખલેની દિલ્હીમાં ધરપકડ કરી હતી. EDએ કોર્ટને જણાવ્યું હતું કે "ગોખલે દ્વારા ક્રાઉડફંડિંગ દ્વારા એકત્રિત કરવામાં આવેલી મોટી રકમ સટ્ટાકીય શેર ટ્રેડિંગ, જમવાનું અને અન્ય વ્યક્તિગત ખર્ચાઓ પર ઉડાવવામાં આવી છે, જે પ્રકૃતિમાં ઉડાઉ હોવાનું જણાય છે." જોકે, ગોખલેએ ભંડોળના કોઈપણ દુરુપયોગનો ઈન્કાર કર્યો હતો.

જો કે, કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં સ્પેશિયલ કોર્ટે ગયા વર્ષના મે મહિનામાં ગોખલેને નિયમિત જામીન આપ્યા હતા.

સાકેત ગોખલે સામે માનહાનિનો કેસ

અગાઉ જુલાઈમાં, દિલ્હી હાઈકોર્ટે સાકેત ગોખલેને બદનક્ષી બદલ કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીની પત્ની લક્ષ્મી પુરીને ?૫૦ લાખનું નુકસાન ચૂકવવાનો આદેશ આપ્યો હતો. લક્ષ્મી પુરીએ સોશિયલ મીડિયા પર હાનિકારક નિવેદનો કરવા બદલ ગોખલે વિરૂદ્ધ માનહાનિનો દાવો દાખલ કર્યા પછી આ આવ્યું છે.

આ મામલો ગોખલેના શ્રેણીબદ્ધ ટ્વીટ્સ અને જાહેર નિવેદનોથી ઉભો થયો હતો કે લક્ષ્મી પુરીએ દાવો કર્યો હતો કે તેઓ ખોટા અને તેમની પ્રતિષ્ઠાને નુકસાનકારક છે. આ નિવેદનો કથિત રીતે તેમના નાણાકીય વ્યવહારો અને જાહેર આચરણને લગતા હતા, જેના કારણે તેમની પ્રતિષ્ઠાને નોંધપાત્ર હાનિ પહોંચી હતી અને નુકસાન થયું હતું.


**PUBLIC NOTICE**

OUR CLIENT SHRI Rahulkumar chudasama AGED 36 SON OF Anirudhsinh chudasama IS AN INVESTOR IN VARIOUS BUSINESS. AS AN INVESTOR, OUR CLIENT WAS A DIRECTOR IN PRIZAM ALLIANCE PVT LTD, HAVING OFFICE AT vivanta icon l.p savani road adajan surat

SINCE OUR CLIENT HAS NO ROLE TO PLAY IN THE DAY TO DAY BUSINESS OF PRIZAM ALLIANCE PVT LTD, OUR CLIENT HAS RESIGNED FROM THE DIRECTORSHIP OF THE COMPANY FROM 22-12- 2023 AND THE RESIGNATION WAS ACCEPTED BY THE COMPANY AND DULY FILED IN THE REGISTRAR OF COMPANIES BY 10-04-2024.

OUR CLIENT WISHES TO CONFIRM TO WHOMSOEVER IT MAY CONCERN, THAT HE HAS NO CONNECTION WITH THE ABOVE COMPANY AND IS NOT ANSWERABLE FOR ANY ACTS OF THE ABOVE COMPANY IN THE PAST, PRESENT AND IN THE FUTURE.

### વિદેશમાં તથા અન્યત્ર રહી ગુલ્લી મારતા શિક્ષકો સામે સરકાર દ્વારા તવાઈ

# રાજ્યની વિવિધ શાળાઓમાં લાંબા સમયથી ગેરહાજર રહેતા ૧૩૪ શિક્ષકો સસ્પેન્ડ

## બનાસકાંઠાના સૌથી વધુ ૧૮ શિક્ષકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના ઘણી શાળાઓમાં કેટલાક શિક્ષકો સતત ગેરહાજર રહેતા હોવાની ફરિયાદો ઊઠી હતી. ઘણા એવા શિક્ષકો મળ્યા હતા કે જેઓ શાળાઓમાં ચાલુ નોકરીએ વિદેશમાં વસવાટ કરી રહ્યા છે. તાજેતરમાં બનાસકાઠાંમાં એક શિક્ષકનો કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ સરકારે તમામ શાળાઓમાં તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન અનેક શિક્ષકોની પોલંપોલ ખૂલી ગઈ હતી.

ભારે હોબાળો થતાં શિક્ષણ વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી રાજ્યભરમાં ગેરહાજર શિક્ષકોને બરતરફ કરવા સહિતના નિર્ણય લીધા છે. રાજ્યના ૧૩૪ ગેરહાજર રહેતા શિક્ષકોને બરતરફ કરાયા હોવાની સૂત્રો દ્વારા વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

શિક્ષણ વિભાગને મળેલી માહિતીના આધારે ગુજરાતમાં ગેરહાજર શિક્ષકોને બરતરફ કરવાના કડક પગલા લેવામાં આવ્યા છે. રાજ્યના ૧૩૪ ગેરહાજર રહેતા શિક્ષકોને બરતરફ કરાયા છે. નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૬૦ શિક્ષકો વિદેશ પ્રવાસે હોવાનો ખુલાસો થયો છે. જેમાં વિદેશ પ્રવાસે ગયેલા શિક્ષકોમાંથી ૪૪ને નોટીસ પાઠવવામાં આવી છે. નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૩ શિક્ષકોને બરતરફ તો ૩ના રાજીનામા સ્વીકારાયા છે. બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા ૭૦માંથી ૫૮ શિક્ષકોને નોટીસ પાઠવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા ૨૦૧૯થી ૨૦૨૨ દરમ્યાન રાજ્યના ૩૯ વિસ્તારમાં ગેરહાજર રહેતા ૧૩૪ શિક્ષકોને સસ્પેન્ડ કરાયા છે. સરકારે બે વર્ષે ડેટા જાહેર કર્યો છે. જેમાં સૌથી વધુ બનાસકાંઠામાં ૧૮ને સસ્પેન્ડ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૧૭ જિલ્લાઓના ૩૧ શિક્ષકો વિદેશ ભાગી ગયા હોવાનો ખુલાસો થયો હતો. આ આંકડો તો સરકારી છે. રાજ્યમાં ભૂતિયા શિક્ષકોનો જાણે રાફડો ફાટ્યો હોય એવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે, હવે આવા શિક્ષકો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે સરકારે પણ કમર કસી છે. બીજી તરફ અમેરિકાથી એક શિક્ષિકાએ વીડિયો મેસેજ કરીને એક ખુલાસો કર્યો છે જે બાદ સમગ્ર મામલે નવો વળાંક આવ્યો છે.

સરકારી આંકડા પ્રમાણે ૧૭ જિલ્લાઓના ૩૨ શિક્ષકો વિદેશ ભાગી ગયા.. ત્યારે આ શિક્ષકોને છાવરતા અધિકારીઓ સામે પણ શિક્ષણ વિભાગ પગલા લેવાની તૈયારી કરી રહ્યું છે. તમામ જિલ્લાની માહિતી એકઠી કરીને સરકાર એક્શન લેશે. આ બાબતે શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે ગેરહાજર રહેનારા એક પણ શિક્ષકને સરકાર પગાર નથી ચૂકવતી. માનવતાના અભિગમથી કર્મચારીઓને બે, ત્રણ કે છ મહિનાની રજા અપાતી હોય છે. ત્યારે હકનો દુરૂપયોગ અટકે તે માટેની છટકબારીમાં શું સુધારો થઈ શકે તે અંગે સરકાર ચર્ચા વિચારણા કરશે. તો બીજી તરફ ભૂતિયા શિક્ષકોને લઈને હવે કોંગ્રેસ પણ સરકાર પર આક્રામક છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ ભૂતિયા શિક્ષકોને લઈને સરકાર પર ગંભીર પ્રહાર કર્યા હતા. મનીષ દોશીએ કહ્યું કે, ગેરહાજર શિક્ષકોની તપાસ કરવામાં પણ સરકારની લાલિયાવાડી જોવા મળી રહી છે. તો બીજી તરફ બનાસકાંઠાના દાંતાના પાન્છા પ્રાથમિક શાળામાં ભૂતિયા શિક્ષિકા કેસમાં નવો વળાંક સામે આવ્યો છે.. પરદેશમાં રહેતા શિક્ષિકા ભાવનાબેન પટેલે વીડિયો વાયરલ કરી ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો કર્યા છે. શિક્ષિકા ભાવના પટેલના દાવા બાદ દાંતાના TPOનું મોટુ નિવેદન સામે આવ્યું છે.. TPOએ કહ્યું છે કે શિક્ષિકા ભાવનાબેનના રજા રિપોર્ટમાં NOC એટેચ નથી. જિલ્લા પંચાયત તરફથી મળતી NOC ભાવનાબેનના રજા રિપોર્ટમાં નથી. જોકે, આ બધા વચ્ચે બનાસકાંઠાના અંબાજીના મગવાસમાંથી વધુ એક ભૂતિયા શિક્ષકનો પર્દાફાશ થયો. મગવાસ શાળાના ગણિત અને વિજ્ઞાનના શિક્ષક છેલ્લા ૧ વર્ષથી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. જય ચૌહાણ નામનો શિક્ષક એક મહિનાની નોકરી બાદ ક્યારેય શાળાએ હાજર થયો જ નથી. આ તમામ ઘટનાઓ વચ્ચે શિક્ષણ વિભાગે બિનઅધિકૃત રીતે શાળામાં ગેરહાજર રહેનારા શિક્ષકો સામે કાર્યવાહી કરવાનું જાણાવ્યું છે. જેમાં ગેરહાજર રહેનારા શિક્ષકો સામે કાયદાકીય પગલા લેવાનો નિર્ણય કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

### ગુજરાત ટુડેના પ્રચંડ હિમાયતી

# પ્રખર માનવતાવાદી-કેળવણીકાર પીરે તરીકત સૈયદ દાદાબાપુની ફાની દુનિયાને અલવિદા

## આજીવન સેવાના ભેખધારી-નિઃસ્વાર્થ-નિર્વિવાદ એવા દાદાબાપુની ચીરવિદાયથી લાખો અનુયાયીઓ-ચાહકોમાં ઘેરા શોકની લાગણી

અમદાવાદ,તા.૧૩

પ્રખર માનવતાવાદી અને સમાજનો ઉત્કર્ષ જ જેમનો મુખ્ય હેતુ હતો એવા હરદિલ અઝીઝ પીરે તરીકત સૈયદ મુહમ્મદ દાદાબાપુ કાદરી છેવટે આ ફાની દુનિયાને અલવિદા કહી ગયા છે. સૈયદ દાદાબાપુએ પરદો કર્યાના સમાચાર વાયુવેગે સર્વત્ર પ્રસરી જતાં સમસ્ત મુસ્લિમ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને તેમના હજારો અનુયાયીઓએ આજે રાત્રિથી જ તેમના વતન સાવરકુંડલાની વાટ પકડી હતી અને આ લખાય છે ત્યારે સાવરકુંડલા ગામ દાદાબાપુના મુરીદો-ચાહકોથી સતત ઉભરાઈ રહ્યું છે. સવારે એમની દફનવિધિ થવાની છે એવા સમાચાર મળતા જ મોટી સંખ્યામાં માનવમહેરામણ સાવરકુંડલા ખાતે ઉમટી પડયો છે. દીન દુખિયાઓ માટે સતત કાર્યરત , ગુજરાત ટુડે દૈનિકના નખશિખ હિમાયતી, માનવતાની જીવતી જાગતિ મિશાલ સમા આજીવન નિસ્વાર્થ ભાવે સેવાને વરેલી, માનવતાના અસ્ખલિત ઝરણા સમા તેમજ વ્યસનમુકિત જેવી સામાજિક ચળવળના મશાલચી અને લાખો લોકોના હૃદયમાં ઉચ્ચ સ્થાને બિરાજમાન પીરે તરીકત સૈયદ મોહમ્મદ દાદાબાપુ કાદરી છેલ્લા કેટલાક સમયથી બિમાર હોઈ અમરેલી ખાતે સારવાર હેઠળ હતા. જે આજ રોજ આ ફાની દુનિયા છોડી અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. દાદાબાપુની આ વસમી વિદાયથી સમગ્ર રાજ્ય અને સૌરાષ્ટ્ર સહિત સાવરકુંડલા અને તેમના ભારતભરમાં રહેલા વિશાળ અનુયાયીઓ ઘેરા શોકમાં સરી પડયા હતા.માત્ર મુસ્લિમો જ નહીં પરંતુ હિંદુ બિરાદરોમાં પણ સંત તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા દાદાબાપુએ દીની અને દુન્યવી નેક કામોમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. દીની ક્ષેત્રે એમણે સેંકડો મસ્જિદો અને મદ્રેસાઓનું નિર્માણ મોટા શહેરોથી માંડીને નાના કસ્બાઓ અને છેક કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં પણ કર્યું હતું. તો બીજી તરફ સાવરકુંડલા ખાતે તેમજ અન્ય વિસ્તારોમાં દુન્યવી શિક્ષણના મોટા સંકુલની પણ સ્થાપના કરી હતી અને તેમના પ્રયાસોથી દીની-દુન્યવી ક્ષેત્રમાં હજારો તુલબાઓ-વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. શૈક્ષણિક ઈલ્મી ક્ષેત્રે ક્રાંતિકારી કાર્યો કરી જનારા પીરે તરીકત દાદાબાપુ ખૂબ જ સરળ સ્વભાવના નિખાલસ અને નિઃસ્પૃહ સેવાભાવી હતા. સત્કાર્યો પ્રત્યે તેઓ સમર્પિત હતા. સામાજિક ક્ષેત્રે પણ તેમણે ઘણા અમૂલ્ય કાર્યો કર્યા હતા. જેમાં વ્યસનમુકિત અભિયાન થકી સંખ્યાબંધ લોકોને નશાની બદીમાંથી છોડાવ્યા હતા અને સેંકડો પરિવારોની દશા સુધારી હતી. એટલું જ નહી પણ એમણે ઠેકઠેકાણે વિવિધ વિસ્તારોમાં સમાજમાં એક બીજાની પ્રત્યે પ્રવર્તતા મન દુઃખો- મતભેદો મિટાવ્યા હતા. અને અનેક પરિવારો લોકો વચ્ચે વરસોથી ચાલ્યા આવતા વેરઝેરને દૂર કર્યા હતા. સૈયદ બિરાદરી માટે ભારે સન્માન ધરાવતા દાદાબાપુ આજીવન નિર્વિવાદ રહ્યા હતા અને એમના કરતા એમના કાર્યો વધુ બોલતાં હતા અને આજે પણ એમના કાર્યો સર્વત્ર બોલી રહ્યા છે. રૂહાની પેશ્વા તરીકે તો તેઓ સદાય સમાજ માટે અગ્રેસર હતા જ પરંતુ સામાજિક ચળવળો અને જાગૃતિ બાબતે પણ તેમની વિશાળ દૃષ્ટિ હતી. એટલે જ દાદાબાપુ 'ગુજરાત ટુડે'ના ખૂબ જ મોટા ચાહક હતા અને ગુજરાત ટુડે દૈનિકના ફેલાવા માટે એમણે ખૂબ મહેનત કરીને ગામેગામ ઝુંબેશ ચલાવી હતી. 'ગુજરાત ટુડે' દૈનિક સમાજ માટે કેટલું અમૂલ્ય છે તેની વાત તેઓ જયાં જતાં ત્યાં ખાસ કરતા અને એના માટે પોતે ગુજરાત ટુડે અખબાર હાથમાં લઈને ફરતા હતા. આવા માનવતાવાદી રાહબર સૈયદ દાદાબાપુના જવાથી કોમને-સમાજને- માનવતાને ન પૂરી શકાય એવી ખોટ પડી છે. આપણે સૌ દુઆ ગુજારીએ કે પાક પરવરદિગાર મર્હૂમ સૈયદ દાદાબાપુને જન્નતુલ ફિરદોસમાં આલા મુકામ અતા કરે અને એમના પરિવારજનો તેમજ એમના હજારો અનુયાયીઓને સબ્રે જમીલ અતા કરે-આમીન



ગુજરાત ટુડેની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ એવા પીરે તરીકત સૈયદ દાદાબાપુ ગુજરાત ટુડેના અમદાવાદ સ્થિત મુખ્ય કાર્યાલયની મુલાકાતે સમયાંતરે આવતા રહેતા હતા....એમની આવી જ એક મુલાકાત વેળાની ફાઈલ તસવીર

### કર્મચારીઓની રજૂઆત બાદ તેમના હિતમાં મુખ્યમંત્રીએ લીધો નિર્ણય

# રાજ્ય સરકારના લાખો કર્મચારીઓ હવેથી વંદે ભારત ટ્રેનમાં LTCનો લાભ લઈ શકશે

## સરકારી કર્મચારીઓને દર ચાર વર્ષે મળે છે LTC/વતન પ્રવાસનો લાભ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલ.ટી.સી/વતન પ્રવાસનો લાભ ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા આવા પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે. ભારતીય રેલવે દ્વારા છેલ્લા થોડાક વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારનાં કર્મચારીઓ દ્વારા તેમને મળતા આવી રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના વ્યાપક હિતમાં આ સંદર્ભમાં ઉદાર વલણ અપનાવીને એલ.ટી.સી. બ્લોક-૨૦૨૦-૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત દરમ્યાન આ નિર્ણયનો લાભ મળશે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં નાણા વિભાગ દ્વારા આ અંગેના ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવશે.

### આદિવાસી મ્યુઝિયમ હત્યાકાંડના મૃતકોના શ્રદ્ધાંજલિના કાર્યક્રમને તંત્ર દ્વારા મંજૂરી ન અપાઈ

# નર્મદામાં લોખંડી બંદોબસ્ત વચ્ચે ચૈતર વસાવા, અનંત પટેલ અને સુખરામ રાઠવા નજરકેદ

## સામાજિક કાર્યક્રમ હોવા છતાં પોલીસ અમારી સાથે કિન્નાખોરીથી કાર્યવાહી કરી રહી છે : ચૈતર વસાવા

રાજપીપળા, તા.૧૩

ગરૂડેશ્વરના આદિવાસી મ્યુઝિયમ ખાતે હત્યાકાંડના યુવકોએ શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમને લઈને નર્મદા જિલ્લા સહિત આદિવાસી વિસ્તારોમાં દુઃખની લાગણી સાથે ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યો છે. આજના શ્રદ્ધાંજલિ કાર્યક્રમ ટાણે નર્મદા જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. ૧૩ ઓગસ્ટના રોજ કેવડીયા ખાતે મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ચૈતર વસાવા અને અનંત પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમાં સમગ્ર આદિવાસી સમાજના લોકોને આહવાન કર્યું હતું. જેમાં નર્મદા સહિત રાજ્યના અલગ અલગ વિસ્તારમાંથી આદિવાસી સમાજના આગેવાનો ત્યાં હાજરી આપનાર હતા. જોકે મૃતકોના પરિવારના સભ્ય આ કાર્યક્રમમાં હાજરી આપવાના નથી. તેમજ આ કાર્યક્રમમાં કોઈપણ અઘટિત ઘટના બને કે નુકસાન થાય તો તેની જવાબદારી મૃતકોના પરિવારની રહેશે નહીં એ નિવેદનવાળા બંને મૃતકોના પિતાનો વીડિયો વાયરલ થતાં નવો વળાંક આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાતના કયા કયા જિલ્લાના આગેવાનો હાજરી આપનાર છે અને કેટલી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે તે અંગેની વિસ્તૃત માહિતી પોલીસને આપવામાં આવી નહોતી. આ મુદ્દાઓને ધ્યાને લઈને નર્મદા પોલીસ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ અને રેલી માટે મંજૂરી આપવામાં આવી ન હતી. તેમ છતાં નર્મદા, ભરૂચ, વલસાડ, તાપી, નવસારી, સુરત, દાહોદ, છોટાઉદેપુર જિલ્લા સહિત આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં લોકો મૃતક યુવકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કેવડિયા ખાતે જવા માટે વહેલી સવારથી નીકળી પડ્યા હતા. જેથી પોલીસે કેવડીયા જવાના તમામ રસ્તા ઉપર બેરીકેટ કરી તેમની અટકાયત કરવામાં આવી હતી. ત્યારે પૂર્વ ધારાસભ્ય પી.ડી.વસાવા તથા આદિવાસી આગેવાન ડૉ. પ્રફુલ વસાવા સહિત અન્ય આદિવાસી આગેવાનોને કેવડિયા જતા અટકાવી તેમને પણ ડીટેન કરવામાં આવ્યા હતા, જ્યારે કેવડીયા આવવા નીકળેલા ધારાસભ્ય ચૈતર વસાવાને પોલીસે ડેડીયાપાડા ખાતે અટકાવી ઘરે પરત મોકલી તેમને તેમના જ ઘરે નજર કેદ કરવામાં આવ્યા હતા. જે માટે નર્મદા જિલ્લા સહિત આદિવાસી વિસ્તારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ બાબતે ચૈતર વસાવાએ પોલીસ સમક્ષ રજૂઆત કરી જણાવ્યું હતું કે, સામાજિક કાર્યક્રમ હોવા છતાં પોલીસ અમારી સાથે કિન્નાખોરીથી કાર્યવાહી કરી રહી છે, આદિવાસી સમાજ એક થાય અને પ્રગતિ કરે એ સમાજના જ કેટલાક નેતાઓ ઈચ્છતા નથી અને રાજનીતિ કરે છે એ આદિવાસી સમાજ માટે દુઃખની વાત છે. ત્યારે સાંસદ મનસુખ વસાવા દ્વારા સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટ કરી પોતાની પ્રતિક્રિયા આપી જણાવ્યું હતું કે, ચૈતર વસાવાના કેવડિયાના કાર્યક્રમને મારૂ કોઈપણ પ્રકારનું સમર્થન નથી. કેવડિયા ખાતે ચૈતર વસાવા દ્વારા જે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તેમાં હું ઉપસ્થિત રહેવાનો નથી. મારી કાર્યક્રમ વિશેની કોઈપણ પ્રકારની વાતચીત ચૈતર વસાવા, દર્શનાબેન દેશમુખ કે ઘનશ્યામભાઈ પટેલ સાથે થઈ નથી. એ લોકોની વાતચીત થઈ હોય તો તેઓ જાણે ૧૩ ઓગસ્ટના કાર્યક્રમ સંદર્ભમાં મને કોઈ જાણ કરી નથી. અને ખરેખર ચૈતર વસાવા અને તેમનો પક્ષ માત્રને માત્ર રાજકીય એજન્ડા સેટ કરવા માટે આદિવાસી ભાઈઓ-બહેનોને ઉશ્કેરીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આદિવાસી યુવકોના હત્યાકાંડનો આ મામલો દિવસેને દિવસે વધુ વણસતો જોવા મળી રહ્યો છે. આગળ આ મામલામાં કયો નવો વળાંક આવશે તે તો આવનાર સમયમાં જોવું રહ્યું.



ચૈતર વસાવા અને તેમનો પક્ષ માત્ર રાજકીય એજન્ડા સેટ કરવા માટે આદિવાસી ભાઈઓ-બહેનોને ઉશ્કેરીને ગેરમાર્ગે દોરી રહ્યા છે : સાંસદ મનસુખ વસાવા

# સાબરમતી જેલ સુરંગકાંડમાં બે આરોપીઓને ગુજરાત હાઈકોર્ટે આપ્યા શરતી જામીન

## સુરંગકાંડના બન્ને આરોપીઓ બોમ્બ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ છૂટ્યા હતા

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના આરોપીઓ સાબરમતી જેલમાં હતા એ દરમિયાન સાબરમતી સેન્ટ્રલ જેલમાં સુરંગકાંડ થયો હતો. જેમાં ૧૧ ઓક્ટોબર ૨૦૧૨થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૩ દરમિયાન કેદીઓએ સુરંગ ખોદી હતી. સુરંગકાંડમાં ૨૦૦૮ના અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના આરોપીઓ સામેલ હતા. બોમ્બ બ્લાસ્ટના કેસમાં નિર્દોષ છૂટેલા બે આરોપીઓને ગુજરાત હાઈકોર્ટે જામીન આપ્યા છે. ૨ આરોપીને ૧૨ વર્ષે જામીન મળ્યાં છે. અગાઉ અમદાવાદ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીઓના જામીન ફગાવી દીધા હતા. ૨૦૧૩માં અમદાવાદના રાણીપ પોલીસ મથકે અમદાવાદ સેન્ટ્રલ જેલમાં સુરંગ ખોદવા બદલ અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ સામે IPCની કલમ ૧૩૦, ૨૨૪, ૧૨૦B અને પ્રિઝન્સ એક્ટની કલમ ૪૨ તેમજ ૪૫ મુજબ ગુનો નોંધાયો હતો. આ આરોપીઓ પૈકી બે આરોપીઓ જેઓ બોમ્બ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ છૂટ્યા હતા, તેવા નદીમ સૈયદ અને નાસીર અહેમદ પટેલે એડવોકેટ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેને ૧૦ હજારના બોન્ડ ઉપર શરતો સાથે કોર્ટે મંજૂર કરી હતી. કેસને વિગતે જોતા વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. જેના આરોપીઓને અમદાવાદની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા. તેઓ વર્ષ ૨૦૦૮થી સેન્ટ્રલ જેલમાં બંધ હતા. ટ્રાયલ દરમિયાન તેમણે કોર્ટમાં હાજર ન કરીને વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર કરવામાં આવતા હતા. જે દરમિયાન તેમને એક સ્થળે ભેગા કરવામાં આવતા હતા, તેમજ જેલ રૂમમાં પણ સરળતાથી અવરજવર થતી હતી. આ દરમિયાન અમદાવાદની સાબરમતી જેલમાં આવેલા છોટા ચક્કર પાસે સુરંગ બનાવી હતી. હાઈકોર્ટે આરોપીને જામીન આપતા નોંધ્યું હતું કે, આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે, ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે અને ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. વળી સહ આરોપીઓને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. ત્યારે હાઈકોર્ટે પણ બંને આરોપીઓને જામીન આપ્યા હતા. જેલ અધિકારીને મળ્યા પહેલાં ૧૧ ઓક્ટોબર ૨૦૧૨થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૩ની વચ્ચે કેદીઓએ સુરંગ ખોદી હતી. કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે, આ દરમિયાન અધિકારીઓને જાણવા મળ્યું હતું કે એક મોટા ઝાડની પાછળ પાણીની ટાંકીની નજીક એક મોટી ટનલ ખોદવામાં આવી હતી જે લગભગ છ ફૂટ ઊંડી અને લગભગ ૧૯૬ ફૂટ લાંબી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, સેશન્સ કોર્ટે ટેક્નિકલ બાબતોમાં જવાનું ટાળવું જોઈતું હતું અને કેદીઓ સામે પ્રથમદર્શી કેસ છે કે નહીં તે જ ધ્યાનમાં લેવું જોઈતું હતું.

## અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રાનો અમિત શાહે કરાવ્યો પ્રારંભ



સરકારી તંત્ર તથા અમદાવાદ મ્યુનિસિપાલ કોર્પોરેશન દ્વારા આયોજિત તિરંગા યાત્રાનો અમદાવાદ શહેરમાં ભવ્ય આયોજન થયું હતું. જેનો પ્રારંભ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કરાવ્યો હતો. તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા અન્ય મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિરાટનગર માર્ગથી શરૂ થયેલ વિશાળ તિરંગા યાત્રા કેસરીનંદન ચોકથી બેટી બચાવો સર્કલ થઈ અંતે ખોડિયાર મંદિરે પૂર્ણ થઈ હતી.

# સુપ્રીમ કોર્ટે આપી મંજૂરી : ગુજરાત હાઈકોર્ટને મળશે ત્રણ નવા ન્યાયાધીશ

## સંજીવ ઠાકર, ડી.એન.રે અને મૌલિક શેલતની નવા ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂંક માટે સુપ્રીમકોર્ટની કોલેજીયમે ભલામણ કરી છે. તેમાં સંજીવ જયેન્દ્ર ઠાકર, દિપ્તેન્દ્ર નારાયણ રે (ડી.એન.રે) અને મૌલિક જીતેન્દ્ર શેલતનો સમાવેશ થાય છે. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બી.આર.ગવઈની કોલેજીયમે ગુજરાત હાઈકોર્ટના બે અને સુપ્રીમકોર્ટના એક એડવોકેટ મળી કુલ ત્રણની ગુજરાત હાઈકોર્ટ જજ તરીકે નિયુક્ત કરવા ભલામણ કરી છે. જ્યારે અન્ય એક મહિલા વકીલ તેજલ વશીની દરખાસ્ત પુનઃ વિચારણા માટે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને મોકલી આપવામાં આવી છે. તે બાબતે જણાવવામાં આવ્યું છે કે તેણીની વ્યવસાયિક અને અંગત છાપ સારી છે અને તેમની પ્રતિબદ્ધતા વિશે કોઈ નકારાત્મક બાબત નથી પરંતુ ભવિષ્યમાં અન્ય લાયક ઉમેદવારો સાથે તેણી ના નામની વિચારણા કરવા માટે મોકલવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટના કોલેજીયમનાં નિર્ણયમાં જણાવવામાં આવ્યું છે કે સંજીવ જયેન્દ્ર ઠાકરને હાઈકોર્ટ જજ તરીકે નિયુક્ત કરવાના મુદ્દે ચારમાંથી ત્રણ જજીસને હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો, જ્યારે એક જજ દ્વારા અભિપ્રાય આપ્યો નહતો. ન્યાય મંત્રાલયની ફાઈલના તારણો મુજબ, સંજીવ ઠાકર સારુ વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેમણે સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી લઈ ડિસ્ટ્રીકટ કોર્ટ અને હાઈકોર્ટમાં પ્રેક્ટીસ કરી છે. તેમનો ૩૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ છે અને સંસ્થા પરત્વેની પ્રતિબધ્ધતા વિશે તેમની વિરૂધ્ધમાં કંઈ વાંધાજનક નથી. આ જ પ્રકારે ડી.એન.રે પણ સારૂં વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેઓ સુપ્રીમકોર્ટમાં પણ નિયમિત પ્રેકટીસ કરે છે અને તાજેતરમાં જ તેઓને સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ તરીકે સ્થાન મળ્યું છે. તેઓ જે કેસમાં અપીઅર થયા હોય તેવા ૫૮ ચુકાદા રિપોર્ટેડ થયા છે. આમ, તેઓ પણ યોગ્ય અને લાયક ઉમેદવાર છે. દરમ્યાન મૌલિક જીતેન્દ્ર શેલતના નામની પસંદગી મુદ્દે પણ ત્રણ જજોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જયારે એક જજે જણાવ્યું હતું કે, તેમણે વ્યકિતગત રીતે તેમનું પરફોર્મન્સ જોયુ નથી. ન્યાય મંત્રાલય તરફથી મળેલા ઈનપુટ્સ મુજબ, મૌલિક શેલત પણ સારૂં વ્યકિતત્વ અને છાપ ધરાવે છે. તેમની સંનિષ્ઠા પરત્વે પણ કંઈ વાંધાજનક નથી. આમ ઉપરોકત ત્રણેય વકીલોને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સાથે સલાહમસલત બાદ ઉપરોકત ત્રણ વકીલોને હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા બાબતની ભલામણ તા.૨૨-૧૨-૨૦૨૩ના રોજ સુપ્રીમકોર્ટને મોકલી આપી હતી. બાદમાં સુપ્રીમકોર્ટની કોલેજીયમે આ નામોને લઈ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલા મટીરીયલ્સ, દસ્તાવેજો સહિતની બાબતોની ચકાસણી કરાઈ હતી અને ન્યાય મંત્રાલય દ્વારા આ અંગેની ફાઈલમાં કરાયેલા તારણો પણ ધ્યાને લેવાયા હતા.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS